# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - RNI NO MAHBIL/2021/80571

Vol. No. 59 ❖ Issue : 9 ❖ Pages : 48 ❖ April 2024 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-




**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ સંચાલિત તથા**

**સમાજરત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત**

## શું આપણે સૌ 'સમાજ હિતેચ્છુઓ' છીએ ખરા ?

આપણે અનેકવિધ સંસ્થાઓના માધ્યમથી સંસ્થાના મુખિયા તરીકે સમાજ ઉત્કર્ષના અને વિકાસના કાર્યો કરવાના પ્રયત્ન કરીએ છીએ. સમાજને સબળ – સમૃદ્ધ – સશક્ત – સ્વાવલંબી બનાવવાના પ્રયત્નો કરીએ છીએ. પરંતુ ખરેખર આપણે સંપૂર્ણ 'સહિષ્ણુ' બની શક્યા છીએ ખરા ? આપણામાં રહેલી 'અસહિષ્ણુતા' ઓગળી ગઈ છે ખરી ? આ પ્રશ્નનો જવાબ આપણા સમાજના મોભીઓ પોતાની જાતને પૂછે તો અને તેનો સાચો જવાબ જડે તેને અપનાવી લે તો સમાજની કાયા પલટ થઈ જાય.

થોડા દિવસ પહેલા મને આ પ્રશ્ન સમાજના એક અદના કાર્યકર્તાએ પૂછ્યો, ''ભાઈ, તમો આપણા સમાજનાં શ્રેષ્ઠીઓને સાથે બેસાડી સમજાવી શકો એવું બની શકે ? કે સૌથી પ્રથમ સહિષ્ણુ બની જાય અને સમાજ હિત ખાતર'' 'ઈગોને' જો હોય તો ભૂલી જાય, સાથે–સાથે એ પણ પ્રશ્ન આવ્યો કે, 'ઝાલાવાડી સમાજ'ના મોભીઓ જો પોતાની વ્યક્તિગત વાત ભૂલી એકત્રિત બેસી પોતાની વાતને – પોતાના અંગત વિચારોને કોરાણે મૂકી દે તો આપણા ઝાલાવાડી સમાજની સોનેરી સવારનો પ્રારંભ થાય તેમાં બે મત નથી. માત્ર જરૂર છે 'વિચારભેદ' ને ભૂલી 'સમાજ ઉત્કર્ષ અને વિકાસ'ના કાર્યોનો પ્રારંભ કરવાની. આપણે સૌ સરખા છીએ. કોઈ મોટુ નથી, કોઈ નાનું નથી. માત્ર વ્યવસ્થા સાચવવા માટેજ કોઈકને 'પ્રમુખ' બનાવ્યા છે. કોઈકને 'ચેરમેન' બનાવ્યા છે. તો કોઈક ને 'ટ્રસ્ટી' બનાવ્યા છે. આ હોદ્દાઓ એ તો માત્ર સમાજ વ્યવસ્થાનો એકભાગ છે. આપણે પ્રમુખ બન્યા – મંત્રી બન્યા કે પછી ટ્રસ્ટી બન્યા એટલે આપણે સમાજના સર્વશ્રેષ્ઠ આગેવાનો છીએ, એવું માની લેવાનું જરૂર નથી. આપણે પરમકૃપાળુ પરમાત્માનો આભાર માનવા જોઈએ કે પૂર્વના પૂર્ણોદયે આપણને 'સેવા' કરવાનો અવસર પ્રાપ્ત થયો છે.

ઝાલાવાડી સમાજમાં આપણે સૌ રાગ–દ્વેષ–નફરત–પ્રેમ–સ્નેહ બધુ જ ભૂલી જવાનું છે. કોઈ વ્હાલુ નથી – કોઈ દવલુ નથી. આપણે સૌ એકજ ડાળના પંખી છીએ. આપણી દરેક સંસ્થા પછી તે સંઘ હોય – ફાઉન્ડેશન હોય – મંડળો હોય – યુવા મંડળો હોય – ઝાલાવાડ બીઝનેસ ફોરમ હોય કે મહિલા મંડળો હોય દરેકને પોતાનું આગવું કાર્યક્ષેત્ર છે. સંઘ ૫૦૦૦ પરિવારો સુધી અને દૂર–દૂર વસતા પ્રત્યેક પરિવાર સુધી પહોંચી શકે તે માટે મંડળો – મહિલા મંડળો – યુવા મંડળો જરૂરિયાત મુજબ સ્થપાતા રહ્યા.


અનુસંધાન પાના નં. ૨ ઉપર...



SYMBOL OF TRUST

દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા

યુનીક જ્વેલર્સ ™

શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જવેલરીના વેપારી

બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦–૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંદા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

શતાબ્દી વર્ષની  ઉજવણી વખતે આપણી પાસે આંગળીના વેઢે ગણી શકાય તેટલાજ યુવા મંડળો કાર્યશીલ હતા. આવા યુવા મંડળોની પણ એક મર્યાદા હતી. ઘણી બધી વસ્તુઓને ધ્યાનમાં લઈ શ્રી સંઘે 'ઝાલાવાડ બીઝનેસ ફોરમ'ની સ્થાપના સમાજના 'સોશિયો ઈકોનોમિક' વિકાસ માટે સમાજની એક આવશ્યકતા પૂરી પાડવા આ સંસ્થાની સ્થાપના થઈ. યુવાનો આપણા તરફ ખેંચાયા. સમગ્ર ઝાલાવાડને આશા બંધાણી કે આપણું  સમાજ આ ZBF ના માધ્યમથી સ્વાવલંબી બનાવી શકશે.

થોડો સમય વિત્યો. થોડાક ક્ષુલ્લક મતભેદો ઉભા થયા. સમાજના સર્વાંગી વિકાસની વાત બાજુએ રહી ગઈ અને વ્યક્તિગત વાતો ઉપર ધ્યાન કેન્દ્રિત બની ગયું. આ બાબત સમાજના મોભીઓ જાણે છે. હવે પુન: ZBF ની પ્રવૃત્તિઓ શરૂ થઈ ચુકી છે. દરેકનું સ્પષ્ટપણે માનવું છે, અને આપ સૌને નમ્ર પરંતુ આગ્રહભરી વિનંતી છે કે એક પ્લેટફોર્મ પર આવે અને સમગ્ર 'ઝાલાવાડી સમાજ'ના ઉત્કર્ષ અને વિકાસ માટે કાર્યો કરે. કોઈપણ બાબતમાં મતભેદ હોય તો સમાજના પાંચ અનુભવી – વ્યસ્ક – મોભીઓનું નેતૃત્વ સ્વીકારીએ. ઝાલાવાડી દેરાવાસી સમાજ દરેકનું સમન્વય સાધવા સૌ કોઈ નિ:સ્વાર્થ ભાવે આગળ આવે તો જ આ બધુ શક્ય બને.

અમારા દુ:ખ સાથે લખવું પડે છે કે મુઠ્ઠીભર લોકો પોતાનું સ્વાર્થ જોવા – થોડાક મિત્રો સમાજનું વાતાવરણ ડોહોળવાનું પ્રયત્ન ન કરે. જેમનાં હૈયે સમાજનું હિત વસેલું હોય તે વ્યક્તિ હંમેશા જોડવામાંજ માનશે. તે ક્યારેય પણ તોડવાની પ્રવૃત્તિ નહિં કરે. અમોએ આ પહેલા પણ લખ્યું હતું કે 'સમાજ હિતેચ્છુ' કેવો હોવો જોઈએ. આજે ફરીથી એજ વાત કહેવી છે કે સમાજ હિતેચ્છુ એને જ કહેવાય જે ઉદાર દિલનો હોય – રાગ–દ્વેષથી પર હોય – 'મારૂં–તારૂં'ને બદલે 'આપણું' બોલવા વાળો હોય, 'કોઈ મોટું નથી – કોઈ નાનું નથી' પરંતુ સૌ સમાન છીએ તેવો માનવા વાળો હોય. છેલ્લા થોડા વર્ષોમાં સમાજમાં જાગૃતિ આવી છે. ઝાલાવાડી સમાજે પોતાના જ વિકાસ માટે – પોતાના ઉત્કર્ષ માટે નિર્માણ કરેલી દરેક સંસ્થા એકબીજાના સાથ – સહકારથી વિકાસ અને ઉત્કર્ષના કાર્યો ગતિમાન રાખે તેવી આશા – અપેક્ષા.

સાથે છેલ્લે અમારે એટલુંજ કહેવું છે કે ઉપર કહેલી કોઈ વાત કોઈ વ્યક્તિને લક્ષમાં કે કેન્દ્રમાં રાખી લખેલ નથી. આ એક વર્તમાન પરિસ્થિતિની છણાવટ છે. કોઈએ પણ આ લેખ વાંચી બંધ બેસતી પાગડી પહેરી ન લેવા આગ્રહભરી વિનંતી.

**–તંત્રી : મુકેશ યુ. શાહ**

---

## -: લગ્નદિવસની શુભેચ્છા :-



**શ્રીમતી ભામીનીબેન**
**દિલીપભાઈ શાહ**
લગ્નદિવસ : તા.૨૯-એપ્રિલ
મો.: ૯૮૨૦૦૮૮૮૯૬



**શ્રીમતી વર્ષાબેન**
**કુમારભાઈ શાહ**
લગ્નદિવસ : તા.૧૦-મે
મો.: ૯૮૧૯૮૭૨૦૧૦



**શ્રીમતી વર્ષાબેન**
**બિપીનભાઈ વોરા**
લગ્નદિવસ : તા.૧૬-મે
મો.: ૯૮૧૯૦૬૩૭૧૫

## -: જન્મદિવસની શુભેચ્છા :-



**શ્રી દિલીપભાઈ**
**ખીમચંદ શાહ**
(ખેરવા - માટુંગા)
તા.૩-૫-૧૯૫૩
મો.: ૯૮૨૦૦૮૮૮૯૬



**શ્રી સંજયભાઈ**
**ભાઈલાલ શાહ**
(વઢવાણ - કાંદિવલી)
તા.૮-૫-૧૯૫૩
મો.: ૯૮૨૧૦૫૦૧૬૯

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ**

પ્રમુખ : શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ
IPP : શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી મહેન્દ્રભાઈ વૃજલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ
મંત્રીઓ : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
શ્રી પિયુષભાઈ કાંતીલાલ શાહ
શ્રી ભરતભાઈ નેમીચંદ કુવાડીયા
સહમંત્રી : શ્રી મીતેશ સુભાષભાઈ શાહ
ખજાનચી : શ્રી ગીરીશભાઈ કાંતીલાલ શાહ
સહખજાનચી : શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ
P.R.O. : શ્રી દિપકભાઈ ગુલાબચંદ ગાંધી

**ટ્રસ્ટીશ્રીઓ**

**શ્રી કિરીટભાઈ રતનશી શાહ**
**શ્રી સંજયભાઈ ભાઈલાલ શાહ**
**શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ**
**શ્રી જયેન્દ્રભાઈ હરીલાલ શાહ**
**શ્રી પ્રકાશભાઈ રસીકલાલ શાહ**
**શ્રી બીપીનભાઈ રતીલાલ વોરા**

તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ

**રજી. ઓફીસ**
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડીંગ, બીજે માળે,
૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**વહીવટી ઓફીસ :** ૧૦૩, અશોક હાઈટસ, સરસ્વતી ટાવર સામે, ઓફ જુના નાગરદાસ રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯
**કામકાજનો સમય : ૧૧.૩૦ થી ૫.૩૦**
મો. : ૯૧૩૭૩૪૨૮૧૮
દામોદરવાડી : ૨૮૮૭ ૪૬૩૩

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહીં તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**

છૂટક મુલ્ય રૂા.૩/-
Email :
**zalawadjainsangh@gmail.com**
Website :
**www.zalawadjainsangh.org**

# તંત્રી સ્થાનેથી....

સમાજની દરેક મુખ્ય સંસ્થાઓ પછી તે શ્રી સંઘ - ફાઉન્ડેશન - ZBF - પરા મંડળો - અને યુવા મંડળો દરેકના પોતાના કાર્યક્ષેત્ર અને પ્રવૃત્તિ વર્ષ ૨૩-૨૪માં ખુબ ઉત્સાહપૂર્વક સંગઠન અને એકતાથી વેગ મળ્યો છે. તેનો યશ દરેક સંચાલકોનો રસ - ઉત્કર્ષ, પ્રગતિ અને વિકાસ વધે તે બાબતને લક્ષમાં રાખેલ છે. નિયમિત દર વર્ષે કાર્યક્રમો થતા સિવાય વિશેષ કાર્યક્રમોના આયોજન થયા. તે માટે વારંવાર મીટીંગો કરવી, સાથે બેસી દરેક બાબત, દરેકના વ્યક્તિગત સૂચન કે અભિપ્રાય બાબત ચર્ચા કરી નિર્ણયો લઈ આગળ વધવું. આ બધી જ બાબતો કાર્યક્રમના આયોજન અને સફળતાપૂર્વક પાર પડે ત્યારે દેખાય આવે કે સંસ્થામાં એકતા અને સંગઠન કેટલું છે ? અને કેવું છે ?

શ્રી સંઘના વિશેષ પ્રોજેક્ટ જેવા કે યાત્રિક ભવન બ્લોક રીનોવેશન, નવી ઓફીસનું ઉદ્‌ઘાટન, યાત્રિકભવનમાં નવી લીફ્ટ, સંપૂર્ણ યાત્રિક ભવન સોલાર પ્લાંટ, ગરમ પાણીના નવા સોલાર હીટ પંપ, ભોજનશાળા રીનોવેશન વગેરે પૂર્ણ થયા. આ માટે સંપૂર્ણ યશ પ્રમુખશ્રી દીલીપભાઈ શાહના અથાગ પ્રયત્નો, બધાને સાથે રાખી ચાલવાનો અભિગમ આવું સમર્પિત નેતૃત્વ મળ્યું. તેથી જ આવા ઉપરના વિશિષ્ટ પ્રોજેક્ટો સમયસર પૂર્ણ થયા.

સાથેજ સમાજ અગ્રગણ્ય શ્રેષ્ઠીવર્યોએ ઉદાત ભાવના અને ઉદાર દિલથી દરેક યોજનાઓમાં આર્થિક યોગદાન આપી સહકાર આપેલ છે. અને આ આર્થિક યોગદાન લાવવામાં પણ પ્રમુખ શ્રી દીલીપભાઈ એ અનેક સખાદિલ દાતાઓની રૂબરૂ મુલાકાત લઈ દાન આપવા માટે પ્રેરિત કર્યા છે. અને સમાજના દરેક અગ્રગણ્ય શ્રેષ્ઠીઓએ શ્રી દીલીપભાઈમાં સંપૂર્ણ વિશ્વાસ મુકેલ છે. છેલ્લા બે વર્ષથી મારે ઘણુંજ પ્રમુખશ્રી સાથે નજીકથી કામ કરવા મળ્યુ તેમની નાદુરસ્ત તબિયત, તેમનો પ્રોફેશન, કુટુંબના વ્યવહારિક પ્રસંગમાં અને વારંવાર બહારગામ જવાનું થાય તેમ છતા સમાજના કોઈ કાર્યોને અટકવા નથી દીધા જે આપણને દેખાય છે. સમાજ અને શ્રી સંઘના અહોભાગ્ય છે કે આવા પ્રમુખ મળ્યા છે.

## શું વાંચશો? આ અંકમાં...

★ ૮૪મો સમૂહ લગ્ન ફોટા – અહેવાલ ★ સાધર્મિક ભક્તિ અને કેળવણી સહાય વિશ ★ ફાઉન્ડેશનના ફોટા – અહેવાલ ★ ZBF સેમીનાર ફોટા અહેવાલ અને તલાશ – ૩ વિષે ★ સમાજ ગૌરવ શ્રી ચંદુભાઈ શાહ પરિવાર તરફથી શંખેશ્વર અઠ્ઠમ તપ આરાધના અહેવાલ ★ પરા મંડળ – મહિલા મંડળ – યુવા મંડળ અહેવાલ ★ સી.એમ.ગાંધી શતાબ્દી વર્ષ ફોટા અહેવાલ ★ સમાજ શ્રેષ્ઠીઓને શ્રધ્ધાંજલી ★ લગ્નોત્સુક બાયોડેટા ★ સમાજ શ્રેષ્ઠીઓને જન્મદિવસ – લગ્નદિવસ શુભેચ્છા ★ વિછીયા જિનાલય ૧૭૫મી વર્ષગાંઠ ધ્વજારોહણ વિષે ★ સંવેદનાના સ્પંદનો ★ આયુષ્યમાન કાર્ડ અને મ. જ્યોતિબા ફુલે જન આરોગ્ય કાર્ડ વિષે અગત્યની માહિતિ અને જાણકારી ★ તારંગા તીર્થનો ઈતિહાસ



## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

**આયોજિત**

**સમૂહ લગ્નના કાયમી પ્રેરકદાતાઓ**

**શ્રીમતી શાંતાબેન બુટાલાલ હુકમચંદ શાહ પરિવાર (કોઠ નિવાસી, હાલ ઘાટકોપર)**

**તથા**

**શ્રીમતી સવિતાબેન ચીનુભાઈ છગનલાલ શાહ પરિવાર (ખેરવા-જનતા નિવાસી હાલ સાયન)**

**જમણવારના કાયમી પ્રેરકદાતાઓ :**

**શ્રી બુટાલાલ હુકમચંદ શાહ પરિવાર (કોઠ નિવાસી, હાલ ઘાટકોપર)**

**તથા**

**શ્રીમતી મનહરબેન કીરીટભાઈ રતનસી શાહ પરિવાર (ઘોલેરા નિવાસી, હાલ મુલુંડ)**

# ૮૪માં સંયુકત સમૂહલગ્નનો અહેવાલ

**કન્વીનરઃ વિપુલ પ્રાણલાલ બગડીયા**

આપણા શ્રી સંઘ તરફથી છેલ્લા ૪૫ વર્ષથી નિયમિત રૂપે સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવે છે. મુંબઈ સ્થિત વિવિધ જૈન સમાજમાં સમૂહલગ્ન પ્રથાની શરૂઆત કરનાર આપણો સંઘ આજે ૪૫ વર્ષથી સમાજ સેવાનું આ કામ ખૂબજ સારી રીતે - સમયને અનુરૂપ ફેરફાર સાથે કરી રહેલ છે. એક સમય હતો કે સામાન્યમાં સામાન્ય પરિવાર પણ સમૂહલગ્નની પ્રથામાં સામેલ થવા બે વખત વિચાર કરતો હતો. ત્યારે આપણા શ્રી સંઘે સમાજને જાગૃત કરવા પ્રશંસનીય પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

શરૂઆતમાં વર્ષમાં બે વાર જરૂર પડી ત્યારે વર્ષમાં ત્રણ વખત સમૂહ લગ્નનું આયોજન કરી શકનાર શ્રી સંઘ છેલ્લા લગભગ ત્રણેક વર્ષથી એક વખત સમૂહ લગ્નનું આયોજન સંઘની કાંદીવલી (પૂર્વ)માં આવેલ દામોદર વાડી ખાતે કરે છે. આ સમૂહ લગ્નના માંડવાના વધુમાં વધુ એકજ લગ્ન પ્રસંગે ૨૨ નવદંપતિઓ પણ જોડાયા છે. શ્રીસંઘ તરફથી ૨૫મા સમૂહ લગ્નનું ભવ્ય આયોજન મુલુંડ ખાતે અને ૫૦માં સમૂહ લગ્નનું આયોજન ગોરેગામના એન.એસ.ઈ.ના હોલમાં કરવામાં આવેલ. ૭૫માં સમૂહલગ્ન વખતે સાંજના સત્કાર સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શતાબ્દી વર્ષની ઉજવણી પ્રસંગની સમૂહ લગ્નના માંડવે ૧૯ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા.

આવા સમૂહ લગ્નોની હારમાલાની ૮૪મી કડીરૂપે, ૮૪માં સમૂહલગ્નનું આયોજન સંવત ૨૦૮૦ના મહાવદ-૨ ને રવિવાર તા.૩-૩-૨૦૨૪ના દિવસે કાંદીવલી (પૂર્વ)માં આવેલ દામોદરવાડીના ગ્રાઉન્ડના મંડપમાં કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નમાં ત્રણ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડી નવજીવનની શરૂઆત કરી હતી.

વહેલી સવારે ૮.૧૫ કલાકે ત્રણે દિકરીઓના મંડપરોપણનું માંગલીક કાર્ય ગોરમહારાજનાં મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યું હતું. કન્યાપક્ષના મહેમાનો કમિટી સભ્યો તથા કાર્યકર્તાઓ માટે સવારના ૮.૦૦ થી ૯.૩૦ વાગ્યા સુધી ચા-પાણી નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. દરેક કપલ દીઠ ૨૦ પાસ કોઈપણ જાતના ચાર્જ વગર આપવામાં આવ્યા હતા. સમાજ શ્રેષ્ઠીઓ દાતાઓ - કમિટી સભ્યો - ટ્રસ્ટીશ્રીઓ તથા પદાધિકારીઓને પણ આમંત્રણ આપ્યા હતા. લગભગ ૭૦૦ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. ત્રણેય વરરાજાના વરઘોડો બેન્ડબાજા સાથે કાઢ્યો હતો. વરરાજાઓ પોતાના સગા-સ્નેહી અને મિત્રો સાથે ડાંસ-રાસ-ગરબા સાથે સામૈયા સાથે પધારતા આપણી દામોદર વાડીના મુખ્ય ગેઈટ ઉપર પોંખણાવિધિ સમયે રાખવામાં આવી હતી. પરંતુ પોંખણાવિધિ સમયે ઉત્સાહ માટેના સભ્યો તથા આપણા કાર્યકર્તાઓ માટે ચહા-પાણી અને વેલકમ ડ્રીંકમાં પેરૂ, પાઈનેપલના મસાલેદાર શરબત દ્વારા સ્વાગત કરવામાં આવેલ.

આ પ્રસંગે કોડભરી કન્યાઓએ જ્યારે તેના ભાવી ભરથારની ગ્રીવામાં પુષ્પમાળા પહેરાવી ત્યારે અદ્ભૂત વાતાવરણ નિર્માણ થયું હતું. પોંખણાવિધિ પૂરી થતા જ બંન્ને વરરાજા પોતપોતાના મંડપમાં બિરાજમાન થયા હતા. વાતાવરણ ખરેખર ઉમંગભર્યું હતું. ગોર મહારાજના ‘‘કન્યા પધરાવો સાવધાન’’ના અવાજ સાથે જ બન્ને કન્યાઓને - વ્હાલસોયી દીકરીઓને તેમના વહાલા મામા સાથે લઈ મંડપ પધાર્યા હતા. આ વખતે લગ્નગીતોની ખૂબજ મધુર કંઠ ગવાયેલ લગ્નગીતોની સીડી સુમધુર સ્વરમાં વાગી રહી હતી. મંડપમાં કન્યાઓની પધરામણી થતાંજ બંન્ને વરરાજા પોતાની ભાવી જીવનસંગિની સાથે હસ્તમેળાપની ઘડીની ઈંતેજારીમાં ઉંચા-નીચા થઈ રહ્યા હતા.

આપણા સંઘપ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ ઉપસ્થિત રહી જરૂરી આવશ્યક માર્ગદર્શન - સૂચના આપેલ જે હોદ્દેદારો - કમીટી સભ્યો અને કાર્યકરોનો ઉત્સાહ અનેરો જોવા મળેલ. કાયમી પ્રેરકદાતા પરિવારના માતુશ્રી શાંતાબેન બુટાલાલ હુકમચંદ

શાહ પરિવાર તેમજ શ્રીમતી સવિતાબેન ચીનુભાઈ છગનલાલ શાહ પરિવારના સભ્યો ન આવી શકેલ જે પરિવાર વતી શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ ઉપસ્થિત રહેલ તેમનું શાલ - મોતીમાળા - તિલકથી બહુમાન I.P.P શ્રી અરવિંદભાઈ કે. શાહ કરેલ જમણવારના કાયમી પ્રેરકદાતા પરિવાર શ્રીમતી મનહરબેન કિરીટભાઈ રતનશી શાહ પરિવારના શ્રી કિરીટભાઈ શાહ નાદુરસ્ત તબીયતના કારણે ઉપસ્થિત રહેલ તાળીઓથી વધાવેલ. પ્રતિસાદમાં સમૂહલગ્નમાં જોડાયેલા નવદંપતીને શુભેચ્છા - આર્શીવચન આપેલ. તેમજ પરિવારને જોડાવા બદલ અભિનંદન આપેલ.

આ અહેવાલમાં મારે ખાસ નોંધ આપણા શ્રી સંઘમંત્રી શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહના સાથ-સહકારની કરવી છે. છેલ્લા એક માસથી મારી સાથે ખભે ખભા મિલાવી સમૂહલગ્નના દરેક કાર્યોમાં સમૂહલગ્ન વ્યવસ્થા કમિટીની મીટીંગથી લઈને કેટરીંગ, ડેકોરેશન, આમંત્રણ પત્રિકા, કરિયાવરની ખરીદી, ગોર મહારાજ, બેન્ડ. કરીયાવર ભેટ બાબતની જાણકારી આપવી લેવી વગેરે તેમની અદ્‌ભૂત કાર્યશક્તિ માટે જેટલું લખીએ તેટલું ઓછું છે.

એક બાજુ લગ્નવિધી ચાલી રહી હતી. તો બીજી બાજુ સહમંત્રી શ્રી મીતેશભાઈ શાહ, ખજાનચી શ્રી ગીરીશભાઈ શાહ, સહખજાનચી શ્રી કેતનભાઈ શાહ, કન્વીનર શ્રી વિપુલભાઈ બગડીયા, બોરીવલી મંડળના કમીટી સભ્યો લગ્નમંડપ અને જમણવારની વ્યવસ્થા બોરીવલી મંડળ કમીટી સભ્યો તેમજ કરિયાવર ડિસ્પલે કાઉન્ટરની ખૂબજ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

લગ્નવિધિ મંત્રોચ્ચાર સાથે રવી મહારાજ તથા સાથે રહેલ ગોર મહારાજે સંભાળી રહ્યા હતા. ખરેખર એવા સુંદર અને અદ્‌ભૂત વાતાવરણમાં હતું કે કોઈને એમ ન લાગે કે અમો સમૂહલગ્નમાં જોડાયા છીએ. તે રીતે ઉત્સાહ અને ઉમંગથી બધી જ વિધિ ચાલી રહી હતી અને કોડીલી કન્યાઓના માતા-પિતાએ સજળ નયને હરખનાં આંસુ સાથે કન્યાદાન કર્યું હતું. હસ્તમેળાપ થતા અને મંગળફેરાની વિધી પૂર્ણ થતા પ્રેરકદાતા દાતા અને સંઘપ્રમુખ શ્રી નવદંપતીને આર્શીવાદ આપી ભેટ કવર આપેલ.

પ્રમુખશ્રીએ કાર્યકર્તાઓની સેવાઓને બિરદાવી હતી. ત્યારબાદ મંત્રી શ્રી મુકેશભાઈએ સમૂહલગ્નની પ્રથાની શરૂઆતથી આજ દિવસ સુધીની યાત્રાની વિગતો રજૂ કરેલ. તેમજ શ્રી સંઘ પ્રમુખશ્રીએ યાત્રિકભવન સોલાર બાબત શ્રીસંઘની નવી અંધેરી ઓફીસ બાબત વગેરેની પાલીતાણા યાત્રિકભવનના બ્લોક આધુનિક બનાવવા બાબત સવિસ્તાર માહિતી આપવામાં આવેલ.

સંપૂર્ણ બહુમાન સમારંભનું સંચાલન મંત્રી શ્રી મુકેશભાઈ શાહે કરેલ હતું. આ પ્રસંગે આભારવિધી સમૂહ લગ્ન વ્યવસ્થા કમીટીના તરવૈયા યુવા કન્વીનર શ્રી વિપુલભાઈ બગડીયાએ કરેલ. તેઓએ દરેક કાર્યકર્તાઓનો આભાર માનવાની સાથે સાથ ખાસ કરીને સમૂહ લગ્ન કમિટી સભ્યોએ કરેલ પ્રશંસનીય કામ ઝાલાવાડ મંડળ મલાડ-કાંદિવલી અને બોરીવલીના કાર્યકર્તાઓએ લગ્નવિધી - જમણવાર દાતા - આમંત્રિત મહેમાનો જમણવાર - કરિયાવર ડીસ્પલે કાઉન્ટર ઉપર આપેલ સેવાઓ બદલ અંતરના ઉમળકાથી આભાર માન્યો હતો. આ પ્રસંગે કરિયાવર ભેટમાં આપેલ પ્રેઝન્ટ અને રકમ સમાજના પરિવારોએ ઉદારતાથી આપેલ. જેનાથી રૂા.૧ લાખ આઠ હજારનો કરિયાવર અને સંઘ શ્રી તરફથી સોનાના બે પેન્ડન્ટ આપવામાં આવેલ હતા. બપોરના જાન વિદાય પહેલા સો મહેમાનો માટે ચહા-કોફીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

સમૂહ લગ્નના માંડવે પ્રભુતામાં પગલા પાડતા નવદંપતિઓ :- **ચિ.વૃતિક મોન્ટુભાઈ પટેલ - ચિ.દેવીકા નિલેશભાઈ શાહ, ચિ.અક્ષયકુમાર પ્રકાશભાઈ શાહ - ચિ.વૈશાલી સંજયભાઈ પાલકર, ચિ.વિરલ જયંતભાઈ શાહ - ચિ.રિયા કમલેશભાઈ વોરા**

**૮૪મા સમુહ લગ્ન (તા.૩-૩-૨૦૨૪)**
**મા ઉપસ્થિત રહેલા હોદ્દેદારો અને કમીટીના સભ્યો**

ટ્રસ્ટી શ્રી જયેન્દ્રભાઈ હરીલાલ શાહ - સાયન
ઉપપ્રમુખ શ્રી કમલેશભાઈ એમ. પારેખ - ઘાટકોપર
શ્રી જીતેન્દ્રભાઈ ગોવનજી શાહ - મલાડ
શ્રી નરેશભાઈ સી. શાહ - વસઈ
શ્રી નિશિતભાઈ વોરા - મલાડ
શ્રી જીતેન્દ્ર કિર્તીભાઈ શાહ (ટીનુભાઈ) કાંદિવલી
શ્રી અમીતભાઈ મનહરલાલ શાહ - ભાયંદર
શ્રી નિલેશભાઈ અનોપચંદભાઈ શાહ - મલાડ
શ્રી સંજીવભાઈ (મેહુલ) સુખલાલ શાહ - કાંદિવલી
શ્રી નિતિનભાઈ શાંતિલાલ શાહ - કાંદિવલી
ઉપપ્રમુખ શ્રી મહેન્દ્ર વૃજલાલ શાહ - ગોરેગાંવ
શ્રી વિપુલભાઈ પ્રાણલાલ બગડીયા - કાંદિવલી - કન્વીનર
શ્રી સંજયભાઈ એમ. શાહ - દહિસર
શ્રી જીગ્નેશભાઈ વી. શાહ - મલાડ
શ્રી કિશોરભાઈ ગોવનજી શાહ - મલાડ
શ્રી રસીકભાઈ સુખલાલ શાહ - બોરીવલી
શ્રી કેતનભાઈ અરવિંદભાઈ શાહ - બોરીવલી
શ્રી દીનેશ જયંતીલાલ શાહ - કાંદીવલી
શ્રી દિપેશભાઈ અશોકકુમાર શાહ - કાંદિવલી
શ્રી અલ્પેશ જીતેન્દ્ર શેઠ - કાંદીવલી
શ્રી પ્રદિપભાઈ મોહનલાલ શાહ - બોરીવલી

**DR. PLUMBER**

Licensed Plumber Enlargement of BMC Water Connection, Repairs of overall Plumbing & Sanitation Job, Installation & Repairing of Submersible water Pumps, Water Tank Cleaning with imported Machine,

dr.plumbermumbai@gmail.com

Vile Parle (East),


Kiran K. Vora. : 9820035858 / 9920035858

Off. Mob. : 9324435858 / 9820025858

---

।।દાદા ભગવાનનો અસીમ જયજયકાર હો।।

દુનિયાભરમાં વસતા સ્વજનો, વેપારી અને વિદ્યાર્થીઓ માટે કપડા, વાસણ, મિઠાઈ, મસાલા, નાસ્તા તથા અન્ય સામગ્રી ઘરેબેઠાં ઝડપથી પહોંચાડવા




**Super Air COURIER**
Only International

| | |
|---|---|
| ભાવિન હર્ષદરાય મોદી (પાલીતાણાવાળા) M.: 9819191883 Tel.: 022-28888667 મલાડ (વેસ્ટ) | અતુલભાઈ ચોકસી (પાટણવાળા) M.: 9820798171 બોરીવલી (વેસ્ટ) |

તમારા ઘરે થી પિકઅપ કરીશુ.

---




Tel. : 26101465
98204 48920

JAIN JYOTISH ACHARYA

# Jyoti Bavishi

**Astrologer • Palmist • Pyramidal Vaastu Shastri**
**Feng Shui • Signature & Handwriting Verified**

Om Shri Siddhi Vinayak Society, Flat No. 2A & 3A, Hanuman X Road No.2, Opp. Shivaji School, Vile Parle (E), Mumbai-57.

**VISIT BY APPOINTMENT**

---

# શેઠ કન્સ્ટ્રકશન કું.

| | |
|---|---|
| શ્રી મહાવીર પાઈપ ઈન્ડ. (સુરત) મેન્યુફેકચરર્સ આર.સી.સી. હ્યુમ પાઈપ્સ (N.P. & Np.) | શ્રીજી પાઈપ ઈન્ડ (સુરત) મેન્યુફેકચરર્સ આર.સી.સી.હ્યુમ પાઈપ્સ (Np.) ચેનલસ, મીઝેક, એન્ડ ચેકર્ડ ટાઈલ્સ આ.સી.સી. કવર્સ અને વેન્ટ સાફ્ટસ (BMC Approved) |

ઓફીસ : ૫૦૭/૫૦૮ સંજાર એન્કલેવ, મિલાપ સીનેમા સામે, એસ.વી.રોડ, કાંદીવલી (વે.), મુંબઈ - ૪૦૦ ૦૬૭.
ફોન.: (૦૨૨)૨૮૦૬૨૧૬૧/૪૦૧૩૨૧૬૦ મો.:૯૮૨૧૧૨૦૦૨૧ અજય
ઘર : ૨૮૦૭૨૮૨૩ / ૨૮૦૫૧૧૬૪

---

Abhijit Shah
M.:9773380129/9870202339



## NEW INDIA ENGINEERING CO.

**Manufacturers & Stockists Of :**

◆Stainless Steel Socket Weld, But Weld,Threaded Fittings ◆Bar Fittings & Flanges ◆Dairy Fittings◆Triclover Fittings ◆Ferrule & Flair Fittings ◆S.S. Valves & Cocks◆Strainers & Quick Release Couplings◆S.S.,304,310,316 Rods, Pipes & Sheets ◆S.S.,M.S.& Hi Tensil Fastners.

A/002 Arihant Bldg. Govind Nagar, Sodawala Lane, Borivali (W), Mumbai - 400 092
**E-mail :** abhijitshah@hotmail.com

---

અભય નવિનભાઈ શાહ

**ફક્ત જૈન મેનું**

**કાશ્મીર : અમૃતસર - વૈષ્ણોદેવી સાથે - શિવાય**
**હીમાચલ : ડેલહાઉસી - ધરમશાલા - મનાલી**
**ઉત્તરાખંડ : મસુરી - નૈનીતાલ - કોર્બેટ**
**સિક્કીમ : ગૈંગટોક - પેલીંગ - દાર્જીલીંગ**

બેડ ટી થી રાત્રે મસાલા દુધ સુધીની બાદશાહી સરભરા, આપણા પોતાનાજ રસોડે.
વધુ વિગત માટે આપનું મેલઆઈડી SMS કરો

**ગુરૂકૃપા ટ્રાવેલ્સ**

16 ધર્મપ્રતાપ શોપીંગ સેન્ટર, દામોદરવાડી સામે, અશોકનગર, કાંદીવલી (ઈ), મુંબઈ - 400101. Tel.: (0) 28845416 Mob.: 9324408369
Email : gurukripajainmenu@gmail.com

---

| | |
|---|---|
| **Late Anopchand M.Kothari** | Off. No. : 23446121/66595864 |
| M/S. KIRTI STEEL INDUSTRIES | 23410066/23112066 23112935/0250 3214798 |
| M/S. KIRTI TRADING CORPO. | Fax No. : 23423575 |
| M/S. KUNAL FASTNER HOUSE L.L.P | Kirti Mob. : 9821055592 |

***Manufacturers & Engineers :***

**S.S. Bolts, Nuts,S.S. Coach Screw,Wood Screw & Fastners,**

**Office :** 155, Narayan Dhuru Street, Ground Floor, Mumbai-400 003
**Sales Office :** 102, Narayan Dhuru Street, Gr., Flr., Mumbai-400 003
**Sales Depo :** 12, Shive Shambhu Ind. Estate, B/H. Nidhi Estate, Near Burmashell Petrol Pump, Waliv, Vasai (East),Thane-401208

---

## THE NATIONAL BOOK DEPOT

*For all Your requirements of Medical, Dental, Nursing, Pharmacy, Physiotherapy, Homoeopathic, Veterinary Books*

Opp. Wadia Children's Hospitals, Parel (Central Railway), Mumbai - 400012
Tel : 022-2413 1362 / 2416 5274 / 2413 0877 / 97570 01960 / 97570 01961
Timing : 11 am To 7 pm (Monday To Saturday) Sunday Closed
E-mail : nationalbook55@gmail.com
Website : www.nationalbookdepot.com
**Rajendra Shah - Cell : 93 22 88 4688 / 80 80 88 4688**
**Vaidehi Shah - Cell : 98 33 93 6737**

---

## હેમા ગાંધી એન્ડ ગ્રુપ

*લગ્ન ગીતો, સાંજી માળા, જૈન સ્તવન, શ્રદ્ધાંજલી, ભાવ યાત્રા, રાસ ગરબા તથા હિન્દી ઓરકેસ્ટ્રા માટે.*

**-: સંપર્ક : -**

૨૦૨, માનવ મેન્શન, સરોજિની રોડ, મેક ડોનાલ્ડની બાજુમાં, વિલેપારલા (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૬.
**મોબાઈલ : ૯૮૨૧૦ ૨૯૦૯૬**

---

**MAHAVIR**

## શ્રી મહાવીર સ્ટેશનરી માર્ટ

૧૪૪-૪૬, બાપુ ખોટે સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ - ૪૦૦૦ ૦૩.
ફોન : ૨૩૪૬૨૯૬૭, ૨૩૪૬૪૪૬૨

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ
## ૮૪મો સમૂહ લગ્ન પ્રસંગે નવદંપતિને અપાવેલ ભેટ
### તા.૩-૩-૨૦૨૪, રવિવાર, કુલ ૩ સમૂહ લગ્ન

| ક્રમ | નામ | વસ્તુનું નામ |
|---|---|---|
| ૧ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ | મા માટલાની પવાલી / મેલામાઈટ ડિનર સેટ - નંગ / કન્યાના નામે ૧૦૦૦૦/-ની FD |
| ૨ | સંઘમંત્રી શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ - ભાયંદર<br>સંઘમંત્રી શ્રી પીયુષભાઈ કાંતીલાલ શાહ - કાંદીવલી<br>સંઘમંત્રી શ્રી ભરતભાઈ નેમીચંદ કુવાડીયા - મુંબઈ<br>સહમંત્રી શ્રી મીતેશભાઈ સુભાષભાઈ શાહ - મીરારોડ<br>ખજાનચી શ્રી ગીરીશભાઈ કે. શાહ - કાંદીવલી<br>સહખજાનચી શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ - મલાડ<br>P.R.O શ્રી દીપકભાઈ ગુલાબચંદ ગાંધી - વિલેપાર્લા | કપલ સેવા-પૂજાની જોડ |
| ૩ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મંડળ - વિલેપાર્લા | ટ્રાવેલીંગ બેગ |
| ૪ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - કાંદિવલી | સ્ટેનલેસ સ્ટીલ ઉભા ડબ્બા નંગ-૨નો સેટ |
| ૫ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ - મીરારોડ | ટપ્પરવેરના ગોળ ૩ ડબ્બા |
| ૬ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સામાયિક મહિલા મંડળ - ભાયંદર | લેડીજ પર્સ, ૧મોટું-૧નાનું |
| ૭ | શ્રીમતી હર્ષાબેન ચંદ્રકાંતભાઈ મોદી<br>હ.: નિપુણાબેન હેમાંશુભાઈ મોદી | કટાસણું મુપત્તી, ચડવળો, નવકારવાળી, સ્થાપનાજી |
| ૮ | એક સદ્‌ગૃહસ્થ પરિવાર | ફેન્સી હેરબેંડ |
| ૯ | શ્રીમતી વૈશાલીબેન મિતેશભાઈ વસંતભાઈ શેઠ<br>કાંદીવલી (ઈસ્ટ) | ઈમીટેશન સેટ ૧ |
| ૧૦ | શ્રીમતી લીલાવતીબેન ચંદુલાલ મહેતા - ભાયંદર | વોલ કલોક |
| ૧૧ | શ્રીમતી ચન્દ્રીકાબેન હેમેન્દ્રભાઈ વોરા હ.: નીશીતભાઈ - મલાડ | લેડીસ જેન્ટસ વોલેટ |
| ૧૨ | માતુશ્રી કાંતાબેન વૃજલાલ પરીખ | હોટ ટીફીન બોક્સ મિલ્ટન ૩ |
| ૧૩ | સ્વ.અમૃતલાલ વાઘજીભાઈ મહેતા<br>હ.: શ્રી બિપીનભાઈ - મલાડ | ટ્રાવેલીંગ બેગ - નંગ ૧ |
| ૧૪ | એક સદ્‌ગૃહસ્થ પરિવાર - બોરીવલી | વરને ૫ જોડી કાપડ / કન્યાને ૫ જોડી કાપડ |
| ૧૫ | યુનીક જ્વેલર્સ - બોરીવલી | અષ્ટ મંગલની પાટલી |
| ૧૬ | માતુશ્રી શારદાબેન છોટાલાલ ગાંધી - ધ્રાંગધ્રા<br>(શ્રી નાંણશારદા માઁ) | ટોસ્ટર |
| ૧૭ | રજવાડી કેટરર્સ એન્ડ ડેકોરેટર્સ<br>હ.: શ્રી અનિલભાઈ/શ્રી જતિનભાઈ | કાંચના ગ્લાસ નંગ-૬નો સેટ |
| ૧૮ | અમર તેજ પ્લાસ્ટ<br>હ.: શ્રી મુકેશભાઈ ચિમનલાલ શાહ | ટિફીન બોક્સ થર્મોવેર |
| ૧૯ | શ્રીમતી નીરૂબેન પ્રવિણભાઈ શાહ - બોરીવલી<br>હ.: મે. ભાવના રોડવેઝ | વર કન્યાને રૂા.૨૫૦૦/- લેખે કવર |

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ
## ૮૪મો સમૂહ લગ્ન પ્રસંગે નવદંપતિને અપાવેલ ભેટ
### તા.૩-૩-૨૦૨૪, રવિવાર, કુલ ૩ સમૂહ લગ્ન

## ૮૪મો સમૂહ લગ્ન પ્રસંગે દાતાશ્રીઓ, ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તથા કમીટી સભ્યો તરફથી મળેલ કરીયાવર ભેટ રકમ

| | નામ | સ્થળ | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | શ્રી ભરતભાઈ વિઠ્ઠલદાસ માઘાણી (હ.: વિપુલભાઈ) | કાંદીવલી | ૫૦૦૦/- |
| ૨ | માતુશ્રી ઈન્દુમતીબેન બાલચંદભાઈ દેસાઈ | થાણા | ૩૩૦૦/- |
| ૩ | શ્રીમતી ભામીનીબેન દિલીપભાઈ શાહ | દાદર | ૩૦૦૦/- |
| ૪ | શ્રીમતી ચંદનબેન અરવિંદભાઈ શાહ | બોરીવલી | ૩૦૦૦/- |
| ૫ | શ્રીમતી સરોજબેન મહેન્દ્રભાઈ શાહ | ગોરેગાવ | ૩૦૦૦/- |
| ૬ | શ્રીમતી સવિતાબેન ચીનુભાઈ શાહ | સાયન | ૩૦૦૦/- |
| ૭ | માતુશ્રી લીલાવતીબેન પ્રાણલાલ બગડીયા (હ.:શ્રી વિપુલભાઈ/શ્રી ચિરાગભાઈ) | કાંદીવલી | ૩૦૦૦/- |
| ૮ | શ્રીમતી જસ્મીનાબેન કિરણભાઈ શાહ | અંધેરી | ૩૦૦૦/- |
| ૯ | માતુશ્રી કમળાબેન દીપચંદ શાહ (હ.: શ્રી હર્ષદભાઈ) | વાલકેશ્વર | ૩૦૦૦/- |
| ૧૦ | શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ | અંધેરી | ૩૦૦૦/- |
| ૧૧ | શ્રીમતી નિકિતાબેન મહેન્દ્રભાઈ પટેલ (ચિ.વૃતિકના લગ્ન પ્રસંગે) | ભાયંદર | ૩૦૦૦/- |
| ૧૨ | શ્રીમતી મોનાબેન નિલેશભાઈ શાહ<br>ચિ. દેવિકાબેનના સમૂહલગ્નમાં સહભાગી થયેલ નિમિતે | ભાયંદર | ૩૦૦૦/- |
| ૧૩ | શ્રીમતી બિંદુબેન હરનીશભાઈ શાહ | મલાડ | ૩૦૦૦/- |
| ૧૪ | માતુશ્રી તારાબેન અનોપચંદભાઈ કોઠારી (હ.: કેયુર કીર્તીભાઈ કોઠારી) | બોરીવલી | ૩૦૦૦/- |
| ૧૫ | માતુશ્રી સુમિત્રાબેન સુમનલાલ શાહ | મુલુંડ | ૩૦૦૦/- |
| ૧૬. | માતુશ્રી જસુમતીબેન પ્રવિણચંદ્ર લીલચંદ શાહ (હ.: મિતેનભાઈ) | મુલુંડ | ૩૦૦૦/- |
| ૧૭ | માતુશ્રી સરોજબેન વસંતલાલ શાહ | મલાડ | ૧૮૦૧/- |
| ૧૮ | માતુશ્રી જયાબેન પોપટલાલ શાહ | મલાડ | ૧૮૦૦/- |
| ૧૯ | શ્રી અમીચંદભાઈ નાગરદાસ શાહ | મલાડ | ૧૮૦૦/- |
| ૨૦ | ઉપપ્રમુખ શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ<br>હ.: શ્રીમતી સેજલબેન કમલેશભાઈ શાહ | ઘાટકોપર | ૧૫૦૦/- |
| ૨૧ | શ્રીમતી મનહરબેન કિરીટભાઈ શાહ | મુલુંડ | ૧૫૦૦/- |
| ૨૨ | માતુશ્રી ઈન્દુમતીબેન મગનલાલ અજમેરા | બોરીવલી | ૧૫૦૦/- |
| ૨૩ | શ્રી કમલેશભાઈ રસિકલાલ વોરા (ચિ.રિયાના લગ્ન પ્રસંગે) | વિરાર | ૧૫૦૦/- |
| ૨૪ | સ્વ.મંજુલાબેન મહેન્દ્રભાઈ શાહ | કાંદીવલી | ૧૫૦૦/- |
| ૨૫ | શ્રી જયંતીભાઈ મણીલાલ શાહ (ચિ.વિરલનાલગ્ન પ્રસંગે) | વિરાર | ૧૫૦૦/- |
| ૨૬ | શ્રી મુગટભાઈ માણેકલાલ શાહ | અંધેરી | ૧૫૦૦/- |
| ૨૭ | શ્રી રમણીકલાલ દીપચંદ વોરા (હ.: મહેન્દ્રભાઈ વોરા) | મલાડ | ૧૫૦૦/- |
| ૨૮ | શ્રી ગોવનજી સાકળચંદ શાહ પરિવાર (હ.: શ્રી જીતુભાઈ) | મલાડ | ૧૫૦૦/- |

| | | | |
|---|---|---|---|
| ૨૯ | શ્રી ધીરૂભાઈ રતિલાલ સંઘવી | ચુનાભઠ્ઠી | ૧૫૦૦/- |
| ૩૦ | ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ રસિકલાલ શાહ | વિલેપાર્લે | ૧૫૦૦/- |
| ૩૧ | શ્રીમતી મીનલબેન જયેશભાઈ દોશી | મલાડ | ૧૨૦૦/- |
| ૩૨ | શ્રીમતી લીલાવંતીબેન હસમુખલાલ શાહ | મલાડ | ૧૨૦૦/- |
| ૩૩ | શ્રી પ્રદીપભાઈ કાંતીલાલ શાહ | કલ્યાણ | ૧૨૦૦/- |
| ૩૪ | ટ્રસ્ટી શ્રી સંજયભાઈ ભાઈલાલ શાહ | કાંદીવલી | ૯૦૦/- |
| ૩૫ | શ્રી બીપીનભાઈ હિંમતલાલ મઢીયા | મલાડ | ૯૦૦/- |
| ૩૬ | માતુશ્રી રસીલાબેન પ્રવિણચંદ્ર કુવાડીયા | મલાડ | ૯૦૦/- |
| ૩૭ | માતુશ્રી ઝવેરીબેન નાનાલાલ શાહ (હ.: કમલેશભાઈ) | ડોબીંવલી | ૯૦૦/- |
| ૩૮ | શ્રી હેમેન્દ્રભાઈ પ્રવીણચંદ્ર મહેતા | કાંદીવલી | ૯૦૦/- |
| ૩૯ | શ્રી જીતેન્દ્રભાઈ કાંતીલાલ શાહ | ભાયંદર | ૯૦૦/- |
| ૪૦ | શ્રી ધીરજલાલ છોટાલાલ કોઠારી | થાણા | ૯૦૦/- |
| ૪૧ | માતુશ્રી સરોજબેન પ્રવિણચંદ્ર છોટાલાલ શાહ (હ.: જતિનભાઈ) | મુલુંડ | ૯૦૦/- |
| ૪૨ | શ્રીમતી શૈલાબેન પ્રદીપભાઈ શાહ | બોરીવલી | ૯૦૦/- |
| ૪૩ | શ્રીમતી ફાલ્ગુનીબેન સંજીવભાઈ શાહ | કાંદીવલી | ૯૦૦/- |
| ૪૪ | સંઘમંત્રી શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ | ભાયંદર | ૯૦૦/- |
| ૪૫ | સંઘમંત્રી શ્રી પીયુષભાઈ કાંતીલાલ શાહ | કાંદીવલી | ૯૦૦/- |
| ૪૬ | સંઘમંત્રી શ્રી ભરતભાઈ નેમીચંદ કુવાડીયા | મુંબઈ | ૯૦૦/- |
| ૪૭ | સહમંત્રી શ્રી મીતેશભાઈ સુભાષભાઈ શાહ | મીરારોડ | ૯૦૦/- |
| ૪૮ | ખજાનચી શ્રી ગીરીશભાઈ કે. શાહ | કાંદીવલી | ૯૦૦/- |
| ૪૯ | સહખજાનચી શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ | મલાડ | ૯૦૦/- |
| ૫૦ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મંડળ | ઘાટકોપર | ૩૦૦૦/- |
| ૫૧ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ | મુલુંડ | ૩૦૦૦/- |
| ૫૨ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મિત્ર સમાજ | ગોરેગાંવ | ૩૦૦૦/- |
| ૫૩ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મંડળ | અંધેરી | ૩૦૦૦/- |
| ૫૪ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મંડળ | મલાડ | ૧૫૦૦/- |
| ૫૫ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મંડળ | સાઉથ મુંબઈ | ૧૦૦૦/- |
| ૫૬ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મહિલા મંડળ | અંધેરી | ૩૦૦૦/- |
| ૫૭ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મહિલામંડળ | સાયન-માટુંગા-વડાલા-દાદર | ૧૫૦૦/- |
| ૫૮ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ | સાંતાક્રુઝ | ૧૫૦૦/- |
| ૫૯ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મહિલામંડળ | વિલેપાર્લા | ૧૫૦૦/- |
| ૬૦ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા પૂજા મંડળ | મલાડ | ૧૫૦૦/- |
| ૬૧ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મહિલામંડળ | કાંદીવલી | ૧૫૦૦/- |
| ૬૨ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. યુવા મંડળ | ભાયંદર | ૧૫૦૦/- |
| ૬૩ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. યુવા મંડળ | મીરા રોડ | ૧૫૦૦/- |
| ૬૪ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. યુવા મંડળ | કાંદીવલી | ૯૦૦/- |

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

## ૮૪મો સમૂહ લગ્ન પ્રસંગે નવદંપતિને અપાવેલ ભેટ

### તા.3-3-૨૦૨૪, રવિવાર, કુલ 3 સમૂહ લગ્ન

## ૮૪મો સમૂહ લગ્ન પ્રસંગે સંઘ તરફથી કરીયાવરમાં આપેલ વસ્તુઓની યાદી

| | | |
|---|---|---|
| ૧. | રીધ્ધી ઓરીયન તવા નંબર-૯ | ૧ |
| ૨. | વઘારીયા (મોટો) | ૧ |
| ૩. | ડીપ કડાઈ - ઢાંકણા સાથે | ૧ |
| ૪. | સોસપેન નંબર-૧૧ | ૧ |
| ૫. | કડાઈ નંબર-૮ | ૧ |
| ૬. | તાસરા નંબર - ૧૨ | ૧ |
| ૭. | અપ્પમ પાતરા નં.૭ (હેન્ડલ સાથે) | ૧ |
| ૮. | ફ્રાય પેન નં.૨૩૫ | ૧ |
| ૯. | રીધ્ધી ક્રીસ્ટલ કડાઈ | ૧ |
| ૧૦. | ફ્લેટ તવા (૪ એમ.એમ.) | ૧ |
| ૧૧. | ટ્રીપ્લી તાસરા (૨૦ સે.મી.) | ૧ |
| ૧૨. | રીધ્ધિ ક્રીસ્ટલ બીડીંગ સોસપેન | ૧ |
| ૧૩. | ટ્રીપ્લી ટોપ. ૧૬ | ૧ |
| ૧૪. | ટ્રીપ્લી ટોપ. ૧૮ | ૧ |
| ૧૫. | ટ્રીપ્લી ટોપ. ૨૦ | ૧ |
| ૧૬. | ટ્રીપ્લી ટોપ. ૧૪ | ૧ |
| ૧૭. | ક્રીસ્ટો ટ્રીપ્લી કુકર (૩ લીટર) | ૧ |
| ૧૮. | મિક્સર ગ્રાઈન્ડર (બોશ ફ્લોરા) | ૧ |
| ૧૯. | બોશ રિચાર્જેબલ ચોપર | ૧ |
| ૨૦. | બોશ પોર્ટેબલ બ્લેન્ડર | ૧ |
| ૨૧. | મેલેમાઈનનો ૩૧ પીસનો ડીનર સેટ | ૧ |
| ૨૨. | ત્રણ ખાનાનો ટીફીન | ૧ |
| ૨૩. | પુરીનો જાળો | ૧ |
| ૨૪. | ચમચો, ડોયો, ભાતીયું, સાણસી, ટવેતો, ચીપીયો- નંગ૬ | ૧ |
| ૨૫. | તપેલીનો સેટ ચીબા સાથે-નંગ ૪ | ૧ |

| | | |
|---|---|---|
| ૨૬. | ચા ની ગરણી | ૧ |
| ૨૭. | સ્ટેનલેસ સ્ટીલની કડાઈ | ૧ |
| ૨૮. | ઉભા ડબ્બા-નંગ૪ | ૧ |
| ૨૯. | ખમણી - નંગ ૧ | ૧ |
| ૩૦. | ઘી-તેલની બરણી - નંગ ૨ | ૧ |
| ૩૧. | થાળીનો સેટ - નંગ ૪ (થાળી, વાટકી, ચમચી, ગ્લાસ અને શાકની ડીસ) | ૧ |
| ૩૨. | મસાલાનો ડબ્બો - નંગ ૧ | ૧ |
| ૩૩. | સ્ટેનલેસ સ્ટીલનો ચા હેન્ડલ | ૧ |
| ૩૪. | ફોલ્ડીંગ ચારણી | ૧ |
| ૩૫. | જગ - નંગ ૧ | ૧ |
| ૩૬. | પાણીની બોટલ - નંગ ૨ | ૧ |
| ૩૭. | કડાઈ - નંગ ૨ | ૧ |
| ૩૮. | વઘાડીયું - નંગ ૧ | ૧ |
| ૩૯. | બોસ ઈસ્ત્રી - નંગ ૧ | ૧ |
| ૪૦. | થર્મોસ (ચા) - નંગ ૧ | ૧ |


**ANANT ENTERPRISES**

Office : G-1, Neo Corporate Plaza, Kach Pada,
Opp. Kapol Banquet Hall, Malad (W), Mumbai - 400064.
Tel.: 28824783/28442368 Email : anantenterprises3@gmail.com

: Authorised Agent :

*Greatwhite* Electricals

PETRA, FIANA & MYRAH MODULARS

WIRES & CABLES, MCB'S, LIGHTING & LED PANELS
PVC TAPE, CONDUITE PIPES & CEILING FANS

AJIT M. SHAH    SAMIR A. SHAH

## ઝાલાવાડ બિઝનેસ ફોરમ
# ધ વેલ્થ ક્રિએશન સીરીઝ શ્રેણી...અમૃતકાળમાં સંપત્તિનું સર્જન

**ઝાલાવાડ બિઝનેસ ફોરમનો ધ વેલ્થ ક્રિએશન સીરીઝ** કાર્યક્રમનો ફર્સ્ટ સેમિનાર તારીખ ૮ માર્ચ ૨૦૨૪ શુક્રવારની સાંજે ૬:૩૦ કલાકે મોતીલાલ ઓશવાલ ટાવર, પ્રભાદેવી ખાતે યોજવામાં આવેલ હતો. આપણા સમાજની સંસ્થાઓનાં, પરા મંડળોનાં, યુવા મંડળોનાં, તેમજ ઝેડ.બી.એફ.નાં સભ્યો, આમંત્રિતો, મહાનુભાવો ઢળતી સંધ્યાએ ઉત્સાહ ભેર પધારી રહયાં હતા. પધારેલ સર્વેએ ચાહ - કોફી, બિસ્કીટ અને ઠંડાઈની લહેજત માણી બધા બેન્કવેટ હોલમાં સેટ થઈ રહયાં હતા. મોતીલાલ ઓશવાલ ટીમ તરફથી પધારેલ સૌને વેલકમ કરવા સાથે ઉષ્માભર્યો આવકાર આપવામાં આવેલ.

ઝાલાવાડ બિઝનેસ ફોરમનાં **સેક્રેટરી શ્રી રાહુલભાઈ સંઘવી** દ્વારા શ્રી નવકાર મહામંત્રનાં પઠન સ્મરણ સાથે કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવેલ. ત્યારબાદ રાષ્ટ્રગીત ગાન સાથે રાષ્ટ્ર સન્માન ભાવનાએ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ. ઝાલાવાડ બિઝનેસ ફોરમનાં **ચેરમેન શ્રી રાજીવભાઈ ગુણવંતભાઈ શાહે** કિ નોટ એડ્રેસ આપી પરિચય આપેલ. ઝાલાવાડ બિઝનેસ ફોરમનાં **વાઈસ ચેરમેન શ્રી કિરણભાઈ શાહે,** મોતીલાલ ઓશવાલનાં ચેરમેન તેમજ આજનાં સ્પીકર **શ્રી રામદેવજી અગ્રવાલ**નો કમ્પલીટ ઈન્ટ્રોડકશન આપેલ. તેમજ શ્રી કિરણભાઈ શાહે, જેઓની સૌ આતુરતાથી રાહ જોતા હતા તે આજનાં કાર્યક્રમનાં **મુખ્ય સ્પીકર શ્રી રામદેવજી અગ્રવાલ**ને પોતાનું વક્તવ્ય આપવા માટે મંચસ્થ પધારવા આદરભર્યો આવકાર આપેલ.

શ્રી રામદેવજી અગ્રવાલે પોતાનાં વક્તવ્યમાં મોતીલાલ ઓશવાલ કંપનીએ તેમજ તેમણે પોતે એ પણ છેલ્લા ૩૦ વર્ષમાં કેવી રીતે પ્રગતી કરી સફળતાને પામ્યા તેની વાસ્તવિક્તા ભરી સંપૂર્ણ અને સચોટ વાતો સરળતાથી રજૂ કરેલ. આ સાથે સાથે તેઓએ આપણા ઝાલાવાડી બંધુઓને જાણે શેર બઝારની ટીપ સમી એક સરસ મઝાની સલાહ આપેલ કે **શેર બઝારમાં જો તમારે સંપત્તિનું સર્જન** કરવું હોય તો **કમ્પાઉન્ડ ઈન્કમ / કમ્પાઉન્ડ ઈન્વેસ્ટમેન્ટ** ક્રિએટ કરવું પડશે. કમ્પાઉન્ડ ઈન્વેસ્ટમેન્ટ એટલે તમે જે ઈન્વેસ્ટમેન્ટ કરો તેનું જેટલું પણ ડિવિડન્ટ આવે કે ઈન્ટ્રેસ્ટ આવે કે જે કાંઈ એકસ્ટ્રા ઈન્કમ ઉભી થાય આ બધુ તમો **રીઈન્વેસ્ટમેન્ટ** કરતા રહેશો, તો તમો **લોંગ ટર્મમાં સારી એવી સંપત્તિનું સર્જન** તમારા માટે કરી શકશો. આજ મંત્રનાં આધારે શ્રી રામદેવજીએ પણ પોતાની પર્સનલ સંપત્તિનું ખૂબ મોટું સર્જન કરેલ છે. તેઓની પાસે ૨૦૦ રૂપિયા હતા. અને તેમાંથી તેઓએ કરોડો કેવી રીતે બનાવ્યા તેનો હાર્દ તેમણે તેમની જીવન સફર વર્ણવી સરળ રીતે સમજાવેલ. તેઓએ તેમની ઈન્કમને **રીઈન્વેસ્ટમેન્ટ કરતા જઈને મોટી સંપત્તિનું સર્જન** કરેલ છે.

એકની ઉપર એક ઈન્વેસ્ટમેન્ટ કરવું એટલે કે જેમ ચક્રવર્તી વ્યાજ હોય તેમ શેર મારકેટમાં **ચક્રવર્તી ઈન્વેસ્ટમેન્ટ** કરતા રહેવું જોઈએ. આમ લાંબા સમયનો ગોલ રાખશો તો આ માર્કેટમાં તમારી માટે સંપત્તિનું સર્જન કરવું આસાન વાત છે. હાલમાં ભારતની આઝાદીનાં ૭૫ વર્ષ પુરા થતા **ભારતનો અમૃતકાળ** ચાલી રહયો છે. આવતા ૧૫ વર્ષમાં ભારતની ઈકોનોમી ખૂબ સારી રહેવાની છે, ત્યારે હજુ પણ **ભારતનાં અમૃતકાળમાં ઈન્વેસ્ટમેન્ટમાં ચક્રવર્તી ઈન્વેસ્ટમેન્ટ** શરૂ કરશો તો આવનાર ૧૫ વર્ષમાં તમે **તમારી માટે સારામાં સારી સંપત્તિનું સારૂં સર્જન** કરી શકશો. તેવી તેમનાં વક્તવ્યમાં ખાત્રી રહી હતી.

ઝાલાવાડ બિઝનેસ ફોરમનો પણ ખાસ હેતુ રહયો છે કે **આપણા સમાજનાં નાનામાં નાના માણસની સંપત્તિનું સારૂં સર્જન કરવામાં ઝાલાવાડ બિઝનેસ ફોરમ નિમિત્ત બને.** અને આજ મંત્રને સાર્થક કરતા ઝાલાવાડ બિઝનેસ ફોરમે **ધ વેલ્થ ક્રિએશન સીરીઝ** નામની સીરીઝ ચાલુ કરેલ છે. તેમાં પાર્ટ - ૧ તરીકેનો સૌથી પહેલો કાર્યક્રમ **''અમૃતકાળમાં સંપત્તિનું સર્જન''** આ વિષય ઉપર મોતીલાલ ઓશવાલનાં ચેરમેન **શ્રી રામદેવજી અગ્રવાલ** સ્પીકર પર્સન તરીકે આ આયોજન કરવામાં આવેલ હતું.

સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈ શાહ, સંઘ ટ્રસ્ટી શ્રી જયેન્દ્રભાઈ શાહ, શ્રી બીપીનભાઈ વોરા, સંઘ ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ વી. શાહ, શ્રી કમલેશભાઈ પારેખ, ફાઉન્ડેશનનાં વાઈસ ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ સી. શાહ, સંઘ મંત્રી શ્રી પિયુષભાઈ શાહ, શ્રી ભરતભાઈ કુવાડીયા, સંઘ સહ મંત્રી શ્રી મિતેશભાઈ શાહ, સંઘ ખજાનચી શ્રી ગીરીશભાઈ શાહ, સંઘ સહ ખજાનચી શ્રી કેતનભાઈ શાહ વગેરે સાથે શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશન, શ્રી ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી ઝાલાવાડ બિઝનેસ ફોરમ, દરેક પરા મંડળો, દરેક યુવા મંડળો વગેરેનાં પદાધિકારીઓ, સભ્યોની ઉપસ્થિતિ સાથે વિશેષ રૂપે આમંત્રિત મહેમાનો, શ્રેષ્ઠિશ્રીઓની ખાસ ઉલ્લેખનીય ઉપસ્થિતિ રહી હતી. આ કાર્યક્રમમાં સારી એવી સંખ્યામાં સૌ પધાર્યા હતાં. સૌએ ખૂબ સારી રીતે કાર્યક્રમ માણ્યો હતો.

શ્રી રામદેવજી અગ્રવાલને **મોમેન્ટો** શ્રી દિલીપભાઈ શાહ અને શ્રી રાજીવભાઈ શાહનાં હસ્તે અર્પણ કરી બહુમાન કરવામાં આવેલ. તેમજ ઉપસ્થિત મહિલાઓ દ્વારા **કેક કાપીને હેપી વુમન્સ ડે** સેલીબ્રેટ કરવામાં આવેલ. સ્વાદિષ્ટ ડિનર માણીને સૌ છુટા પડયાં હતાં.

અહેવાલ: ઉપેન્દ્ર આર. શાહ (પૂર્વ સંપાદક)

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશનનો અનોખો અને અદ્‌ભુત...ઉમંગ અને ઉલ્લાસ ભર્યો... યોજાયો યાદગાર કાર્યક્રમ

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશનનો કાર્યક્રમ તારીખ ૧૦ માર્ચ ૨૦૨૪ રવિવારની સવારે જલારામ હોલ, વિલેપાર્લે ખાતે યોજાયો હતો. સમાજ પ્રત્યેની સદ્‌ભાવનાને સાકાર કરવા સાથે સંગીત મઢયા ડાયરાની ઓળખ સમો આ એક યાદગાર કાર્યક્રમ બની રહયો હતો. ચલો સૌ સાથે મળીએ, આજે એક આગવા વિઝન સાથે સમાજ વિકાસ માટેનાં સ્વપ્નાઓનું નિર્માણ કરીએ, હૃદય ભાવે સૌ સાથે જોડાઈએ અને સૌનું અભિવાદન કરીએ જેવી ઉદ્‌ાત ભાવના રૂપ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સવારમાં ઉમંગ અને ઉત્સાહ ભર્યા આગમન સાથે સૌ પધારી રહયાં હતા. સવારનાં બ્રેકફાસ્ટની લહેજત માણી સૌ કોઈ કાર્યક્રમ માણવાની આતુરતાએ પોતાના સ્થાને ગોઠવાઈ રહયાં હતા. દિલેર દાતાશ્રીઓ, માનવંતા મહાનુભાવો, આમંત્રિત મહેમાનો, શ્રેષ્ઠિશ્રીઓ વગેરેનાં આગમન સાથે સૌને સંગીત ઢોલ, શરણાઈઓનાં નાદ અને તાલ સાથે આદરભાવથી આવકાર આપી તેઓનો ઉમદા સ્વાગત સત્કાર કરવામાં આવેલ.

સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈ શાહ, ફાઉન્ડેશનનાં ચેરમેન શ્રી વિનોદભાઈ શેઠ, સમાજ રત્ન શ્રી ચીનુભાઈ શાહ, આઈ.પી.પી. શ્રી અરવિંદભાઈ શાહ, ફાઉન્ડેશનનાં વાઈસ ચેરમેન શ્રી હર્ષદભાઈ શાહ, શ્રી મહેન્દ્રભાઈ સી. શાહ, ફાઉન્ડેશનનાં મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ કોઠારી, શ્રી જયેન્દ્રભાઈ શાહ, શ્રી કેતનભાઈ એ. શાહ, ફાઉન્ડેશનનાં ખજાનચી શ્રી કિરણભાઈ શાહ, સંઘ ટ્રસ્ટીશ્રીઓ શ્રી કીરીટભાઈ શાહ, શ્રી કુમારભાઈ શાહ, શ્રી પ્રકાશભાઈ શાહ, સંઘ ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ વી. શાહ, સંઘ સેક્રેટરી શ્રી મુકેશભાઈ શાહ, શ્રી પિયુષભાઈ શાહ, શ્રી ભરતભાઈ કુવાડીયા તેમજ શ્રી ગુણવંતભાઈ શાહ , શ્રી વિરેન્દ્રભાઈ કોઠારી, શ્રી હસમુખભાઈ શેઠ, શ્રી કમલેશભાઈ શાહ, શ્રી મુગટભાઈ શાહ, શ્રી મનીષભાઈ કે. શાહ, શ્રી ગીરીશભાઈ શાહ, શ્રી કેતનભાઈ કે. શાહ, શ્રી હરનીશભાઈ શાહ, શ્રી દિપકભાઈ ગાંધી, શ્રી પ્રફુલભાઈ સલોત, શ્રી પ્રણવભાઈ શાહ વગેરે સહ શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશન, શ્રી ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી ઝાલાવાડ બિઝનેસ ફોરમ, દરેક પરા મંડળો, દરેક યુવા મંડળો વગેરેનાં પદાધિકારીઓ, સભ્યોની ઉપસ્થિતિ સાથે વિશેષ રૂપે દિલેર દાતાશ્રીઓ, માનવંતા મહાનુભાવો, આમંત્રિત મહેમાનો, શ્રેષ્ઠિશ્રીઓની ખાસ ઉલ્લેખનીય ઉપસ્થિતિ સમગ્ર કાર્યક્રમની શોભામાં અભિવૃધ્ધી સમાન રહી હતી.

કાર્યક્રમની શરૂઆત લોકડાયરાનાં કલાકાર શ્રી સુનીલ સોની અને તેઓનાં સાથી કલાકારોનાં ગીત સંગીત મઢયા કાર્યક્રમથી શાનદાર રહી હતી. આ કલાકારોએ એક પછી એક એવા આગવા લોકગીતો, દુહા, છંદ, સંગીતની રજૂ કરતા સૌ કોઈ ઝુમી ઉઠયા હતા. ગીત સંગીતનાં તાલે ''મારૂં મન મોર બની થનગાટ કરે...'' ઉપર ગરબે ઘુમવા પદાધિકારીઓ, આમંત્રિતો, મહાનુભાવો પણ ઉત્સાહભેર જોડાયા અને મુક્ત મને ઝુમી અંતર આનંદ માણેલ હતો. ઉપરોક્ત મનોરંજન કાર્યક્રમમાં તરબોળ થઈ સૌ કોઈ આનંદ પામી ખુશ થયા હતા.

મુખ્ય કાર્યક્રમનાં શુભારંભે **દિપ પ્રાગટય**માં શ્રી વિનોદભાઈ શેઠ, શ્રી ચીનુભાઈ શાહ, શ્રી દિલીપભાઈ શાહ, શ્રી ગુણવંતભાઈ શાહ તેમજ દાતા પરિવારનાં શ્રી અતુલભાઈ સંઘવી અને શ્રી જતીનભાઈ પટવાનાં વરદ્ હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવેલ.

ફાઉન્ડેશન તથા ગ્લોબલનાં ચેરમેન **શ્રી વિનોદભાઈ તારાચંદ શેઠે** સમાજ પ્રત્યેનાં ઉદ્‌ાત ભાવો સાથે ઉદ્‌બોધન કરતા જણાવેલ કે ફાઉન્ડેશન છેલ્લા ૨૬ વર્ષથી આપણા સમાજમાં સેવાકાર્યોમાં કાર્યરત છે. આજ સુધીમાં લગભગ ૧૦ કરોડ સુધીની રકમ નાની મોટી સેવાઓમાં આવેલ છે. આ બધાનો શ્રેય વડીલોને જાય છે કે જેઓએ સંસ્થાની સ્થાપના કરી એક મોટું કોરપસ ફંડ ઉભું કરેલ. હવે નવા ચેન્જ લાવી કાર્યોને આગળ વધારીએ. પરંતુ આ બધું જ કાર્ય એક ટીમવર્કનું છે, આપણી પાસે બહોળો સમાજ છે, બધા પરા મંડળો, મહિલા મંડળો, યુવા મંડળો વગેરે છે. આજે અહીયા ભેગા થવાનું કારણ એજ છે કે આપણે એક એવો પ્રયોગ, એક એવો પ્રોજેકટ હાથમાં લઈએ કે જેથી કરી સમાજમાં આવતા ૧૦ વર્ષમાં સાધર્મિક નામની સેવાની કોઈ જરૂર જ ન પડે. એજ્યુકેશન ઉપર ભાર આપતા શ્રી વિનોદભાઈ શેઠે જણાવેલ કે આપણા સમાજમાં ઘરે ઘરે એક એજ્યુકેટેડ શિક્ષિત છોકરો તૈયાર થાય, કે જે આખા કુટુંબને તારશે. જેથી તેઓને બીજા કોઈની મદદની જરૂર નહી પડે. એજ્યુકેશન ક્ષેત્રે ફાઉન્ડેશન, ગ્લોબલ, સંઘ ખૂબ સારા કાર્યો થકી મદદ કરી રહયાં છે. આપણે સૌ ખભે ખભા મિલાવીને કાર્ય કરીએ. તેઓએ એક આહવાન આપેલ કે ચાલો આપણે સૌ એક જ્ઞાન યજ્ઞ, જ્ઞાન પ્રકાશ પૂંજ પ્રગટાવીએ. તેમાં આપ સૌ સાથે મળીને અમને ગાઈડ કરો. આપણે ત્યાં

ડોનરોનો તૂટો નથી પણ સારા પ્રોજેકટોની જરૂર છે. આપણે ગર્લ્સ અને બોયઝની એક હોસ્ટેલ પ્રોજેકટ વિશે વિચારી રહયાં છીએ. સેનેટોરિયમનો પ્રોજેકટ પેન્ડીંગ છે. સારા પ્રોજેકટો લાવી તેને સફળ બનાવીએ. તેઓએ પધારેલ સૌનો આભાર વ્યક્ત કરેલ.

સમાજરત્ન **શ્રી ચીનુભાઈ શાહે** પોતાનું ઉમદા ઉદ્‌બોધન કરતા સૌનો આભાર વ્યક્ત કરેલ. ફાઉન્ડેશનની પ્રગતી માટે શુભકામના પાઠવેલ. આવનાર પ્રોજેકટો માટે તેઓ સાથે જ છે, અને સાથ સહકાર આપતા રહેશે તેમ તેઓએ પોતાની ઉદ્દાત ભાવના વ્યક્ત કરેલ.

સંઘ પ્રમુખ **શ્રી દિલીપભાઈ શાહે** પોતાનાં ઉદ્દાત ભાવો વ્યક્ત કરતા જણાવેલ કે આજે આપણે જે સંખ્યામાં હાજર રહયાં છીએ તેમાં આપણી એક્તાનાં દર્શન થાય છે. ૨૭ વર્ષ પહેલા આપણા સંઘ પ્રેરીત ફાઉન્ડેશનની રચના કરેલ. આજે તેમાં રૂ. ૧૧ કરોડનું કોરપસ ફંડ કરી શકયા છીએ. લોકોને મદદ કરેલ છે. વિધાર્થીઓને ભણાવ્યા છે. **અંધેરી ઈસ્ટ સ્ટેશનથી ચાલીને ફક્ત બે થી ત્રણ મીનીટને અંતરે ૧૨૦૦ ફુટ કાર્પેટની સંઘ - ફાઉન્ડેશનની નવી ઓફીસ લીધેલ છે.** તેમજ પાલીતાણા ખાતે યાત્રિક ભવનને મે અને જૂન માસમાં બંધ રાખીને અધ્યતન બનાવવા સાથે રૂમોને અધ્યતન બનાવી રહયાં છીએ. મુંબઈમાં બધે રીડેવલોપમેન્ટ થઈ રહયાં છે, આપણી દામોદર વાડીને શા માટે આપણે બાકી રાખવી ? ત્યારે **મારુ સ્વપ્ન છે કે મારા જીવન દરમ્યાન આ વાડી છ થી સાત માળની અધ્યતન બનાવીએ** તેમજ તેમાં ઉપરના માળે અધ્યતન રૂમો બનાવીએ. અને ઉપરનાં બે માળ કોઈ કોર્પોરેટને ભાડે આપીએ, અને તે ભાડાથી સંઘ ચલાવવા મદદ મળી રહે. દેશમાં કે વિદેશમાં આગળ વધુ અભ્યાસ માટે ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટમાંથી સહાય આપવામાં આવે છે.

શ્રી વિનોદભાઈ શેઠનાં પરિવારની ઉદ્દાત ભાવોની વાત કરતા શ્રી જીતેન્દ્રભાઈ કોઠારીએ જણાવેલ કે તેમના દિકરાએ અમોને કહેલ કે ફાઉન્ડેશનનો આ પ્રોગ્રામ અમારે સ્પોન્સર કરવો છે. અને આ પ્રોગ્રામનાં સ્પોન્સર બનવાનો ઉમદા લાભ **શ્રી વિનોદભાઈ તારાચંદ શેઠ પરિવારે** લીધેલ છે. આ પરિવારની આ ઉદ્દાત ભાવનાઓની સરાહનારૂપે તેઓનાં પરિવારજનોનું ઉત્કૃષ્ટ બહુમાન કરવામાં આવ્યું હતું.

આપણા સમાજની આગામી નેકસ્ટ જનરેશનની વાત કરતા **શ્રી કિરણભાઈ શાહે** જણાવેલ કે સમાજ ઉપયોગી અનેક કાર્યો કરી સમાજની છેલ્લામાં છેલ્લી જરૂરિયાતવાળી વ્યક્તિ સુધી પહોંચવાનો પ્રયત્ન કરીએ છીએ. તેઓએ શિક્ષણનાં માધ્યમની મહત્તા સમજાવી તેના ઉપર ફોકસ કરીને, આવતા દશકા માટે એક આઈડીયા નક્કી કરેલ છે. તેઓએ જણાવેલ કે હાલ આપણા સંઘ દ્વારા ૧ થી ૫ ધોરણમાં પર સ્ટુડન્ટ રૂ. ૫૦૦૦ની સહાય, ૬ થી ૮ ધોરણનાં વિધાર્થીઓને પર સ્ટુડન્ટ રૂ. ૭૦૦૦ની સહાય, ધોરણ ૯ અને ૧૦ નાં વિધાર્થીઓને પર સ્ટુડન્ટ રૂ. ૯૦૦૦ની સહાય કરવામાં આવે છે. જરૂરિયાતવાળા વિધાર્થીઓ તેનો લાભ લઈ રહયાં છે. ધોરણ ૧૧ અને ૧૨ જુનિયર કોલેજમાં ઝાલાવાડ ફાઉન્ડેશન ૫૦ ટકા સુધીની રાહત અગર રૂ. ૨૫,૦૦૦ ફીમાં રાહત આપવામાં આવે છે. કોલેજમાં ૩ કે ૪ વર્ષનાં ગ્રેજયુએશનમાં પણ ઝાલાવાડ ફાઉન્ડેશન ૫૦ ટકા સુધીની રાહત અગર રૂ. ૨૫,૦૦૦ ફીમાં રાહત આપવામાં આવે છે. કોલેજનાં છેલ્લા બે વર્ષ માટે વિધાર્થીઓની પૂરે પૂરી જરૂરિયાતની રકમ ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટમાંથી વગર વ્યાજે લોન પેટે આપવામાં આવે છે. આપણા સમાજનાં જે વિધાર્થીઓને યુએસ કે યુકે માં માસ્ટર કરવા જવું છે તેઓની પૂરી જરૂરિયાત એટલે કે રૂ. ૪૦ થી ૫૦ લાખ સુધીની જરૂરિયાત ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટમાંથી વગર વ્યાજે લોન પેટે આપવામાં આવશે. તેમજ તેનું તેઓને ગાઈડન્સ, કન્સલ્ટન્સી કરી આપવા સાથે માર્ગદર્શન આપવામાં આવે છે. ૩૧ માર્ચનાં જૈન જાગૃતિ સેન્ટર સાથે સહયોગમા એસ.એન.ડી.ટી. કોલેજ, માટુંગામાં એજ્યુકેશન સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે.

આપણા સમાજની બધી સંસ્થાઓ, પરા મંડળો, મહિલા મંડળો, યુવા મંડળો વગેરેમાં **કો-ઓર્ડિનેશન ઓછું** જોવા મળે છે. તેમ જણાવતાં **શ્રી જીતેન્દ્રભાઈ કોઠારીએ** જણાવેલ કે જો મજબૂત કામ, સારૂં કામ, વધારે કામ કરવું હોય તો દરેકનો સાથ, સહકાર જોઈશે. **સારૂં મજબૂત સંકલન સમન્વય** જોઈશે. મદદ માટે આવતા સાધર્મિકને સ્વમાનભેર આવકારવા જોઈએ. સ્વમાનભેર મદદ આપવી જોઈએ. આ આપણી નૈતિક ફરજ છે. સાધર્મિકને આપણે **સાધર્મિક નહિ રાખતા તેમને સ્વાવલંબી બનાવવાનાં** છે. જરૂરિયાતવાળા પરિવારોને સરકારની દરેકે દરેક સ્કીમ, યોજનાઓની માહિતી આપી તેનો લાભ લેવા સમજાવો. તેઓએ **ફેમીલી કાર્ડ** બનાવવા વિશે, તેનાથી થતા ફાયદા અંગે માહિતીઓ આપેલ.

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશનની **''લેપટોપ સહાય યોજના''** અંગે શ્રી જીતેન્દ્રભાઈ કોઠારીએ જણાવેલ કે આ એક નવી સ્કીમમાં જરૂરિયાતવાળા વિધાર્થીઓમાં જે ૧૨ પાસ હશે અને ૬૦ ટકા ઉપર માર્કસ મળેલ હશે. કોલેજમાં એડમિશન થયેલ હશે. તેને સારામાં સારૂં લેપટોપ લગભગ ૩૦ - ૩૫ ટકાનાં નજીવા દરે એટલે કે લગભગ ૮ થી ૧૦ હજારમાં આપવામાં આવશે. આ **''લેપટોપ સહાય યોજના''**

સ્કીમને પદાધિકારીઓ, મહાનુભાવોનાં હસ્તે અત્રે વિધિવત લોન્ચ કરવામાં આવેલ. આ સ્કીમમાં હાલ શરૂઆતમાં ૧૦૮ વિધાર્થીઓને લાભ આપવામાં આવશે.

આપણા ઝાલાવાડ સમાજનાં સંઘવી પરિવારનાં દિકરી અને પટવા પરિવારનાં પુત્રવધુ શ્રીમતી શૈલાબેન જતીનકુમાર પટવાનું કેન્સર બિમારીથી અવસાન થયેલ. ઝાલાવાડ સમાજનાં સામાન્ય પરિવારને જો આવી પરિસ્થિતિનો સામનો કરવામાં આવે તો તેઓની હાલત કેવી નાજુક બની જાય. આ વિચારે આ પરિવારે ફાઉન્ડેશનનાં પદાધિકારીઓને બોલાવી ફાઉન્ડેશનની **''કેન્સર કેર યોજના''** માં મુખ્ય દાતા તરીકેનો ઉત્તમ લાભ **શ્રીમતી શૈલાબેન જતીનકુમાર પટવા, હસ્તે શ્રી અતુલભાઈ નગીનદાસ સંઘવી**એ લેતા **રૂ. ૩૬ લાખ**નું યોગદાન આપેલ છે. શ્રી સંઘવી પરિવાર વિશે શ્રી કિરણભાઈએ અને શ્રી પટવા પરિવાર વિશે શ્રી મહેન્દ્રભાઈ સી. શાહે આ બન્ને પરિવારોનાં સુકૃત કાર્યો અને ઉદ્દાત ભાવો વિશે જણાવેલ. આ કાર્યક્રમ દરમ્યાન **''કેન્સર કેર યોજના''** ને મુખ્યદાતાશ્રી પરિવારોનાં હસ્તે લોન્ચ કરવામાં આવેલ. આ યોજનાનાં બન્ને દાતાશ્રી પરિવારોનું **સન્માન પત્ર અને મોમેન્ટો** અર્પણ કરવા સાથે ખેસ પહેરાવીને ઉમદા બહુમાન કરવામાં આવેલ. શ્રી સંઘવી પરિવાર અને શ્રી પટવા પરિવાર સાથે સંપર્ક સેતુ બનાવવામાં શ્રી મનિષભાઈ માથુકીયા અને શ્રી બંકીમભાઈ માથુકીયાનાં ઉલ્લેખનીય ઉમદા સાથ, સહકાર રહયાં હતાં.

સંઘ મંત્રી શ્રી મુકેશભાઈ યુ. શાહ અને ફાઉન્ડેશન મંત્રી શ્રી કેતનભાઈ એ. શાહે માનવંતા મહાનુભાવો, દાતાશ્રીઓ, આમંત્રિત મહેમાનો, શ્રેષ્ઠિશ્રીઓને આદરભાવે સત્કાર આપવા સાથે, તેઓને બેઠક વ્યવસ્થા સુધી લઈ જઈને ઉત્કૃષ્ટ આવકાર આપતી ઉલ્લેખનીય સેવાઓ આપી હતી. તેમજ સ્ટેજ પ્રોગ્રામ કાર્યમાં પણ સહયોગ આપેલ. આ બન્ને પદાધિકારીઓની સેવાઓની નોંધ લેવા સાથે તેઓની સેવાઓને બિરદાવવામાં આવેલ છે. શ્રી કિરણભાઈ શાહ અને શ્રી જીતેન્દ્રભાઈ કોઠારીએ આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરવા સાથે એક સુંદર માહોલ બનાવતા, તેઓએ ખૂબ જ ઉપયોગી માહિતીઓ અને જાણકારીઓ આપેલ હતી. આ સફળ કાર્યક્રમનાં સમાપને આભાર વિધિ ફાઉન્ડેશનનાં મંત્રી શ્રી જયેન્દ્રભાઈ શાહે કરી સૌનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરેલ હતો. મનભાવન ભોજનને લાભ આપી સફળ કાર્યક્રમની સુખદ પળોને વાગોળતા સૌ છુટા પડયા હતા.

અહેવાલ: ઉપેન્દ્ર આર.શાહ (પૂર્વ સંપાદક)


INDIA ELECTRIC CORPORATION
Email: indiaelectriccorporation@gmail.com
Distributor of : VGYAAN
Interactive Panel
HT Series - [IFP Board]

Size: 65" | 75" | 85" | 98"
• Dual OS • High Efficient Video Content • Split Screen
• 4K Resolution • Screen Mirroring • Interactive Presentation

Classroom DESK
(Single / Double / Triple Seater)

Podium
Audio / Metallic Digital

KUNJIS Solutions
Email: kunjissolutions@gmail.com
Graphic Designing :
Logos / Brochures / Pamphlets / Invitations
Automation Web Development
Software Development
Specialized in ID Card Development

KANDIVALI Office :
#7, Gr Flr, Shanti Nivas, C P Road, Kandivali East, Mumbai - 400 101. BHARAT
Tel.: +91-22-4825 6418 - Mbl: +91 93210 38806

SALONI INVESTMENTS
Plan-Invest-Grow
Email: saloniinvestments@gmail.com
Financial solutions under one roof
OUR SERVICES: Tax / Insurance / Financial Planning Corpus Creation Wealth Management
OUR PRODUCTS: Bonds Fixed Deposit Mutual Fund Property Investment Insurance : Health | Life | General
Insurance: Health - ManipalCigna, care, TATA AIG, ICICI Lombard; General - TATA AIG, ICICI Lombard; Life - AVIVA, HDFC Life, TATA AIA, LIC, BAJAJ Allianz
Property Investment: LODHA PREFFERED PARTNER
Bonds: Corporate NCDs, Government Securities
Fixed Deposits: BAJAJ FINSERV, pnb Housing, SHRIRAM
Mutual Funds Sahi Hai: CANARA ROBECO, Invesco Mutual Fund, kotak, TATA Mutual Fund, MIRAE ASSET, PPFAS Mutual Fund, mahindra Mutual Fund

ELECTRICAL TRADERS (ESTD 1958)
Dealers - Distributors - Marketing Consultant
Automations | Instrumentations | Electricals | Electronics

HEAD Office :
#4, Gr Flr, 38/42, Popatwadi, Kalbadevi Road, Marine Lines East, Mumbai - 400 002. BHARAT
Tel.: +91-22-2208 4940 / 4976 3049

**શ્રી ઝાલાવાડ જૈન.મૂ.પૂ.સંઘ-મુંબઈ**
**કાયમી પ્રેરકદાતા ખેરવા નિવાસી હાલ દાદર - મુંબઈ**
**માતુશ્રી મંજુલાબેન ખીમચંદ છગનલાલ શાહ**

**સહાયકદાતા ચોટીલા નિવાસી હાલ ગોરેગામ - મુંબઈ**
**માતુશ્રી ઈન્દીરાબેન નરેશભાઈ હીરાલાલ દેસાઈ**

## સાધર્મિક ભકિત યોજના

આપણા શ્રી સંઘ તરફથી કાયમી ધોરણે ચાલતી સાધર્મિક ભક્તિ યોજનાના માધ્યમથી સમાજના જરૂરિયાતવાળા પરિવારોને માસિક ધોરણે દર વર્ષે ભક્તિ કરવામાં આવે છે. આગામી વર્ષ ૨૦૨૪/૨૫ (તા.૧-૪-૨૪ થી ૩૧-૩-૨૫) માટે જે પરિવારોને આ સહાયની જરૂરિયાત હોય તેઓએ શ્રી સંઘ દ્વારા નિયત કરવામાં આવેલ ફોર્મ ભરવાનું છે. નવા વર્ષ માટેની સાધર્મિક ભક્તિ સહાય યોજનાના ફોર્મ તા.૧૨-૪-૨૦૨૪ થી તા.૩૦-૪-૨૦૨૪ નીચે જણાવેલ સ્થળેથી મળી શકશે. જરૂરિયાતવાળા પરિવારે આ ફોર્મ સંપૂર્ણ વિગતો લખી શ્રી સંઘની ઓફીસ અથવા દામોદરવાડી આપવાનું રહેશે. આ ફોર્મ તા.૧૦-૫-૨૦૨૪ સુધીજ સ્વીકારવામાં આવશે.

(૧) **ઝાલાવાડ સંઘ ઓફીસ :** ૧૦૩, અશોક હાઈટ્સ, સરસ્વતી ટાવર સામે, ઓફ જુના નાગરદાસ રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯. સમય : ૧૧.૩૦ થી ૫.૩૦ મો.: ૯૧૩૭૩૪૨૮૧૮ (રવિવાર તથા રજાના દિવસ સિવાય)

**(૨) દામોદરવાડી ઓફીસ** - અશોક ચક્રવર્તી રોડ, કાંદીવલી (ઈ), ફોન : ૨૮૮૭૪૬૩૩ (સવારના ૧૧ થી ૫ વાગ્યા સુધી)

**(૩) શ્રી ખીમચંદ છગનલાલ શાહ** - માનવ સેવા ટ્રસ્ટ સી-૧, તીર્થંકર દર્શન, ગ્રાઉન્ડ ફ્લોર, બાવન જીનાલય પાસે, ભાયંદર (વેસ્ટ), મો.: ૯૮૬૯૦૪૦૧૫૦

**(૪) ડોંબીવલી : કમલેશભાઈ શાહ** - ૯૮૬૯૩૬૩૨૦૫

**નોંધ :-** આ ફોર્મ સાથે આયુષ્યમાન કાર્ડની ઝેરોક્ષ બીડવાની રહેશે જેની ખાસ નોંધ લેશો.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ સંચાલિત**
**રામપુરા ભંકોડા નિવાસી - હાલ અંધેરી (મુંબઈ)**
**શ્રીમતી મંજુલાબેન પ્રવિણચંદ્ર ચંદુલાલ શાહ પરિવાર**
**પ્રેરિત કેળવણી સહાય યોજના**
**ધોરણ ૧ થી ૧૦ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી માટેના ફોર્મ બાબત**

આપણા સંઘના જરૂરિયાતવાળા સભ્ય પરિવારના ધોરણ ૧ થી ૧૦ સુધી ભણતાં વિદ્યાર્થીઓને દર વર્ષે સ્કુલ ફી આપવામાં આવે છે. આ વર્ષે પણ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શાળા માટે ફી આપવામાં આવશે. ધોરણ ૧ થી ૧૦ સુધી ભણતા વિદ્યાર્થીઓ માટે શ્રી સંઘની ઓફિસેથી તથા નીચે જણાવેલ સ્થળેથી કેળવણી સહાયના ફોર્મ મેળવી અરજી કરવી.

**કેળવણી સહાય માટેના ફોર્મ મેળવવાના સ્થળ**

- **સ્થળ** : ૧૦૩, અશોક હાઈટસ, સરસ્વતી ટાવર સામે, ઓફ જુના નાગરદાસ રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯

શ્રીસંઘના **ઓળખપત્ર** અને આવકના દાખલા સાથે, જરૂરી **પ્રમાણપત્રો** આપવાના રહેશે

**સમય :** સવારના ૧૧.૦૦ થી ૬ કલાક સુધી (રજાના દિવસ સિવાય)

- દામોદરવાડી, અશોક ચક્રવર્તી રોડ, કાંદીવલી (ઈસ્ટ)
  સમય : સવારે ૧૧ થી ૫
- શ્રી ખીમચંદ છગનલાલ શાહ (માનવ સેવા ટ્રસ્ટ) - સી-૧, તીર્થંકર દર્શન, દેવચંદનગર, બાવન જિનાલય પાસે, ભાયંદર (વેસ્ટ). મો. : ૯૮૬૯૦૪૦૧૫૦

  ફક્ત રવિવાર સવારે ૧૦.૩૦ થી ૧૨. ૦૦
- કેળવણી સહાય માટેના ફોર્મ સંઘની ઓફીસે તા.૧૫-૫-૨૦૨૪ થી તા.૧૫-૬-૨૦૨૪ સુધી મળશે. ફોર્મ પાછા સ્વીકારવા માટેની છેલ્લી તા.૩૦-૬-૨૦૨૪ સુધી. જરૂરી માંગેલ પ્રમાણપત્રો સાથે ફોર્મ ભરી શ્રી સંઘની ઓફીસે પહોંચાડવા.

કેળવણી સહાય યોજનામાં જે વિદ્યાર્થીને સહાય કરવામાં આવશે તે દરેક વિદ્યાર્થીને રાણપુર નિવાસી હાલ બોરીવલી શ્રીમતી ઈંદુમતી વસંતલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ હ. ઉમેશભાઈ વસંતલાલ શાહ (નારેચાણીયા) તરફથી ૧ ડઝન લોંગબુક ૨૦૦ પાનાની લાઈનવાળી સારી ક્વાલોટીની વિના મુલ્યે આપવામાં આવશે.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ**
**સંચાલિત**
## શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ
**માતુશ્રી સમજુબેન ત્રિભોવનદાસ લાલચંદ શાહ પરિવાર**
**હ.: શ્રીમતી પ્રવીણાબેન પ્રવીણચંદ શાહ**
**(લીંબડી - ઘાટકોપર - મુંબઈ)**
**યાત્રિકભવન - પાલીતાણા**
## પર્યુષણ પર્વ નિમિત્તે બ્લોક ફાળવણી બાબત

આપણા યાત્રિક ભવનમાં આગામી સંવત ૨૦૮૦ના પર્વાધિરાજ પર્યુષણના દિવસો માટે બાકી રહેલા બ્લોકો ડ્રો પધ્ધતિથી ફાળવવામાં આવશે. પર્યુષણ માટે તા.૩૦-૮-૨૦૨૪ શનીવારથી તા.૯-૯-૨૦૨૪ શનીવાર સુધી કુલ દસ દિવસ માટે જે જે પરિવારો પાલીતાણા જવા ઈચ્છા ધરાવતા હોય તેઓએ શનિવાર તા.૨૧-૪-૨૦૨૪ બપોરના ૩.૦૦ વાગ્યા સુધીમાં લેખીત અરજી શ્રી સંઘની અંધેરી ઓફિસે અથવા કાંદિવલી દામોદરવાડીએ મોકલી આપવી. જેટલા બ્લોકો છે તેનાથી વધુ અરજીઓ આવશે તો ડ્રો પધ્ધતિથી બ્લોકો ફાળવવામાં આવશે. આ અંગેની જાણ શનીવાર તા.૨૭-૪-૨૦૨૪ સુધીમાં કરવામાં આવશે. દરક બ્લોકમાં વધુમાં વધુ ૫ (પાંચ) વ્યક્તિઓ રહી શકશે.

- ❖ નોન એ.સી. બ્લોક ૫ બેડ : રૂા.૫૫૦૦/-
- ❖ એ.સી. બ્લોક ૫ બેડ : રૂા.૧૩૦૦૦/-
- ❖ એ.સી. ડીલક્સ ૫ બેડ : રૂા.૧૬૦૦૦/-

પર્યુષણ કરવા આવનાર આરાધકોએ એકાસણા, બિયાસણા તેમજ છુટક જમવાનો ચાર્જ ભરવાનો ફરજીયાત રહેશે તેની જાણકારી સંઘ ઓફિસે ફોન મોબાઈલ કરી મેળવી લેવા વિનંતી.

કોઈપણ પરિવારને અગ્રતા ક્રમ આપવામાં આવશે નહિ. અરજી સાથે નીચે મુજબની **ડીપોઝીટ ભરવાની રહેશે**.

- ♦ નોન એ.સી બ્લોક માટે ડીપોઝીટ : રૂા.૪૦૦૦/-
- ♦ એ.સી. બ્લોક માટે ડીપોઝીટ : રૂા.૭૦૦૦/-

જેમને બ્લોક ફાળવવામાં આવ્યો હશે તેમને બાકીની રકમ ભરવાની રહેશે. બાકીની રકમ ભરશે નહિ તેમની ડીપોઝીટ પરત કરવામાં આવશે નહિ.

પર્યુષણ કરવા જનારે બ્લોકમાં રહેનાર દરેક વ્યક્તિઓના નામ અરજી આપતી વખતે/ડિપોઝિટ ભરતી વખતે લખાવવાના ફરજીયાત રહેશે. આરાધકોએ તેઓની સાથે ૧ યુનીક ID (આધાર કાર્ડ / પેનકાર્ડ) સાથે રાખવું ફરજીયાત છે તેમજ પોતાના બ્લોક માટે તાળુ ચાવી સાથે લઈ જવાના રહેશે.

ચાર્તુમાસ માટે જેમને બ્લોક ફાળવવામાં આવ્યા હશે પણ તેમના બ્લોકોમાં પાંચ કરતાં ઓછી વ્યક્તિ હશે તો તેઓ પર્યુષણ પર્વ દરમિયાન પોતાના બ્લોકમાં એટલી વ્યક્તિને રાખી શકશે. પણ તેમનો જમવાનો નકરો વ્યક્તિ દિઠ ભરવો ફરજીયાત રહેશે.

**કન્વીનર - મહેન્દ્રભાઈ વી. શાહ**

ખાસ નોંધ : આરાધકોએ બીમારીનાં વિગત ખાસ જણાવવાની રહેશે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઇ
**શ્રી આદિનાથ રત્નત્રય આરાધનાધામ -(યાત્રિક ભવન પાલીતાણા)**
**માતુશ્રી સમજુબેન ત્રીભોવનદાસ લાલચંદ શાહ પરિવાર**
**હ: શ્રીમતી પ્રવીણાબેન પ્રવીણચંદ્ર શાહ (ઘાટકોપર - મુંબઇ)**

યાત્રિક ભવન બ્લોક રિનોવેશન તા. ૨૬/૦૪/૨૦૨૪ થી ૩૦/૦૬/૨૦૨૪ સુધી યાત્રિકો માટે સંપૂર્ણ બંધ રહેશે. શ્રી સંઘ સંચાલીત પાલીતાણા યાત્રિક ભવન (ધર્મશાળા) ને વીસ વર્ષ પૂર્ણ થયા. જેથી શ્રી સંઘ સંચાલકો એ નિર્ણય કરી હાલના સમય ને અનુરૂપ યાત્રિકોની માંગ મુજબ બ્લોકો આધુનીક, સુવિધાયુક્ત, વેલ ફર્નીસ બનાવવાનું કાર્ય છેલ્લા થોડા સમય થી ચાલુ છે જેને ચાર્તુમાસ પહેલા પૂર્ણ કરવાનું છે ઉપર જણાવેલ સમયગાળા દરમ્યાન યાત્રિક ભવન બુકીંગ બંધ રહેશે. **દરેક યાત્રિકો એ નોંધ લેવા વિનંતી.**

## યાત્રિક ભવન રૂમ બુકીંગ અંગેના નિયમો - સૂચના
**યાત્રિક ભવન માટેનું બુકીંગ ફક્ત નીચેના સ્થળે થશે :**

| | |
|---|---|
| ૧. | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ સં ઘ - મુંબઇ<br>૧૦૩, અશોક હાઇટ્સ, ઓલ્ડ નાગરદાસ રોડ, ભુતા હાઇસ્કુલ લેન, અંધેરી (ઇસ્ટ), મુંબઇ - ૪૦૦૦૬૯. મો.નં : ૯૧૩૭૩૪૨૮૧૮<br>સમય : ૧૧.૩૦ થી ૬.૦૦ |
| ૨. | નોંધ : એપ્રિલ ૨૦૨૪ થી પાલીતાણા યાત્રિક ભવન રૂમ અને પેકેજનું બુકીંગ દામોદરવાડીમાં કરવામાં આવશે નહિં. |
| ૩. | યાત્રિક ભવન બ્લોક એડવાંસ બુકીંગ ચાર માસ પહેલા (રેલ્વે ટીકીટ રીઝર્વેશન પ્રમાણે) કરવામાં આવે છે. |
| ૪. | પાલીતાણા પહોંચતા યાત્રિકોએ નવકારસી-બપોરનું ભોજન અને ચૌવિયારની અગાઉથી જાણ કરી જણાવેલ સમયમાં પાસ મેળવી લેવાનાં રહેશે.<br>સંપર્ક : ૦૨૮૪૮ - ૨૪૩૩૯૬ |
| ૫. | યાત્રિક પહોંચતા આધાર કાર્ડની ઝેરોક્ષ ફરજીયાત આપવાની રહેશે. |
| ૬. | યાત્રિક ભવન ચેક આઉટ કર્યા બાદ બ્લોકની ચાવી ઓફીસમાં જમા કરાવવાની રહેશે. |
| ૭. | બ્લોક કેન્શલેશન ચાર્જીસ ડીપોઝીટ રશીદ પાછળ છાપેલ મુજબ કાપવામાં આવશે. |

**કન્વીનર - યાત્રિક ભવન વ્યવસ્થા કમીટી**

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

## મોટા ઓપરેશન અને સારવારના ખર્ચથી બચવા માટેની મફત સારવાર યોજના

### આયુષ્યમાન કાર્ડ - ભારત સરકાર મેડીક્લેઈમ અને
### મહાત્મા જ્યોતિબા ફુલે જન આરોગ્ય કાર્ડ - મહારાષ્ટ્ર સરકાર મેડીક્લેઈમ

છેલ્લા થોડા વર્ષોથી એમાં પણ કોરોના પછીથી મેડીક્લેઈમના પ્રીમીયમમાં ખુબજ વધારો થયો છે. કેટલીક કંપનીઓમાં તો પ્રીમીયમ ડબલ થઈ ગયા છે. આ બાબત આપણે સર્વે જાણીએ છીએ.

હોસ્પીટલની સારવાર અને નાના-મોટા ઓપરેશનનો ખર્ચ પણ ખુબજ વધી ગયેલ છે. મોંઘવારીના સમયમાં અચાનક આવી પડતી બિમારી / ઓપરેશન માટે સાધારણ પરિવાર માટે તો અનેક સંસ્થાઓ, ટ્રસ્ટો અને મંડળોમાં અર્જી કરી માંગણી કરવી પડે જ છે. પરંતુ મધ્યમ વર્ગના પરિવારોને પણ અચાનક આવી પડતા હોસ્પિટલના ખર્ચને લીધે પરિવારનું બજેટ ખોરવાઈ જાય છે. આ બાબત આપણને છેલ્લા ત્રણ વર્ષમાં અનુભવી છે. જોવામાં અને જાણવામાં આવી છે.

ભારત સરકાર દ્વાર કેસરી અને પીળા કલરના રેશન કાર્ડ ધારકોને પરિવારના દરેક સભ્ય દીઠ આયુષ્યમાન કાર્ડ દ્વારા રૂા. પાંચ લાખ સુધીની સારવાર ભારતમાં કોઈપણ શહેરમાં નક્કી કરેલ હોસ્પિટલમાં મફત કરી આપવામાં આવે છે. અને તેનો કોઈપણ પ્રકારની ફી કે ચાર્જ આપવો પડતો નથી. આ માટે આધાર કાર્ડ રેશન કાર્ડ જોડાયેલ (લીંક) હોવું જરૂરી છે. સમાજના દરેક પરિવારોએ આ યોજનાનો લાભ અવશ્ય લેવો જોઈએ. સમય કાઢીને પણ તમારા સ્થાનિક વિસ્તારની રેશન કાર્ડ ઓફીસમાં જઈ લીંક કરાવી લેવું જોઈએ.

ગત તા.૩૧- માર્ચ, ૨૦૨૪ રવિવારના રોજ ભાયંદર ખાતે બોરીવલીથી વિરાર સુધીના સાધારણ પરિવારો માટે આયુષ્યમાન કાર્ડ અને મહાત્મા જ્યોતિબા ફુલે જન આરોગ્ય કાર્ડ કાઢી આપવા માટે એક શિબિર (કેમ્પ) રાખવામાં આવેલ. જેમાં ૭૦ થી પણ વધુ પરિવારો દિવસ દરમિયાન આવેલ તેમાં ૧૨ આયુષ્યમાન કાર્ડ અને ૧૧ મહાત્મા જ્યોતિબા ફુલે જન આરોગ્ય કાર્ડ સ્થળ પર જ કાઢી આપવામાં આવેલ. ૭૦ પરિવારમાંથી આટલા જ કેમ ? અંદાજે ૪૦ પરિવારોએ આધાર કાર્ડ અને રેશન કાર્ડ લીંક કરાવેલ ન હોવાથી આયુષ્યમાન કાર્ડ અને મ.જ.ફુલે જન આરોગ્ય કાર્ડ બની શક્યા નહીં અને ૧૦ પરિવારોએ અગાઉ આયુષ્યમાન કાર્ડ કઢાવી લીધેલ હતા.

ઘણી વખત આપણી બેદરકારી અને આળસને કારણે પરિવારના સભ્યને આવી પડતો હોસ્પિટલનો આકસ્મિક ખર્ચ માટે અનેક ટ્રસ્ટ અને સંસ્થાઓમાં સહાય માટે જતા જોયા છે. એવી પણ પરિસ્થિતિ થયેલ છે કે આજ સુધી ક્યારે પણ કોઈ પણ સંસ્થા પાસે સહાય માટે અરજી ન કરી હોય અને હોસ્પિટલોનું ખર્ચ મોટી રકમનું આવી જતા લાચારીથી સહાય માંગવી પડતી હોય છે. આવી પરિસ્થિતિ નિર્માણ થાય તે પહેલા બીજા કામો બાજુ પર રાખી સમય કાઢી સ્થાનિક તમારા વિસ્તાર રેશન કાર્ડ ઓફીસમાં જઈ રેશન કાર્ડ / આધાર કાર્ડ લીંક કરાવી લેશો અને રેશન કાર્ડ ઓફીસમાં લીંક કરવા માટે ફક્ત એક ફોર્મ ભરીને પ્રક્રિયા પૂર્ણ કરવાની હોય છે.

## આયુષ્યમાન કાર્ડ અને મહાત્મા જ્યોતિબા ફુલે જન આરોગ્ય કાર્ડ કાઢી આપવા માટે શિબિર (કેમ્પ)

**હાલમાં લોકસભાની ચૂંટણીને લીધે આચાર સંહિતા હોવાથી ૨૦મી મે પછી નીચેના વિસ્તારોમાં કેમ્પ રાખવામાં આવેલ છે.**

| | | |
|---|---|---|
| (૧) | તા. ૨૫ / ૨૬ મે ૨૦૨૪ શનિવાર અને રવિવાર<br>સવારે ૧૦ થી ૧ અને બપોરે ૨ થી ૫ | ઝાલાવાડ મંડળ બોરીવલી કાર્યાલય : કે-૨/બી મંગલ કુંજ<br>જાંબલી ગલી દેરાસર સામે, બોરીવલી (વે). |
| (૨) | તા.૧ / ૨ જૂન ૨૦૨૪ શનિવાર અને રવિવાર<br>સવારે ૧૦ થી ૧ અને બપોરે ૨ થી ૫ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ઓફીસ, દુકાન નં. ૯,<br>દામોદરવાડી, ચક્રવર્તી અશોક રોડ, કાંદિવલી (ઈ) |
| (૩) | તા.૬ / ૭ જૂન ૨૦૨૪ શનિવાર અને રવિવાર<br>સવારે ૧૦ થી ૧ અને બપોરે ૨ થી ૫ | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ઓફીસ, દુકાન નં. ૯,<br>દામોદરવાડી, ચક્રવર્તી અશોક રોડ, કાંદિવલી (ઈ) |
| | | |

**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ**

## પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના

**આયુષ્યમાન કાર્ડ - ભારત સરકાર મેડીક્લેઈમ અને મહાત્મા જ્યોતિબા ફુલે જન આરોગ્ય કાર્ડ - મહારાષ્ટ્ર સરકાર મેડીક્લેઈમ**

ઉપરોક્ત બંન્ને કાર્ડ યોજનામાં નીચેની શરતોને આધીન રૂા. પાંચ લાખ સુધીની વ્યક્તિગત સારવાર અને ઓપરેશન વગેરે સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ હોસ્પીટલમાં મફત (ફ્રી) થાય છે. કોઈપણ ચાર્જ આપવો પડતો નથી.

### શરતો/નિયમો

**(A) આયુષ્યમાન કાર્ડ :-** (ભારત સરકાર)

(૧) રેશન કાર્ડ અને આધાર કાર્ડ લીંક કરવા માટે તમારા સ્થાનિક વિસ્તાર ઓફીસની રેશન કાર્ડ ઓફીસમાં થઈ શકે છે. (૨) ફક્ત કેસરી અને પીળા કલરના રેશન કાર્ડ ધરાવતા પરિવારોને વ્યક્તિગત રૂા.પાંચ લાખ સુધીની ફ્રી સારવાર અને ઓપરેશન નક્કી કરેલ હોસ્પિટલોમાં ભારતના કોઈપણ શહેરમાં થઈ શકે છે. (૩) કેસરી અને પીળા કલરના રેશન કાર્ડ આધારકાર્ડ સાથે (લીંક) જોડાણ હોય તો જ આ કાર્ડ મળી શકશે. (૪) સફેદ રેશન કાર્ડવાળા પરિવારોને આયુષ્યમાન કાર્ડનો લાભ મળી શકશે નહીં.

**(B) મહાત્મા જ્યોતિબા ફુલે જન આરોગ્ય કાર્ડ :-** (મહારાષ્ટ્ર સરકાર)

(૧) રેશન કાર્ડ અને આધાર કાર્ડ લીંક કરવા માટે તમારા સ્થાનિક વિસ્તાર ઓફીસની રેશન કાર્ડ ઓફીસમાં થઈ શકે છે. (૨) કેસરી, પીળા અને સફેદ કલરના રેશન કાર્ડ ધરાવતા પરિવારોને ફ્લોટર રૂા.પાંચ લાખ સુધીની મફત (ફ્રી) સારવાર અને ઓપરેશન નક્કી કરેલ હોસ્પિટલોમાં મહારાષ્ટ્રના કોઈપણ શહેરમાં થઈ શકે છે. (૩) કેસરી, પીળા અને સફેદ કલરના રેશન કાર્ડ આધારકાર્ડ સાથે (લીંક) જોડાણ હોય તો જ આ કાર્ડ મળી શકશે. (૪) મહાત્મા જ્યોતિબા ફુલે જન આરોગ્ય કાર્ડ પરિવાર દીઠ હોવાથી મુખ્ય વ્યક્તિના નામે મળી શકે છે. ❖ સરકારની વેબસાઈટ પર વધુ વિગત જોઈ લેવી. ❖ સરકારશ્રીની નિયમો - શરતો અને ધારા-ધોરણે આધીન

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મંડળ - બોરીવલી**

ઉપરોક્ત મંડળ દ્વારા જુન-૨૪ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે જે કોઈ મંડળના સભ્ય પરિવારના બાળકોને એ-૪ સાઈઝની બુક વિદ્યાર્થી દીઠ નીચે મુજબ આપવામાં આવશે. **તા.૨૦-૪-૨૪ થી તા.૧૨-૫-૨૪** સુધીમાં ઓનલાઈન બુકીંગ કરવાનું રહેશે.

નોટબુકનું વિતરણ તા.૨૬-૫-૨૪ રવિવાર અને તા.૨-૬-૨૪ રવિવારના વિભાગના સેન્ટર પરથી કરવામાં આવશે.

| | |
|---|---|
| **ધો.૧ થી ધો.૫ના વિદ્યાર્થી દીઠ** | **૧૦ નંગ** |
| **ધો.૬ થી ઉપરના માટે વિદ્યાર્થી દીઠ** | **૨૦ નંગ** |

આપવામાં આવશે.

❖ શૈક્ષણિક વર્ષ૨૦૨૩-૨૪ પરીક્ષાની માર્કશીટની ઝેરોક્ષ બુક લેવા આવો ત્યારે ફરજીયાત આપવાની રહેશે. નોટબુક બુકીંગની રકમ પણ ત્યારે લેવામાં આવશે.

❖ બુક માટે ફક્ત ઓનલાઈન વેબસાઈટ ઉપર જ બુકીંગ કરવામાં આવશે.

**વેબસાઈટ :**

**www.zalawadmandalborivali.com**

**-: સંપર્ક :-**

**મનીષ - ૮૭૭૯૭૮૫૬૮૮**

**મીતેશ - ૯૮૨૦૮૯૯૨૩૯**

**સમય : સવારે ૧૧ થી ૮**


**Pradeep Shah** - 97695 36312 / 99693 88114

**Anmol Electricals**

***Dealers in:*** **All kinds of Electricals Goods & LED Lights & Panels**

***Stockist of :*** **Accessories of Anchor, elle, elleys', GM Hifi Modular Range. Fancy LED Lights & LED Panels**

Shop No. 103, Gr. Floor, Govind Nivas, 99 -103, Lohar Chawl, Mumbai - 400 002.

Tel : 22065215 / 39567162 ◆ Tele Fax : 30037162

**Email :** anmolelectricals162@gmail.com

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

# ૮૪મો સમૂહ લગ્નના યાદગાર તસ્વીરી ઝલક



જાનના સામૈયામાં આઈ.પી.પી. શ્રી અરવિંદભાઈ, કન્વીનર અને હોદ્દેદારો




કરિયાવરની સાથે બોરીવલી મંડળના કમીટી મેમ્બરો



પરામંડળના પદાધિકારીઓ અને સંઘમંત્રી, ઉપપ્રમુખશ્રી




સામૈયામાં નૃત્ય કરતા જાનૈયાઓ




સામૈયામાં નૃત્ય કરતા જાનૈયાઓ



નવ દંપત્તિ ગૌર મહારાજ સાથે



વરરાજાની પોંખણા વિધી

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ
# ૮૪મો સમૂહ લગ્નના યાદગાર તસ્વીરી ઝલક


લગ્નવિધિમાં જમાઈને તિલક કરતા સાસુ


લગ્નવિધિમાં જમાઈને તિલક કરતા સાસુ


વરરાજાને પોંખણાવિધી કરતી કન્યાઓ


લાભાર્થી પરિવાર શ્રી દીલીપભાઈ શાહનું બહુમાન કરતા શ્રી અરવિંદભાઈ


લાભાર્થી શ્રી દિલીપભાઈનું બહુમાન કરતા શ્રી અરવિંદભાઈ અને શ્રી મહેન્દ્રભાઈ


ભાવના રોડવેઝના શ્રી પ્રવીણભાઈનું બહુમાન કરતા શ્રી કમલેશભાઈ પારેખ


શ્રી દિલીપભાઈ પ્રતિસાદ આપે છે


શ્રી અરવિંદભાઈ નવદંપત્તિને આર્શીવાદ આપે છે


શ્રી મુકેશભાઈ સમૂહ લગ્ન વિષે માહિતી આપે છે

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

# ૮૪મો સમૂહ લગ્નના યાદગાર તસ્વીરી ઝલક


ભાવના રોડવેઝના શ્રી મણીલાલનું બહુમાન કરતા શ્રી મહેન્દ્રભાઈ


નગર સેવક શ્રી સાગરસિંહનું બહુમાન કરતા શ્રીદિલીપભાઈ


મંચસ્થ બિરાજમાન દાતાશ્રીઓ - મહેમાનો અને હોદ્દેદારો


નવદંપત્તિને આશીર્વાદ આપતા હોદ્દેદારો, મહેમાનો અને નગરસેવકશ્રી


નવદંપત્તિને આશીર્વાદ આપતા હોદ્દેદારો, મહેમાનો અને નગરસેવકશ્રી


નવદંપત્તિને આશીર્વાદ આપતા હોદ્દેદારો, મહેમાનો અને નગરસેવકશ્રી


પ્રમુખશ્રી - ઉપપ્રમુખશ્રી - કન્વીનરશ્રી, મંત્રી અને સહમંત્રીશ્રી


સ્વરૂચિ ભોજન માણતા જાનૈયાઓ

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ફાઉન્ડેશનનો યાદગાર મીટ એન્ડ ગ્રીટ કાર્યક્રમ ની તસ્વીરી ઝલકો




સુનીલ સોની કલાકારો
સાથે લોકગીતોની રમઝટ



સુનીલ સોની કલાકારો
સાથે લોકગીતોની રમઝટ



કાર્યક્રમનો આનંદ લેતા સમાજ અગ્રગણ્ય શ્રેષ્ઠીઓ, દાતાઓ



કાર્યક્રમનો આનંદ લેતા પધારેલ મહેમાનો



સ.ર.શ્રી ચીનુભાઈ, શ્રી દિલીપભાઈ, શ્રી વિનોદભાઈ,
શ્રીગુણુભાઈ, શ્રી પ્રણવભાઈ, શ્રી જયેન્દ્રભાઈ



દિપ પ્રાગટ્ય શ્રી દિલીપભાઈ, શ્રી વિનોદભાઈ,
સ.ર.શ્રી ચીનુભઅઈ વગેરે



કાર્યક્રમનો આનંદ માણતા મહેમાનો, શ્રેષ્ઠીઓ



કાર્યક્રમનો આનંદ માણતા મહેમાનો, શ્રેષ્ઠીઓ



શુભેચ્છા આપતા સમાજ રત્ન શ્રી ચીનુભાઈ
સ્વાગત અને આવકાર આપતા શુભેચ્છા આપતા



ફાઉન્ડેશનના ચેરમેન શ્રી વિનોદભાઈ



સંઘપ્રમુખ શ્રી દિલીપભાઈ શાહ ફાઉન્ડેશન પ્રવૃત્ત વિભાગો વિષે
દાતાઓએ આપેલ આર્થિક આર્થિકિ યોગદાન દરેકને
અભિનંદન આપી રહેલ છે.



ભાવી યોજના અને હાલના પ્રવૃત વિભાગો વિષે
જાણકારી આપતા સેકેટરી જનરલ શ્રી જીતુભાઈ કોઠારી



પધારેલ મહેમાનોના આભાર વિધિ કરતા
ખજાનચીશ્રી કિરણભાઈ શાહ



ગુજરાતી લોકગીતો, દુહા, ઝાલાવાડની આપણી ભાષા
દ્વારા સંગીતના સથવારે આનંદ માણતા મહેમાનો



ગુજરાતી લોકગીતો, દુહા, ઝાલાવાડની આપણી ભાષા
દ્વારા સંગીતના સથવારે આનંદ માણતા મહેમાનો

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ફાઉન્ડેશનનો યાદગાર મીટ એન્ડ ગ્રીટ કાર્યક્રમ ની તસ્વીરી ઝલકો



ફાઉન્ડેશન મંત્રી શ્રી જયેન્દ્રભાઈ
આભારવિધી કરી રહ્યા છે.



'નુતન કેન્સર વિભાગ'ના દાતા શ્રી અતુલભાઈ પરિવાર સાથે
શ્રી દિલીપભાઈ, શ્રી હર્ષદભાઈ, શ્રી મહેન્દ્રભાઈ



શ્રી વિનોદભાઈ શેઠના પુત્રવધુ
પ્રતિસાદ આપી રહ્યા છે.



નુતન વિભાગ 'કેન્સર કેર યોજના' ઉદ્‌ઘાટન પ્રસંગે સમાજ અગ્રગણ્યો - પદાધિકારીઓ -
કેન્સર કેર યોજનાના હોદ્દેદારો સાથે ફાઉન્ડેશન મુખ્યદાતા પરિવારના સભ્યો



નુતન વિભાગ 'કેન્સર કેર યોજના' ઉદ્‌ઘાટન પ્રસંગે સમાજ અગ્રગણ્યો - પદાધિકારીઓ -
કેન્સર કેર યોજનાના હોદ્દેદારો સાથે ફાઉન્ડેશન મુખ્યદાતા પરિવારના સભ્યો




કેન્સર કેર યોજનાના મુખ્યદાતા પરિવારના શ્રી અતુલભાઈ
માતુશ્રીને આવકારતા ચેરમેન શ્રી વિનોદભાઈ શેઠ



લાભાર્થી પરિવારવતી શ્રી અતુલભાઈ
પ્રતિસાદ આપી રહ્યા છે



કેન્સર કેર યોજનાના કુટુંબીજનો સાથે
ફાઉન્ડેશન પદાધિકારીઓ સાથે અન્ય સભ્યશ્રી



સંઘપ્રમુખશ્રી ફાઉન્ડેશનના હોદ્દેદારો સાથે
મલાડ મંડળના હોદ્દેદારો, કમિટી સભ્યો



સંઘપ્રમુખશ્રી ફાઉન્ડેશનના હોદ્દેદારો સાથે
મલાડ મંડળના હોદ્દેદારો, કમિટી સભ્યો



ફાઉન્ડેશનના ખજાનચી શ્રી કિરણભાઈ સાથે
વાઈસ ચેરમેનશ્રી મહેન્દ્રભાઈ શાહ



લોકગીત અને સંગીતના ઢોલ તાલે આનંદ નૃત્યમા
અગ્રગણ્યો - હોદ્દેદારો અને સભ્યો



સમાજ અગ્રગણ્યો, મહેમાનો, સંઘ અને ફાઉન્ડેશનના હોદ્દેદારો
અને દાતા પરિવારના સભ્યો કાર્યક્રમના આનંદ માણતા



Smt. Kantaben Chandulal Gandhi English School, Kalyan




Felicitation of Chairman Dr. Ashok Pradhan by Naresh Gandhi, Rajesh Gandhi & Ashwin Gandhi



Grandchildren of Shri C.M.Gandhi



More than 2200 people attended the function on Smt. K.C.Gandhi School Grounds




## સી.એમ.ગાંધીની ૧૦૦મી જયંતી ઉજવાઈ

# કાન્તાબેન ચંદુલાલ ગાંધી શાળા - કલ્યાણના ગ્રાઉન્ડમાં ભવ્ય કાર્યક્રમ સંપન્ન

કલ્યાણની કાન્તાબેન ચંદુલાલ ગાંધી અંગ્રેજી શાળાના પટાંગણમાં શાળાના દાતા, સામાજીક આગેવાન અને શિક્ષણના પ્રણેતા એવા ચંદુલાલ મણીલાલ ગાંધી (સી.એમ.ગાંધી)ની ૧૦૦મી જન્મજયંતી પ્રસંગે એક અનોખો કાર્યક્રમ પાર પડ્યો હતો.

આ પ્રસંગે સંસ્થાના કારોબારી સભ્યો, ટ્રસ્ટીઓ, પ્રિન્સીપાલ, સ્ટાફ, સ્ટુડન્ટ તેમજ કલ્યાણ એજ્યુકેશન સોસાયટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ અશોક પ્રધાન એ તેમના ભાષણમાં ચંદુલાલ ગાંધીની સેવાઓને બિરદાવતા કહ્યું કે આજની કે.સી.ગાંધી સ્કૂલ ૧૯૭૭માં ન્યુ લુડસ સ્કૂલના નામે જાણીતી હતી જે બંધ થવાની સ્થિતીમાં હતી. શિક્ષકોને પગાર આપવાની હાલત પણ સંસ્થાની નો હતી તેવા સમયે અમોને ચંદુલાલ ગાંધીનો સાથ સહકાર મળતાં આ વિશાળ પ્લોટમાં કે.સી.ગાંધી શાળા અસ્તિત્વમાં આવી હતી. ચંદુભાઈને અહી લોકો સી.એમ. ગાંધીના નામે ઓળખતા હતા. સી.એમ.એ વિશાળ કિંમતી પ્લાટની સાથે સાથે તેમના તેમજ તેમના સગા સંબંધી પરિવારો તરફથી માતબર દાન આપી આ વિશાળ સંકુલ બનાવવામાં મુખ્ય ફાળો આપ્યો હતો. સાથે સાથે તેમના  પરિવારના રાજેશભાઈ ગાંધી, નરેશ ગાંધી તેમજ અશ્વિન ગાંધીનો પણ સતત સહકાર અને માર્ગદર્શન મળતું રહ્યું છે.

આજે આ શાળામાં હજારો બાળકો શિક્ષણ લઈ રહ્યા છે. તેમને સર્વપ્રકારની આધુનિક સુવિધાઓ સ્કૂલમાં ઉપલબ્ધ છે. સંસ્થાના સંચાલકો, શિક્ષકો પણ આ વિદ્યાર્થીઓની સર્વાંગીક વિકાસ થાય માટે સખત પરિશ્રમ કરતા રહે છે. શાળાના બાળકોના દર વર્ષે ૧૦૦ ટકા પરિણામો આવે છે. તેમજ વિવિધ ક્ષેત્રે પછી તે રમત ગમત હોય, ડાન્સીંગ, સિંગીંગ, અભિનય કે પછી અન્ય ક્ષેત્ર હોય સર્વે સ્તરે અહીનો વિદ્યાર્થી આગલી હરોળમાં રહી શાળા તથા સંસ્થાનું ગૌરવ વધારે છે અને તેનો ખરો શ્રેય ચંદુલાલ ગાંધી પરિવારની સાથે સાથે શાળાના સંચાલક મંડળ તેમજ શિક્ષકો અને સ્ટાફના ફાળે જાય છે.

ચંદુલાલ ગાંધીની ૧૦૦મી જન્મજયંતીની ઉજવણી પ્રસંગે સી.એમ.એ કરેલા કાર્યોની યાદગીરી કરાવતાં અશોક પ્રધાને કહ્યું કે જૈન સમાજના સી.એમ. ગાંધીએ સર્વે સમાજ માટે કાર્ય કર્યું છે. અનેક સ્થળે શિક્ષણ માટે, વૈદ્યકીય મદદ તેમજ ગરજુ લોકોને આર્થિક મદદ આપીને તેમને સહયોગ આપેલ છે. આજે તેમના પરિવાર દ્વારા સતત આવા કાર્યો શરૂ છે અને રાજેશ ગાંધી તેમજ નરેશ ગાંધી તે સેવા કાર્યોને આગળ ધપાવે છે.

આ પ્રસંગે સંસ્થાના સેક્રેટરી મનોહર પાલન એ કે.સી.ગાંધી સ્કૂલની પ્રગતીનો આલેખ રજુ કરી ઉપસ્થિતોને સ્કૂલની પ્રવૃત્તિઓથી વાકેફ કર્યા હતા અને આ કાર્યોમાં અશોક પ્રધાન, ભાસ્કર શેટ્ટી, કિશોર સોઢા, રવિભાઈ શાહ, મનસુર ઝોઝવાલા હોઈ રાજેશ ગાંધી, નરેશ ગાંધી, અશ્વિન ગાંધી પરિવાર તરફથી સર્વે સ્કૂલ સંચાલક તેમજ  પ્રિન્સીપાલને સ્મૃતિચિન્હ આપી સન્માન કર્યું હતું. સાંજે ૬ વાગે શરૂ થયેલા કાર્યક્રમની શરૂઆત ઈન્ડિયન સિનેમાની શરૂઆતથી આજ સુધીની ફિલ્મોના ગાયનો સાથે સ્કૂલના બાળકોનો ડાન્સ તેમજ પ્રખ્યાત યુવા ગાયક, ડાન્સર તેમજ એક્ટર એવા અમીત જાધવના મ્યુઝીકલ પ્રોગ્રામ રજૂ કરી સ્કૂલ ગ્રાઉન્ડમાં ઉપસ્થિત પ્રેક્ષકો તાળીઓના ગડગડાટ સાથે આનંદ માણ્યો હતો. આવા અનોખા કાર્યક્રમને લીધે ચંદુલાલ ગાંધીની ૧૦૦મી જન્મજયંતીની ઉજવણી સંપન્ન થઈ હતી. આ સમારંભમાં કલ્યાણ શહેરની વિવિધ સંસ્થાઓ તેમજ સમાજોના આગેવાનોએ હાજરી આપી હતી. તેમજ શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.ફાઉન્ડેશનના ખજાનચી અને ZBFના વાઈસ ચેરમેન શ્રી કિરણભાઈ કાંતિલાલ શાહ અને  શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈના મંત્રી શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.




C. M. Gandhi Auditorium in School Premises



Felicitation of Gandhi Family by Chairman Dr. Ashok Pradhan



Gandhi Family



Performance by Mr. Amit Jadhav, X -Factor Finalist

## તૃતીય વાર્ષિક પુણ્યતિથિએ

# સ્મરણાંજલી

## શ્રી અનોપચંદભાઈ ખીમચંદભાઈ શાહ



સ્મરણો રહેશે સદા ભીના ભીના, પ્રસંગો રહેશે સુના સુના, કારમું મૌન છે તમારા વિના. આજ તમે નથી એ મન સ્વીકારી શકતું નથી આપની ચીર વિદાયને ત્રણ વર્ષ પૂર્ણ થયા. આપની વ્હાલસોયી યાદોના અખૂટ ભંડાર અમારા હૃદયમાં સદાય ધબક્યા કરે છે. આપનો હસતો ચહેરો, પ્રેમભર્યા સ્વભાવ આપના સાનિધ્યમાં અનુભવ્યા હતા.

આપના પ્રેમાળ, લાગણીશીલ અને સતત જીવંત તમારા વ્યક્તિત્વ બાંધ્યા સમાજને એક તાંતણે સર્વેને સ્નેહ અને સંબંધોની મીઠાશથી હજી નથી થતો સ્વીકાર કે આપ નથી હયાત. સ્થૂળ દૃષ્ટીએ ભલે તમે નથી અમ સાથ પણ હૈયું અને મન કહે છે. તમે અહીંજ છો. આપ ચાલ્યા અનંતની વાટે જે ખોટ ઝાલાવાડ અને જૈન સમાજને પડી છે. એ કેમ કરીને ભરી શકાય તેમ નથી.

હરહંમેશ જૈન સમાજની એકતા અને દરેક સાધર્મિકને આત્મનિર્ભર બનાવવાનું સપનું સેવનાર આ પરગજુ વિભુતિએ વિદાય લીધી બે વર્ષ પૂર્ણ થયા છે. ત્યારે ઝાલાવાડ સમાજ તમારી સેવાને યાદ કરી પ્રભુને એટલી જ પ્રાર્થના કરીએ છીએ કે તેઓના પરમ પવિત્ર પાવનકારી આત્માને વિતરાગ પરમાત્મા પરમશાંતિ અર્પે એજ પ્રાંજલ પ્રાર્થના. પરંપરાએ આત્મા મહાવિદેહ ક્ષેત્રે પરમપદ – મોક્ષપદ પ્રાપ્ત કરે તેવી ભાવાંજલી.

**-શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ**
**-શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.ફાઉન્ડેશન**
**-ઝાલાવાડ બીઝનેસ ફોરમ (ZBF)**
**- ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ**

# અશ્રુભીની શ્રધ્ધાંજલી



જન્મ : ૭-૨-૧૯૪૮

અરિહંત શરણ : ૨૯-૨-૨૦૨૪

## સ્વ. શ્રી ભરતભાઈ રતિલાલ વોરા (ઉ.વ.૭૭)

(સુરેન્દ્રનગર નિવાસી
હાલ ઘાટકોપર - પૂર્વ, મુંબઈ)

તમારી હયાતીની હૂંફ અમારી તાકાત હતી. ગમે તે પરિસ્થિતિમાં હસતા રહેવાની તમારી આવડત, હંમેશા અમારી માટે પ્રેરણાદાયક બની રહેશે. ૨૩ વર્ષો સુધી જે રીતે તમે નવરોજી લેન જૈન સંઘ, ઘાટકોપરને જે રીતે સમર્પિત રહ્યા તેવી સમપર્ણ ભાવના અમારામાં પણ આવે. ખૂબ જ સુંદર રીતે ધર્મ પામીને આપ અચાનક જ ચાલ્યા ગયા. કોઈને સેવાનો મોકો પણ ન આપ્યો. ખરા હૃદયથી એક જ પ્રાર્થના કે તમે આપેલા ઉચ્ચ સંસ્કારને અમે સાચવી શકીએ. પ્રભુ તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ આપે તે જ પ્રાર્થના...

**-: શ્રધ્ધા સુમન અર્પણ કરતા :-**

**માતા-પિતા :** સ્વ. લલીતાબેન રતિલાલ કાળીદાસ વોરા
**સાસુ-સસરા :** સ્વ. સરસ્વતીબેન હિંમતલાલ હરીલાલ શાહ
**પત્ની :** ચંદ્રિકાબેન **પુત્રવધુ - પુત્ર :** પ્રિયા વૈભવ વોરા
**પુત્રી-જમાઈ :** રશ્મિ ચિરાગભાઈ શાહ, ખુશ્બુ તેજસભાઈ પાટડિયા
**ભાઈ :** પ્રિયંકાતભાઈ, સ્વ.પ્રમોદભાઈ, બિપિનભાઈ, સુધાબેન, જ્યોત્સનાબેન તેમજ સમ્યજ્ઞાશ્રીજી મ.સા.
**પૌત્રી :** લબ્ધિ **દોહિત્ર-દોહિત્રી :** જૈનમ, સંયમ, કૈવન, પ્રિશા

સદ્‌ગતના આત્મશ્રેયાર્થે કેળવણી, સાધર્મિક, તબીબી અને જીવદયા ખાતે કુલ રૂપિયા રૂા.૧૦૦૧/- શ્રી સંઘને ભેટ મળેલ છે.

## શ્રી ઝાલાવાડ દશાશ્રીમાળી મૂર્તિપૂજક જૈન સંઘ
## સાયલા નિવાસી હાલ અંધેરી વેસ્ટ મુંબઈ



# સ્વ. હિનાબેન શૈલેષભાઈ મહેતા

જન્મ : તા.૨૪-૬-૧૯૬૨ અરિહંત શરણ : તા.૩-૩-૨૦૨૪ રવિવાર

**શ્રધ્ધા થકી જીવનના જેને કર્યા પ્રભુના સત્સંગ**
**પ્રત્યેક ક્ષણે શ્રુતિ પામી જ્ઞાનની, જગાડ્યો સાધનાનો રંગ**
**પચાવી જાણ્યા ઉપસર્ગ કાયાના જીત્યા શક્તિએ સમાધિના જંગ**
**નથી હયાત આપ આજે પણ કેમે ના ભુલાય તુમ કર્મના સિધ્ધાંત**

આપનો સ્નેહાળ, વાત્સલ્ય પૂર્ણ, મમતાથી સભર, સ્વભાવને શે ભુલાય. આપ આજે પરિવારથી દુર અનંતની વાટ પકડી ક્યાં ચાલ્યા ગયા? નજર શોધે છે આપને મન માનતુ નથી કે આપ હયાત નથી. કેમ મનાવુ પરિવારજનોને કે આપ આજે અમ સમક્ષ નથી....

પરમ કૃપાળુ પરમાત્મા આપના સદગત આત્માને સિધ્ધગતિ પમાડે એજ અંતરની શ્રધ્ધાંજલી સહ સ્નેહાંજલિ

-: આપનો શોકાતુર પરિવાર :-
ગં.સ્વ.જસુમતિબેન પ્રવિણકાંત નંદલાલ મહેતા પરિવાર
પતિ : શૈલેષભાઈ પ્રવિણકાંત મહેતા
પુત્રી : શ્રુતિ, શ્રધ્ધા પૌત્રી : સાવિ
જમાઈ : કુણાલકુમાર, કરણકુમાર પૌત્ર : અનવય
માતા-પિતા : સ્વ.વસંતબેન ગુણવંતભાઈ શાહ - લીંબડી
ભાઈ-ભાભી : બીનાબેન વિજયભાઈ શાહ, સેજલબેન સંજયભાઈ શાહ
બેન : મીતાબેન, હેમલબેન બનેવી : કમલેશભાઈ, અજયભાઈ
નણંદ : જયશ્રીબેન, ઉષાબેન, નયનાબેન, સંધ્યાબેન
નણદોઈ : રસિકલાલ શાહ, વિનોદભાઈ દફતરી,
ભરતભાઈ શાહ, બકુલભાઈ શેઠ

સદ્‌ગતના આત્મશ્રેયાર્થે પરિવાર તરફથી શ્રી ઝાલાવાડ જૈન સંઘને તપશ્ચર્યા-રૂા.૫૦૦, તબીબી-રૂા.૫૦૦, સાધર્મિક-રૂા.૫૦૦/- જીવદયા-રૂા.૫૦૦/- ભેટ મળેલ છે.

## ''હીનાબેનની જીવન સૌરભ''

**''મધુબન ખુશ્બુ દેતા હૈ, સાગર સાવન દેતા હૈ**
**જીના ઉસકા જીના હૈ, જો ઔરો કો જીવન દેતા હૈ''**

લીંબડી નિવાસી ધર્માનુરાગી માતુશ્રી વસંતબેન ગુણવંતભાઈ શાહની સુપુત્રી **હીનાબેન**ને જાણે જન્મથી જ ધર્મના સંસ્કારો સીંચવામાં આવ્યા હોય. પ્રેમ-લાગણી ગુણોની ખાણ સાથે નાના-મોટા ભાઈ બેનોની સાથે હસતાં-ખેલતાં જાણે કેમ ? ઈશ્વરે મારા પિતાનો સાથ છોડાવી દીધો.

માતા-પિતાના સાથની સાથે તેમણે વતન છોડી ગુન્ટુર (આંધ્રપ્રદેશ)માં રહી ભણ્યા-ગણ્યા, મોટા થયાં અને ઘડાયા કામની આવડત, શીખવાની ધગશ અને પ્રેમભર્યુ વર્તન તેમજ ધર્મપ્રત્યેની લાગણીએ તેમનો ઉમદા ગુણ હતો.

યુવાનવયે સાયલા નિવાસી શ્રીમતી જશુબેન પ્રવિણકાન્ત મહેતાના સુપુત્ર શૈલેષભાઈ સાથે લગ્નગ્રંથીથી જોડાયાં. સાસરામાં સાસુને મા સમાન ગણી દરેક સ્નેહીજનો પર સ્નેહ વરસાવી મહેતા પરિવારનું નામ રોશન કર્યું. લગ્નજીવન દરમ્યાન 'શ્રુતિ' અને'શ્રધ્ધા' બે દીકરીઓને જન્મ આપી સુસંસ્કારોનું સિંચન કરી સાસરે વળાવી.

ઉત્તમ એવો જૈનધર્મ પામી માનવજીવનને સાર્થક કરવા અઠ્ઠાઈઓ, ૧૬ ઉપવાસ, માસક્ષમણ, સિધ્ધિતપ, વીશસ્થાનકતપ, વર્ધમાનતપની ૨૧ ઓળી, સહસ્ત્રકુટના ૧૦૨૪ ઉપવાસ તેમજ વરસીતપમાં છઠ્ઠ કરી શત્રુંજયની સાત યાત્રા કરી માનવજીવનને ઉજ્જવળ બાનવ્યું.

જીવનમાં ઘણાં ઉતાર-ચઢાવ તેમજ જીવનનાં અંત સમયમાં કર્મનો ઉદયથી મોટી બીમારી સામે ઝઝૂમીને હસતામુખે સામનો કરી 'કર્મ કરે તે થાય' એમ આત્મહિતનો વિચાર કરતાં સમતાભાવે કર્મની નિર્જરા કરી ત્યારે જ અંત સમયમાં પૂ.સાધ્વીજી ભગવંત પાસે ચાર શરણા સ્વીકારી બધું જ વોસિરાવી પ્રભુના સ્મરણમાં જ મરણને ઉચિત બનાવી સિધ્ધિગતિ તરફ પ્રયાણ કર્યું.

પર્વતની જેમ અડગશિલા બની જીવનસાથી શૈલેશભાઈએ હીનામય બની ક્ષણમાત્ર પણ વિખૂટા પડવા વિના અખંડ સેવા કરી.

**અંતરમાં અવધારી સ્મૃતિ આપની,**
**યાદ આવશે અમને તમારી,**
**શત શાત ભાવે વંદન કરતાં શ્રધ્ધાંજલિ અર્પિયે આજ.**

આવા ધન્યાત્માને પરમાત્મા પરમશાંતિ અર્પે એવી અભ્યર્થના સાથે

**ગં.સ્વ.જસુમતિબેન પ્રવિણકાન્ત મહેતા પરિવાની** શ્રધ્ધાંજલિ......

# ZALAWAD BUSINESS FORUM

*Presents*

## The Wealth Creation Series

# INVEST, GROW & PROSPER!



શ્રી રામદેવ અગ્રવાલ ચેરમેન & કો.ફાઉન્ડર - મોતીલાલ ઓશવાલ ગ્રુપ

**1st SEMINAR - 8th March 2024**

**"WEALTH CREATION IN INDIA'S AMRITKAL"**

---

**Speaker: Mr. RAAMDEO AGRAWAL,**

Chairman & Co-founder, **Motilal Oswal Group.**


નવકાર મહામંત્ર સમૂહ પઠનથી મંગલાચરણ


સ્વાગત મંત્રી શ્રી રાહુલ સંઘવી


ZBF ના ચેરમેન શ્રી રાજીવ શાહ હાર્દિક આવકાર આપી રહ્યા છે


ZBF ની પ્રવૃત્તિનો અહેવાલ આપવા વા.ચે.શ્રી કિરણ શાહ


શ્રી રામદેવ દેવરાની સ્પીચ શ્રવણ કરતા સમાજ અગ્રગણ્ય, હોદ્દેદારો અને આમંત્રિત મહેમાનો



આમંત્રિત શ્રીનું પુષ્પગુચ્છથી બહુમાન કરતા વા.ચે. શ્રી કિરણભાઈ તથા અન્ય


રામદેવ અગ્રવાલ


શ્રી રામદેવ અગ્રવાલનું બહુમાન કરતા સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈ કે. શાહ



આમંત્રિતશ્રીનું બહુમાન કરતા શ્રી કિરણભાઈ, શ્રી દિલીપભાઈ અને શ્રી હરનીશભાઈ



આમંત્રિતશ્રીનું બહુમાન કરતા શ્રી કિરણભાઈ, શ્રી દિલીપભાઈ અને શ્રી હરનીશભાઈ


શ્રી હરનીશભાઈ શાહ રોકાણ બાબતમાં જાણકારી આપી રહ્યા છે


ZBF નાં મહિલા કમીટી સભ્યો કેક સાથે નજરે ચડે છે

ZBF

ZALAWAD BUSINESS FORUM

*presents*

# TALAASH-3

JUNE & JULY '24 **ZALAWAD'S GOT TALENT**

MUSIC SINGING DANCING ACTING

Participants from the community can showcase their talents in Music, Singing, Dancing, Drama, Stand-up Acts, Gymnastics, or any other skills.

---

ZBF IS BACK WITH THE PLATFORM THAT HELPS CONVERT DREAMS TO REALTY, A PLATFORM THAT HELPS IN CATAPULTING SOME AMATEUR ARTISTS TO STARDOM WHICH CAN RESULT INTO A COMMERCIALLY SUCCESSFUL CAREER !!!


**FOR MORE DETAILS AND INFORMATION CONTACT**

Rahul Sanghvi +91.9820 074 615 | Sneha Shah +91.9920 140 422

## સમાજ ગૌરવ શ્રી ચંદુલાલ મનસુખલાલ શાહ શ્રીમતી પુષ્પાબેન ચંદુલાલ શાહની

પુણ્યતિથિ નિમિત્તે

## શંખેશ્વર તીર્થમાં પોષ દશમી અઠ્ઠમ તપની આરાધના



સમાજ ગૌરવ
શ્રી ચંદુલાલ એમ. શાહ





શ્રીમતી પુષ્પાબેન
સી. શાહ

પુણ્ય મહાત્માના પગલે પગલે જેમ નિદાન હોય એમ ધર્મપુરૂષના પગલે પગલે ભવ્યાત્માઓના અંતરમાં ધર્મનિધાન પ્રગટી ઉઠે.

શંખેશ્વર તીર્થ મુકામે પોષ ૧૦મીના અઠ્ઠમ તપની ઉપાસનાનું વિરાટ લક્ષ્ય લઈને જાણે વિરાટ તપ આરાધના મંગલ શુકન સાથે ઉપસ્થિત તમામ તપસ્વી આરાધકો આટલા મોટા સામુહિક અઠ્ઠમ તપની આરાધનાના લાભાર્થી કોંઢ નિવાસી હાલ ઘાટકોપર માતુશ્રી પુષ્પાબેન ચંદુલાલ મનસુખલાલ શાહ પરિવારના કુટુંબીજનો તેમજ તેમાં આમંત્રણને માન આપી પધારેલ સર્વે અતિથિ-મહેમાનો આ તપ ધર્મના અણમોલ અને અમૂલ્ય અવસરે શ્રી શંખેશ્વર તીર્થ ધામમાં જેમણે લીધે સહુ અહીં આવ્યા છીએ. તે આપણા સમાજના સિંહ જેવા વ્યક્તિ વિશેષ પ્રતિભા સમાજ ગૌરવ શ્રી ચંદુલાલ મનસુખલાલ શાહનો સંકલ્પ હતો કે સૌને શંખેશ્વર તીર્થમાં અઠ્ઠમ તપની આરાધના કરાવવી. તેમના સુપુત્રો શ્રી ચેતનભાઈ અને શ્રી હરેનભાઈ પૌત્ર શ્રી હર્ષ અને શ્રી હેમ જે પ્રમાણે જાજરમાન આયોજન કર્યું અને દરેક તપસ્વી આરાધકોએ માણ્યું. દરેક તપસ્વીઓને એ.સી. ક્લાસમાં ટ્રેઈનમાં, એ.સી. બસમાં અને એ.સી. બ્લોકની ધર્મશાળામાં સાથે શાહી અત્તરવાયણા અને રૉયલ પારણા સાથે રંગ રાખી દીધો હતો.

આ અઠ્ઠમતપની આરાધનામાં ૪૦૫ આરાધકો જોડાયા હતા. વિશેષતા એ હતી કે લાભાર્થી પરિવારના દરેક સભ્યોએ અઠ્ઠમ તપ કરેલ. દરેક તપસ્વી આરાધકોને ૧૦ ગ્રામ ચાંદીના સિક્કા સાથે શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ડબ્બીની પ્રભાવના કરવામાં આવેલ.

આ પ્રસંગે ઝાલાવાડ મંડળના પદાધિકારી સર્વ શ્રી કમલેશભાઈ પારેખ, શ્રી બિપીનભાઈ શાહ, શ્રી વિકેશભાઈ શાહ, શ્રી પંકજભાઈ શાહ, શ્રી પ્રમોદભાઈ વોરા અને શ્રી ઉદયનભાઈ પન્નાલાલ શાહ તથા ભાવિક બિપીનભાઈ વોરા ઉપસ્થિત રહ્યા હતા. માતા-પિતાની ઈચ્છા સંકલ્પને પરિપૂર્ણ કરનાર સુપુત્રો-પુત્રવધુ-સહપરિવારની ભૂરિભૂરિ અનુમોદના સાથે શાસનના સુકૃતના સમાજસેવાના કાર્યો કરતા રહો. પરિવારના દરેક સભ્યોની તંદુરસ્તી સાથે દીઘાર્યુ બક્ષે તે જ પ્રાર્થના. આરાધકો સાથે મુંબઈ સ્વગૃહ તરફ પ્રયાણ કરેલ.

દરેક આરાધકોએ અઠ્ઠમ તપની આરાધનાને યાદગાર બનાવેલ.

## BIO-DATA



**HIMANI SHAH**

**Date of Birth** : 07 Sept. 1999

**Birth Time** : 11.30 a.m. Tuesday

**Place of Birth** : Ghatkopar (E), Mumbai

**Height** : 5'2" **Weight** : 52 kg

**Skin** : Fair **Native** : Wadhwan

**Religion** : Derawasi Zalawadi Jain Swetambar Murti Pujak Dasha Shrimali

**Mother Tongue** : Gujarati

**Blood Group** : O +ve

**Education** : M Com (Gujarat University) B Com (GLS University) 12th (CBSE - Ahmedabad) 10th (ICSE – CNMS, Mumbai)

**Profession** : Freelancer Makeup artist and Hairstylist

**Cell** : +91 7624018992 **Mail** : himanishah079@gmail.com

**Address** : D/104 Kaladeep Apts., Opp Aaykar Vihar, B/h Titanium City Centre, 100ft Anand Nagar Road, Satellite, Ahmedabad 380015. Gujarat, India.

**Hobbies** : Art and Music, Travelling, Reading & Adventure

**Expectations** : Seeking an educated, ambitious life partner with a family that embraces both career and family values, treating me as their daughter while supporting my professional journey. Ideal qualities include understanding, open-mindedness, and a down-to-earth approach to life.

***Family Background***

**Father's Name** : Virag Jayantilal Shah (B Com) (Cell: 8780309692)

**Father's Occupation** : Pharma Division Head A.B.C. Brothers Tech (I) Pvt. Ltd. Ahmedabad

**Mother's Name** : Darshana Virag Shah (B Com) (Cell: 7666928992)

**Mother's Occupation** : Cursive Handwriting Expert and Phonetics Tutor

**Siblings Younger Sister** : Rutvi Virag Shah (BBA – 1st Year)

**Paternal Grand Father** : Late Shri Jayantilal Ratilal Shah

**Paternal Grand Mother** : Smt. Ranjan Jayantilal Shah

**Paternal Family** : Narichaniya Kutumb

**Paternal Aunt (Fai)** :
Vanna Dilip Vasa – Andheri (E), Mumbai. 9821303124
Ranna Bhupendra Parekh – Ghatkopar (E), Mumbai. 9320497470
Mona Kirti Shah – Ghatkopar (E), Mumbai. 9967581868

**Maternal Grand Father** : Suresh Ramniklal Sheth Ghatkopar (E) – 98192 23308

**Maternal Grand Mother** : Shobhana Suresh Sheth- 90221 30341

**Maternal Home Town** : Surendranagar

**Religion** : Zalawadi Jain Sthanakwasi

**Maternal Aunt (Masi)** : Purvi Ankur Mukesh Shah
Vile Parle (W), Mumbai. 99694 97768

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ – ગોરેગામ

શ્રી ગોરેગામ ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મહિલા મંડળનો ૨૮૦મો અવિરત કાર્યક્રમ યાત્રા પ્રવાસનો યોજવામાં આવ્યો હતો. જયાનંદધામ, કળશમંદિર અને તળેગામનો તા.૨૬-૨-૨૪ના રોજ સોમવારે યોજવામાં આવ્યો હતો.

ગોરેગામ જવાહરનગર હોલ પાસેથી બરાબર સવારે ૬ વાગે બસમાં બેસીને જયાનંદધામ જવા માટે રવાના થઈ ગયા હતાં. બસમાં સ્તવનો તથા ભક્તિગીતોની રમજટ બોલાવતા બરાબર આઠ વાગે જયાનંદધામ પહોંચી ગયા હતાં. ત્યાં સૌપ્રથમ મુનિસુવ્રત તથા પાર્શ્વનાથ દાદાના દર્શન કરી નવકારશી વાપરી હતી.

ત્યારબાદ સેવાપૂજા કરીને સ્નાત્રપૂજા ભણાવેલ. સ્નાત્રપૂજાનો લાભ જ્યોત્સનાબેન બાબુલાલ મહેતાએ લીધો હતો. જ્યોત્સનાબેન તથા ભારતીબેનના મમ્મી અનસુયાબેન બાબુલાલ મહેતાની પુણ્યતિથિ નિમિત્તે ભણાવી હતી. ત્યારબાદ બસમાં બેસીને કળશમંદિર તરફ પ્રયાણ કરીને જમવાનો આનંદ માણ્યો હતો. બસમાં બધાને ડ્રાયફ્રૂટ, ચોકલેટ તથા નાસ્તાના પેકેટ મંડળ તરફથી આપવામાં આવ્યા હતા. અનુપમાબેન તરફથી પણ નાસ્તાના બે પેકેટ આપવામાં આવ્યા હતા. ત્યાંથી તળેગાવ તરફ પ્રયાણ કર્યુ હતું. ત્યાં દર્શન તથા ભક્તિ કરીને ચા-પાણીની મજા માણી હતી. પછી ચોવિયાર કરવા માટે ઝાલાવાડમાં ગયા હતા. ત્યાં પણ બધાએ જમવાની મજા માણી હતી. પછી લોનાવાલામાં દર્શન કરી આરતી ઉતારી હતી. ત્યારબાદ યોગિતાબેન તરફથી આઈસ્ક્રીમની પાર્ટી કરી હતી. ત્યારબાદ ગોરેગામ તરફ રવાના થયા હતા.

મંડળની બહેનો તરફથી રૂા.૧૭૦ નું સંઘપૂજન થયેલ હતું. લગભગ ૧૦ાાની આસપાસ ગોરેગામ પહોંચી ગયા હતા. મંડળની બહેનો ખૂબજ મજા માણી હતી. મંડળ બધી બહેનોનો આભાર માને છે.

હવે પછીનો પ્રોગ્રામ તા.૨૨-૩-૨૪નાં ફાગણ સુદ તેરસના દિવસે મોનાબેન બાવીસી તરફથી ભાવયાત્રાનો નક્કી કરેલ છે. તેની વિગતો તથા એડ્રેસ મોબાઈલ પર મેસેજ કરવામાં આવશે. બધી બહેનોએ જોઈ લેવું.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ – અંધેરી

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મહિલા મંડળ, અંધેરી આયોજિત તીર્થ યાત્રા પ્રવાસ બલસાણા બે રાત્રી અને એક દિવસનો તા.૧૩-૧-૨૪ના રોજ રાખેલ. બોરીવલીથી ડોડાઈયા ગામે પહોંચી જિનાલયમાં ચૈતવંદન કરી નવકારશી વાપરી લગભગ ૧૦ વાગે બલસાણા નવ ગ્રહ જિનાલયમાં દર્શન કરી દાદા વિમલનાથ ગયા ત્યાં પૂજા કરી ગામમાં જુના જિનાલયમાં શ્રી વિમલનાથ દાદાના દર્શન વંદન કરી પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ જિનાલય દર્શન અને પૂજા કરી નવગ્રહ પરત આવી ત્યાં પૂજા સેવા કરી, બપોરેનું જમણ કરી ૩ વાગે સામાયિક કરી અને રમત રમ્યા અને વળી વિમલનાથ દાદાનો ઈતિહાસ જાણ્યો. ત્યારબાદ ચૌવિહાર કરી કોન્ડાઈ ગામ તરફ ગયા અને ત્યાં સંભવનાથ જિનાલયમાં આરતીનો લાભ લઈ મુંબઈ તરફ ૮ વાગે ટ્રેનમાં રમતા રમતા પરત થયા અને બોરીવલી સ્ટેશનથી આનંદને વાગોળતા સહુ છુટા પડ્યા.

આ યાત્રા પ્રવાસમાં નીચેના સભ્યો દ્વારા વિવિધ લાભ લીધેલ છે.
સવારની નવકારશી : મીનાબેન અતુલભાઈ શાહ
બપોરનું જમણ : અમિષા જીતેશભાઈ બગડિયા, સાંજના ચૌવિહાર : રીટાબેન નરેન્દ્રભાઈ મહેતા અને નીલાબેન અમિતભાઈ મહેતા
ગાડીના ભાડાના દાતા : સેજલબેન સંજયભાઈ કોઠારી, અમિષા કેતનભાઈ કોઠારી
મંડળને ભેટ : રૂા.૨૫૦/- સૂર્યાબેન કોઠારી

**મંડળના આગામી કાર્યક્રમ :** મંડળના વાર્ષિક દિન નિમિત્તે પંચ કલ્યાણક પૂજા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય, જુના નાગરદાસ રોડ, અંધેરી (પૂર્વ), ભુતાસ્કુલની ગલીમાં, મુંબઈ-૬૯માં રાખેલ છે.

સમય : સવારે ૧૦.૩૦ કલાકે, દિવસ : ચૈત્ર વદ ત્રીજ શનિવાર તા.૨૭ એપ્રિલ ૨૦૨૪.

પૂજા બાદ જમણવારની વ્યવસ્થા રાખેલ છે.

સ્થળ : શિવકૃપા, એ વિંગ, જુના નાગરદાસ રોડ, મિલન ફરસાણ દુકાનની પાસે, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૬૯.

આવનાર સભ્ય બહેનોએ પોતાનો આજીવન સભ્ય કાર્ડ બતાવી રૂા.૧૦૦/- આપી પાસ લેવા વિનંતી. પાસ ૧૦-૪-૨૦૨૪ થી ૨૩-૪-૨૦૨૪ સુધીમાં પાસ લઈ લેવા. અંધેરી પૂર્વમાં શ્રીમતી મીનાબેન અતુલભાઈ શાહ - ૯૭૬૯૩૩૬૯૭૬ તથા અંધેરી પશ્ચિમમાં શ્રીમતી કલ્પીતાબેન સુભાષભાઈ અજમેરા ૯૯૨૦૦૭૦૮૩૭ પાસેથી પાસ લેવા વિનંતી. ૫ વર્ષથી ઉપરના બાળક, બાલિકા, મહેમાન રૂા.૩૫૦/- ભરી પાસ લઈ શકે છે.

શરતચૂકથી પૂર્વ કરેલ સામાયિક પ્રોગ્રામમાં પ્રભાવનાના નામ લખવાના રહી ગયેલ હતા તેની યાદી નીચે મુજબ છે.

દરેકના ૫ રૂપિયા પ્રભાવના હતી.

શ્રીમતી પલ્વીબેન અજમેરા, શ્રીમતી કલ્પનાબેન કીર્તિભાઈ ધ્રુવ, શ્રીમતી શૈલાબેન, શ્રીમતી જયશ્રીબેન, શ્રીમતી ગિરીકાબેન, શ્રીમતી પારૂલબેન નરેન્દ્રભાઈ વોરા, શ્રીમતી જ્યોતિબેન ભરતભાઈ શાહ, શ્રીમતી ઈલાબેન દિનેશભાઈ, શ્રીમતી કલ્પીતાબેન અજમેરા, શ્રીમતી નીલાબેન ભુપેન્દ્રભાઈ, શ્રીમતી

અમિષા બગડિયા, શ્રીમતી સોનલબેન કોઠારી, શ્રીમતી નિર્મળાબેન, શ્રીમતી હીનાબેન, શ્રીમતી અલ્કાબેન. સર્વે બહેનોનો મંડળ આભાર માને છે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક યુવા મંડળ- મલાડ

શ્રી ઝાલાવાડ યુવા મંડળ- મલાડ દ્વારા આયોજિત તારીખ ૧૮/૦૨/૨૦૨૪ ના રોજ MZPL-5 નું આયોજન કરવામાં આવેલ હતું તેનું Auction તારીખ ૧૧/૦૧/૨૪ ના રોજ ગોરેગામ સ્પોર્ટ્સ ક્લબમાં સાંજે ૦૪:૦૦pm વાગ્યાથી રાત્રે૧૧:૦૦pm વાગ્યા સુધી રાખવામાં આવેલ હતું.

સાંજે ૦૪:૩૦ વાગ્યાથી ધીરે ધીરે બધા લોકોની હાજરી થવા લાગી અને મલાડ યુવા મંડળના પ્રમુખ શ્રી બંકિમભાઇ કાંતિલાલ મથુકિયાએ સૌને આવકારો આપીને પ્રોગ્રામની શરૂઆત કરેલ હતી. સૌપ્રથમ નવકાર મંત્ર તથા ત્યારબાદ રાષ્ટ્રગીત થી શરૂઆત કરેલ હતી.

શ્રી ઝાલાવાડ યુવા મંડળ મલાડ નો આ પાંચમો પ્રોગ્રામ હતો, અગાઉ આપણે ચાર સેશન કરેલ હતા ત્યારે ચોથા સેશનમાં ગર્લ્સ ટીમના ઓનરો પણ અમારી આગળ આવીને ગર્લ્સ ટીમ ના પ્લેયર્સનું પણ ઓકશન કરવા માટે કહેલું. પહેલા આપણે ગર્લ્સ ટીમ ના પ્લેયર્સ નું લકી ડ્રો કાઢીને વહેંચણી કરતા હતા પણ આ વખતે આપણે સૌ પ્રથમવાર જ ગર્લ્સ ટીમ માટે પણ Player's auction કરવાનું નક્કી કરેલ હતું. આ વખતે ચાર ગર્લ્સ ટીમ આવેલ હતી તેમાં

૧) ભાવિકા titans, તેમના ઓનર, ઝાલાવાડ મંડળ મલાડના આઇપીપી શ્રી જીતુભાઈ ગોવિંદજી શાહ તથા તેમના ભાઈ શ્રી પ્રકાશભાઈ તથા કમિટી મેમ્બર શ્રી કિશોરભાઈ ગોવિંદજી શાહ હતા.

૨) J S swingers તેમના ઓનર શ્રી જીજ્ઞાબેન સમીરભાઈ સંઘવી હતા

૩) શાહ સ્મેશર્સ, તેમના ઓનર શ્રદ્ધાબેન પંકજભાઈ શાહ હતા

૪) સલોત સ્ટ્રાઈકર ,તેમના ઓનર્સ યુવા મંડળ મલાડના કમિટી મેમ્બર શ્રી રોનકભાઈ સલોત તથા શ્રી મિતેશભાઇ સલોત હતા. ઉપર જણાવેલ ચાર ટીમ વચ્ચે પહેલી વખત જ auction કરેલ, બહુ જ ઉત્સાહથી બધા એમાં ભાગ લીધો હતો અને ખૂબ જ આનંદપૂર્વક auction પૂરું થયેલ હતું.

ત્યારબાદ મેન્સ ટીમનું auction શરૂ કરેલ હતું આ વખતે નવ મેન્સ ની ટીમ હતી. આમંત્રણ ને માન આપી ને સમયસર પધારેલા મહેમાનો નું સ્વાગત fresh juice અને ગરમાગરમ સ્નેક્સ થી કરી પ્રોગ્રામ ની શરૂઆત કરી હતી.

જેન્ટ્સ ટીમના auction પહેલા ટુર્નામેન્ટ ની ટ્રોફીનું અનાવરણ કરેલું, તેમાં MZPL-5 ના ટુર્નામેન્ટના સ્પોન્સર શ્રી સમીરભાઈ અજીતભાઈ શાહ, મલાડ યુવા મંડળના પ્રમુખ શ્રી બંકિમભાઇ માથુકિયા ઉપ-પ્રમુખ શ્રી કેતનભાઇ વોરા, સેક્રેટરી શ્રી નિલેશભાઈ વોરા ખજાનચી શ્રી જીગ્નેશભાઈ વોરા અને બધા કમિટી મેમ્બરો હાજર હતા. તથા ઝાલાવાડ મંડળ મલાડના વડીલ શ્રી મહેન્દ્રભાઈ વોરા, ઝાલાવાડ મંડળ મલાડના આઇપીપી શ્રી જીતુભાઈ ગોવિંદજી શાહ, સેક્રેટરી શ્રી મનીષભાઈ કાંતિલાલ માથુકિયા તથા નિશિત ભાઈ વોરા, ખજાનચી શ્રી કેતનભાઇ શાહ તથા કમિટી મેમ્બર શ્રી કિશોરભાઈ શાહ, શ્રી હિતેનભાઈ માથુકિયા શ્રી બીપીનભાઈ મઠીયા, તુષાર ભાઈ વોરા તથા જૈન ક્લિનિકના પ્રમુખશ્રી અરવિંદભાઈ શાહ હાજર હતા.

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ ના બંધારણ પ્રમાણે તારીખ ૩૧/૦૩/૨૦૨૪ ના રોજ જે પણ હોદ્દેદારો અને કમિટી મેમ્બરના ૪૫ વર્ષ પૂરા થતા હોય તેણે તે હોદા અને કમિટી માંથી રાજીનામું આપવાનું છે તે પ્રમાણે મલાડ યુવા મંડળના પ્રમુખશ્રી બંકિમભાઇ માથુકિયા, ઉપપ્રમુખ શ્રી કેતનભાઇ વોરા, સેક્રેટરી શ્રી નિલેશભાઈ વોરા તથા ખજાનચી જીગ્નેશભાઈ વોરા તથા કમિટી મેમ્બર હિરેનભાઈ મહેતા ૩૧-૩- ૨૦૨૪ ના રોજ રાજીનામું આપી દેવાનું છે અને કમિટી માંથી રિટાયર્ડ થવાનું છે તે પ્રમાણે ઉપરના બધા લોકો એ તે પ્રમાણે નક્કી કરેલ છે અને તેને સ્થાને નવી કમિટીમાં જે યુવા મેમ્બરો છે તેમાં શ્રી ભવ્ય ભાઈ શાહ, શ્રી ચિંતનભાઈ શાહ, શ્રી મૌલિકભાઈ શાહ, શ્રી ચિંતનભાઈ શાહ, શ્રી મૌલિકભાઈ બગડીયા ,શ્રી રૂષભભાઈ માથુકિયા, શ્રી હર્ષભાઈ મહેતા તથા શ્રી ભાવિકભાઈ શાહ એ એમની જગ્યાએ નવા મેમ્બર તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી.

ત્યારબાદ જેન્ટ્સ ટીમના પ્લેયરો નું auction શરૂ કરવામાં આવેલું, તેનું સંચાલન શ્રી ચિંતનભાઈ શાહ, શ્રી હાર્દિકભાઈ સંઘવી, શ્રી પ્રિતેશભાઈ શાહ તથા શ્રી મૌલિકભાઈ બગડીયા એ બહુ જ ઉત્સાહપૂર્વક સંચાલન કરીને auction બહુ સારી રીતે સમયસર પૂરું કરેલ હતું.

કોઈપણ સંસ્થાના પ્રોગ્રામો તેમના ડોનરો તથા ટીમ ઓનરો ના સહયોગથી સફળ થતાંહોય છે, તો ત્યારબાદ અમે ટીમ ઓનરો તથા જે ઈવેન્ટ ડોનરો હતા તેનું બહુમાન કરેલ હતું.

સૌપ્રથમ ટુર્નામેન્ટના સ્પોન્સર શ્રી સમીરભાઈ અજીતભાઈ શાહ નું બહુમાન શ્રી ઝાલાવાડ મંડળ મલાડના ઉપપ્રમુખ તથા ઝાલાવાડ મંડળ મલાડના વડીલ શ્રી મહેન્દ્રભાઈ વોરાએ કરેલ હતું.

ટીશર્ટના સ્પોન્સર શ્રી નિશિતભાઈ હેમેન્દ્રભાઈ વોરા જે ઝાલાવાડ મંડળ મલાડના સેક્રેટરી છે તેમનું બહુમાન ઝાલાવાડ મંડળ મલાડના પ્રમુખ શ્રી જીગ્નેશ ભાઈ શાહે કરેલ હતું.

ફૂડના પ્રથમ સ્પોન્સર શ્રી જીગ્નેશ ભાઈ શાહ કે જે ઝાલાવાડ મંડળ મલાડના પ્રમુખ છે તેમનું બહુમાન ઝાલાવાડ મંડળ મલાડના આઇપીપી શ્રી જીતુભાઈ ગોવિંદજી શાહે કરેલ હતું.

ફૂડના બીજા સ્પોન્સર શ્રી દિવ્યાંગભાઈ વસંતભાઈ શાહ કોઈ

કારણસર હાજર રહી શક્યા ન હતા, અને ત્યારબાદ ફૂડના ત્રીજા સ્પોન્સર શ્રી જયેશભાઈ ચીમનલાલ શાહ, તેમનું બહુમાન શ્રી ઝાલાવાડ મંડળ મલાડના સેક્રેટરી શ્રી મનીષભાઈ માથુકિયાએ કરેલ હતું

ટુર્નામેન્ટના ટ્રોફીના સ્પોન્સર શ્રી બીજલભાઇ વિજયભાઈ શાહ તે હાજર ન હતા તેમને બદલે તેમના પિતાશ્રી વિજયભાઈ શાહ અને મોટા ભાઈ શ્રી મયુરભાઈ તેમનું બહુમાન ઝાલાવડ મંડળ મલાડના સેક્રેટરી નિશિતભાઈ વોરાએ કરેલ હતું.

ટુર્નામેન્ટના સ્નેક્સના સ્પોન્સરમાતૃશ્રી કુસુમબેન છોટાલાલ બાવીસીના ફેમિલીના શ્રી સંજયભાઈ તથા શ્રી કેતનભાઇ, આઇસક્રીમના સ્પોન્સર શ્રી નિલેશભાઈ ગાંધી તથા શ્રી અમિતભાઈ ગાંધી, ટોસ કા બોસના સ્પોન્સર ધ્રુવ ઇન્વેસ્ટમેન્ટ વાળા શ્રી પારસભાઈ ધ્રુવ, વોટરના સ્પોન્સર માતૃશ્રી ઇન્દુમતી હિંમતલાલ બાવીસીના ફેમિલી ના, 4 & 6ના સ્પોન્સર શ્રી નીતા રોહિતભાઈ શાહ તથા શ્રી ભવ્ય ભાઈ શાહ, પ્લેબોલના સ્પોન્સર મલ્ટીપલ ફાઇનાન્સિયલ કન્સલ્ટન્સી ના શ્રી દિપ્તીબેન સિદ્ધાર્થભાઈ અજમેરા અને સહાયક દાતાઓમાં શ્રી વિમલાબેન મણીલાલ શાહ ,શ્રી રાજ નિખિલ શાહ તથા શ્રી જીતલબેન અને શ્રી તેજસભાઈ સૂર્યકાંતભાઈ શાહ, શ્રી પ્રજ્ઞેશભાઈ એસ વોરા ,તથા શ્રી હિરેનભાઈ મહેતા નું સ્વાગત સંસ્થાના કમિટીના ભાઈઓ દ્વારા કરવામાં આવેલ હતું.

આ વખતની ટુર્નામેન્ટમાં નવ મેન્સ ટીમ રમવાની હતી તેમાં

૧) યુનિવર્સલ ચેલેન્જરના ઓનર શ્રી અમીચંદભાઈ નાગરદાસ શાહ ના ફેમિલીના શ્રી દિપેશભાઈ, શ્રી જીનેશ ભાઈ તથા શ્રી નરેશભાઈ હતા.

૨) વી રિયલ ટર્સના ઓનર શ્રી ગૌરવભાઈ નરેન્દ્રભાઈ શાહ તથા શ્રી હિરેનભાઈ રાજેશભાઈ શાહ હતા.

૩) વી જી એ સુપરનોવા ના ઓનર શ્રી કિર્તીભાઈ શાંતિલાલ સંઘવી તથા શ્રી સમીરભાઈ કિર્તીભાઈ સંઘવી હતા

૪) ધ સ્ટીલ બજારના ઓનર શ્રી ચિંતનભાઈ અભયભાઈ કોઠારી તથા શ્રી પાર્થભાઈ અભયભાઈ કોઠારી હતા.

૫) ડી એસ જ્વેલ્સના ઓનર શ્રી રૂપેશભાઈ દોશી હતા

૬) ક્લાસિક ઓટોના ઓનર શ્રી જયભાઈ ચેતનભાઇ ધ્રુવ હતા

૭) જૈનમ ગેઇનર ના ઓનર માથુકિયા ફેમિલી તથા વોરા ફેમિલી હતા.

૮) વોરા વોરિયર ના ઓનર શ્રી સી.એચ . વોરા એન્ડ ફેમિલી હતા.

૯) શોર્ય સ્ટ્રાઈકરના ઓનર શ્રી અશ્વિનભાઈ શાહ, શ્રી ભૌતીકભાઈ શાહ અને શ્રી ધર્મીલ ભાઈ શાહ હતા

લેડીસ ટીમના auction પછી જેન્ટસ ટીમ નું આપણે auction ચાલુ કરેલું, તે પણ શ્રી હાર્દિકભાઈ સંઘવી, શ્રી ચિંતનભાઈ શાહ, શ્રી મૌલિકભાઈ બગડીયા તથા શ્રી પ્રિતેશભાઈ શાહ એ બહુ સારી રીતે પૂરું કરેલ હતું .

Auction નો સોફ્ટવેર સફળતાપૂર્વક તૈયાર કરવામાં શ્રી મૌલિકભાઈ બગડીયા અને શ્રી ભૌતિકભાઈ શાહે ખૂબ જ મહેનત કરી હતી. આ સોફ્ટવેર નો સંપૂર્ણ ઉપયોગ જે પણ ઝાલાવાડ મંડળે કરવો હોય તેણે મલાડ યુવા મડળ નો સંપર્ક કરવો.

ઓક્શન ના સંપૂર્ણ પોગ્રામ પૂર્ણ કરી બધા રાતનું ડિનર લઈને છુટા પડયા હતા.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ (સાયન-માટુંગા-વડાલા-દાદર)

ઉપરોક્ત મંડળ નો ૪૩મો વાર્ષિક દિવસ ૭ માર્ચ ૨૦૨૪ ના દિવસે ગુરુવારના દિવસે સાયન દેરાસરમાં વિવિધ લક્ષી હોલમાં શ્રીમતી પુષ્પાબેન નોતમલાલ શાહ ની પૌત્રી ઋષિના તેમજ પૌત્ર દર્શ ના લગ્ન નિમિત્તે ભાઈ શ્રી જયદીપ નૌતમ લાલ શાહ તરફથી રાખવામાં આવેલ હતી .

તે દિવસે સવારે ૯:૩૦ વાગે પંચ કલ્યાણક પુજા ભણાવી તેમાં અંદાજે ૧૫૦ બહેનોએ આવેલ હતા આ કાર્યકર્મ નો સંપૂર્ણ લાભ તેમના પરિવારે લીધો હતો .તેમ જ મંડળને રૂપિયા ૧૧,૦૦૦ ભેટ આપેલ તેમજ શ્રદ્ધા ભક્તિ પુસ્તક અને ચૂરમાના ૫ લાડવા સાથે રૂપિયા ૧૦૦ ની પ્રભાવના કરેલ હતી.

તેમજ મમતાબેન ના વેવાણ ભારવીબેન વસા ખાસ રાજકોટ થી આ પૂજા માટે આવેલ હતા તેમણે પણ મંડળને રૂપિયા ૧૧,૦૦૦ ભેટ આપેલ, તેમજ રૂા.૧૦૦ ની પ્રભાવના કરેલ હતી.

પૂજા પત્યા પછી હાઉસીની રમત રાખેલ હતી તેમાં પણ બધી બહેનોએ ખૂબ જ લાભ લીધો અને આ સાથે નવા યુવા મંડળની પણ સ્થાપના કરવામાં આવેલ હતી. તેમાં પણ યુવા બહેનોએ ખૂબ જ સારો પ્રતિસાદ આપેલ, લગભગ ૩૦ થી ૩૫ બહેનો એ યુવા મંડળમાં નામ લખાવેલ છે આ ઉપરાંત સાધાર્મિક ભક્તિનો પણ સર્વે એ લાભ આપ્યો હતો. પૂજા ભણાવવા અમારા મંડળના ટીચર મીનાબેન મયુરભાઈ શાહ ખાસ પાર્લાથી પધારેલા હતા તેમણે પણ બહુ જ સરસ રાગ રાગીની માં પૂજા ભણાવે રંગ રાખેલ હતો તેમ જ દરેક પૂજા મંડળની બહેનો એકસરખી મંડળ ની યુનિફોર્મની સાડીમાં ખૂબ જ સરસ લાગતા હતા..

વાર્ષિક દિવસે સાધારણ મા લખાવેલ નામ ની સૂચી

રૂા. ૧૧૦૦૦ પુષ્પાબેન નૌતમલાલ શાહ

રૂા. ૧૧૦૦૦ ભારવી કેતનભાઈ વસા

રૂા. ૧૧૦૦૦ કાંતાબેન જમનાદાસ શાહ
તથા નિર્મળાબેન ચંદ્રકાન્ત શાહ

રૂા. ૫૦૦૦ રસિલાબેન હિમ્મતલાલ ગાંધી પરીવાર.

રૂા. ૫૦૦૦ સી એમ ગાંધી પરીવાર.

રૂા. ૫૦૦૦ બીના રશ્મિન શાહ

**કાયમી સંપર્ક:** નવકાર ફુડ પાર્સલ પોઈન્ટ

**સુકેતુભાઈ** (જોરાવરનગર)

**મો.૯૦૯૯૯ ૨૨૫૮૯ /૦૯૦૯૯૯ ૨૨૪૨૬**

**ફોન: (૦૨૭૫૨) ૨૨૨૫૮૯**

મુંબઈ થી બોટાદ પાલીતાણા અને ભાવનગર જતા જૈન યાત્રીકો માટે પ્યોર જૈન ત્થા મુંબઈથી ગીરનાર જતા યાત્રીકો માટે

**નવકારશીની વ્યવસ્થા (ચા-દૂધ-નાસ્તો)**

**(ગ્રુપ બુકીંગ પણ કરવામાં આવે છે.) ઉકાળેલા પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ છે.અમારે ત્યાં દરેક નાસ્તા શુધ્ધ - સાત્વીક - પ્યોર જૈન ફુડ મળશે અને તમારા ઓર્ડર મુજબ ગરમ નાસ્તો બનાવી આપીશું**

સૌરાષ્ટ્ર જનતા - સૌરાષ્ટ્ર મેલમાં રાજકોટ - વાંકાનેર - સુરેન્દ્ર નગર થી મુંબઈ જતા યાત્રીકો માટે અગાઉ બુકીંગ કરાવવાથી જૈન ભોજનની વ્યવસ્થા સુરેન્દ્રનગરમાં ઉપલ્બધ છે.

વોટ્સઅપ : ચિરાગ મો.૯૮૭૯૨૭૭૯૭૩,
સુકેતુ મો.૯૩૭૪૬ ૭૮૯૧૦

સુરેન્દ્રનગર ગેટ સ્ટેશને જમવાનું મળશે.

Rajesh : 98243 43499
Dhruvin : 90334 82510

**Jai Jinendra**

(O) : 0265 - 2422411
98250 42266

# SULSA TRAVELS

CONTACT FOR SAFE AND COMFORTABLE JOURNEY

**HONDA CITY, SWIFT DZIRE, INNOVA, INDICA, INDIGO, TAVERA, ENJOY, WINGER, TEMPO TRAVELLER, MINI BUS, LUXURY BUS**

All Vehicles Available in A/C & NON A/C



E-MAIL : sulsatravels@gmail.com

Opp. Lalji Kui Masjid, Nagarwada, Vadodara



Rajesh Shah
+91 - 9820518767

Nimit Shah
+91 - 8976179249



MARKO™
Write with pride...

# NILRAJ ENTERPRISES

★ MFG OF - Ball Pens & Roller Ball Pens ★

★ CONTACT US ★

13, Old Guest House, Bhadran Nagar Road No.2,
S. V. Road, Malad (West), Mumbai - 400064.
E-Mail : nilrajpens@gmail.com / nimits350@gmail.com
✆ - 022 - 28070424
Website : www.markopens.com

Manufacturing of:
Roller Pen, Ball Pen
& Corporate Gifting

# I. B. Shah
ENTERPRISE

C-5-3, Bhadran Nagar,
Near N. L. High School,
S. V. Road, Malad West,
Mumbai: 400 064.

Nilesh Shah
+91-9820827512
ibshahent@yahoo.com

Vision OPTICS — SINCE 1991

**Opticals & Contact Lenses**

9, Laxmi Palace,
60 Feet Road, Ghatkopar (East),
Mumbai - 400 077.
91-22-2501 6161
93235 29352
visionoptics1991@gmail.com

1 & 2 , Vaibhav Residency,
Plot No. NDR 22 , Tilaknagar,
Chembur (West) , Mumbai-400089.
91-22-2528 6161
99309 29352
visionopticschembur@gmail.com

follow us on :

Estd.-1931

# J. LALDAS & Company

507, Maulana Azad Road, Near Gol Deval Temple,
Mumbai - 40 004. Tel.: 2346 2023 / 2347 0259

33/C, Laxmi Industrial Estate, New Link Road, Andheri (West),
Mumbai - 400 053. Tele Fax : 2636 6896 / 4003 9177
Email : jlaldas@gmail.com, jlaldas_co@hotmail.com

Jaquar | Artize | Jaquar | CISTERNS

# NEW MAHAVIR TRAVELS

Available Rental Car / Taxi in Surendranagar

Innova - Ertiga - Swift Desire

Tempo Traveller - EECO

*Available at Discounted Price*

*Contact :*

Gautambhai Kothari - 9898166768

Darshanbhai - 8780028856

રૂા. ૨૫૦૦ શારદાબેન કિશોરભાઈ શાહ.
રૂા. ૨૧૦૦ જ્યોત્સના બેન બગડીયા
(મનિષા બગડીયા ના જન્મદિવસ નિમિત્તે)
રૂા. ૧૫૦૦ પ્રફુલ્લાબેન લલિતભાઈ શાહ.
રૂા. ૧૫૦૦ ચંદ્રાબેન જશવંતભાઈ શાહ
રૂા. ૧૧૦૦ : ( દરેક) તરૂણાબેન શાહ, ઉષાબેન શેઠ, ચંદ્રિકાબેન વસંતલાલ શાહ, કલ્પના રમેશભાઈ શાહ, જ્યોત્સનાબેન બગડીયા, ચારૂબેન બાવીશી, ઉષાબેન બિપીનભાઈ શાહ, દેવી બેન શાહ, મૃદુલા બેન દોશી, ગીતાબેન મુકેશ સંઘવી, રેખાબેન શેઠ
રૂા. ૧૦૦૦ (દરેક) અરુણાબેન ધૃવ, પરિન્દા દોશી, કોકીબેન રાજુભાઈ
રૂા. ૫૦૦ (દરેક) સરોજબેન ચંદ્રવદન શાહ, શંખેશ્વર મંડળ, જયશ્રી મયુર શાહ, અજીતશાન્તી મંડળ, મૃદુલા બેન જયસુખભાઈ શાહ, કિન્નરી દોશી, ચંદ્રાબેન પારેખ, વસંત બેન નલીનભાઈ અરુણાબેન વિનયભાઈ, સ્નેહલતાબેન બગડીયા, રશ્મિ શેઠ, ભાવના શાહ, મિતાબેન પ્રદીપભાઇ શાહ, જ્યોત્સનાબેન, કુવાડીયા, અલ્કાબેન મણિયાર, કિરણબેન દુષ્યંતભાઈ, તારાબેન દોશી, કલ્પના વારીશાહી.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ – વિલેપારલા

આપણા મંડળના વાર્ષિક દિવસની ઉજવણી નિમિત્તે તા.૧૫-૨-૨૦૨૪ મહાસુદ-૬ને ગુરૂવારના શુભદિવસે ચેમ્બુર તીર્થ મુકામે સવારે ૧૦ વાગ્યે પંચકલ્યાણક પૂજાનું આયોજન કરેલ.

તીર્થાધિપતિ શ્રી આદિનાથના દરબારે મોટી સંખ્યામાં બધાજ મેમ્બર્સ બહેનોએ ધામધુમપૂર્વક વાર્ષિક પુજા ભણાવી ભક્તિની રમઝટ બોલાવી.

આપણા મંડળના આ સુંદર અવસરને વધાવવાનો અમુલ્ય લાભ ભક્તિના રસિયા, ઉદારદિલ અને ઉત્સાહી આપણા જ મેમ્બર્સ બહેનો શ્રીમતી સુરેખાબેન સુધીરભાઈ શાહ, શ્રીમતી બીનાબેન ભરતભાઈ શાહ ત્થા શ્રીમતી રીટાબેન પ્રકાશભાઈ શાહ આ ત્રણે બહેનોએ સાથે મળીને અપૂર્વ, અદ્ભુત, ઉત્કૃષ્ટ ભાવોલ્લાસ સાથે વાર્ષિક પુજાની સુવર્ણતક ને ઝડપી ને પંચકલ્યાણક પુજા સાથે બપોરના સાધર્મિક ભક્તિના સ્વાદિષ્ટ ભોજન સહ રૂા.૨૦ની પ્રભાવના કરી અમૂલ્ય લાભ લઈને અદ્ભુત પુન્યોપાર્જન કર્યું.

આપણા પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન શાહે દરેક કમીટી મેમ્બર્સ સાથે ત્રણે લાભાર્થી બ્હેનોનું ઉત્સાહપૂર્વક કુમકુમતિલક અને મોતીની માળા પહેરાવી અનુમોદના સહ બહુમાન કરી તેઓએ લીધેલ અમુલ્ય લાભ બદલ ખુબ ખુબ આભાર માનેલ.

ત્યારબાદ શ્રી જ્યોતિબેન બાવીશી આજના લાભાર્થી બહેનોનો મંડળવતી અનુમોદના સહ આભાર માનેલ. આ સાથે આપણી વાર્ષિકપુજામાં પધારેલ ઘાટકોપર મહિલા મંડળના પ્રમુખ શ્રી ભારતીબેન શાહ ત્થા શ્રી શારદાબેન શાહનું પણ બહુમાન કરી આભાર માનેલ.

આ સાથે દરેક મેમ્બર્સ બહેનોએ મીની શત્રુંજય સમ ચેમ્બુર તીર્થાધિપતિ શ્રી આદેશ્વર દાદાની ભાવપૂર્વક પુજા યાત્રા સાથે વાર્ષિક પુજા ભણાવી પાવન થયા. સ્વાદિષ્ટ ગરમા-ગરમ ભોજનની લહેજત માણી વાર્ષિક દિવસને વધાવી છુટા પડયા. આ શુભ પ્રસંગે મંડળ તરફથી રૂા.૧૫૦/-ની પ્રભાવના કરેલ.

આજના શુભ દિવસે વાર્ષિક દિવસ નિમિત્તે મંડળને નીચે મુજબ ભેટ મળેલ છે.

રૂા.૨૫૦૦/- આજના લાભાર્થી બહેનો શ્રી સુરેખાબેન શાહ, શ્રી બીનાબેન શાહ તથા શ્રી રીટાબેન શાહ ત્રણે બહેનોના મળીને.
રૂા.૧૦૦૦/- (દરેકના) નિરૂપમાબેન શાહ, કોકિલાબેન કામદાર, જ્યોતિબેન શાહ, જ્યોતિબેન બાવીશી, રૂપલબેન શાહ, જયશ્રીબેન શાહ, કલ્પનાબેન શાહ, જશુબેન ડગલી, ભારતીબેન વી. શાહ, ભાવનાબેન શેઠ, નીલાબેન શાહ, સુરેખાબેન પી. શાહ, સુરેખાબેન કે. શાહ, અલકાબેન મહેતા.
રૂા.૫૦૦/- (દરેકના) હર્ષાબેન સી. શાહ, કલ્પનાબેન ધ્રુવ, શિલ્પાબેન શાહ, વિમળાબેન શાહ, અલકાબેન યુ. શેઠ, દીનાબેન શાહ, ગીરીકાબેન શાહ, હર્ષાબેન જે. શાહ, હર્ષાબેન એચ. શાહ, મયુરીબેન અજમેરા, જ્યોત્સનાબેન મહેતા, સરોજબેન મહેતા ત્થા અલકાબેન વી. શાહ
રૂા.૩૦૦/- (દરેકના) અરૂણાબેન શાહ ત્થા નીતાબેન શાહ
રૂા.૨૫૦/- (દરેકના) રેખાબેન શાહ, દર્શનાબેન શાહ, વિણાબેન પટવા.
રૂા.૨૦૦/- (દરેકના) આરતીબેન શાહ ત્થા અરૂણાબેન બી. શાહ
રૂા.૧૫૦/- (દરેકના) સરોજબેન શાહ ત્થા સોનલબેન મહેતા.

મંડળ દરેક દાતા બહેનોનો અનુમોદના સહ ખુબ ખુબ આભાર માને છે.

આપણા મંડળનો ગત પ્રોગ્રામ એક દિવસીય માંડવી રિર્સોટ પીકનીક તા.૧૩-૩-૨૦૨૪ને બુધવારના વહેલી સવારે ૬ વાગ્યે પાર્લા (ઈસ્ટ) દિનાનાથ હોલ પર થી મેમ્બર્સ બહેનોના સથવારે એ.સી. બસ દ્વારા શ્રીપાર્શ્વનાથ ભગવાનની જય બોલાવતા રવાના થયા. પીકનીકની શરૂઆતમાં નવકાર ગણાવી શ્રીમતી જ્યોતિબેન બાવીશીએ માંગલિક સંભળાવી દરેક બહેનોએ ક્રમશઃ એક એક સ્તુતિ બોલી સવારની ભક્તિ કરી પીકનીકની સફરનો આનંદ માણતા વેસ્ટર્ન હાયવે પર આવેલ લોઢાધામમાં શ્રી સીમંધર સ્વામીના જિનાલયે અભિષેક સહ અષ્ટપ્રકારી પુજા અપૂર્વ લાભ લઈ પાવન થતા માંડવી રીર્સોટ ૮.૩૦એ આવી પહોંચ્યા. વન્ડરફુલ આકર્ષક રીર્સોટમાં પગ મુકતા જ ખુશખુશાલ થતા. વેલકમ લાઈમજ્યુસને ન્યાય આપ્યો. જાણે કે દરેક બહેનોમાં પોતાનું બચપન પાછુ આવી ગયુ હોય તેમ ખિલી ગયા. ખુશનુમા વાતાવરણમાં ગરમાગરમ મોર્નીંગ બ્રેકફાસ્ટની લહેજત માણી.

બધા જ રિર્સોટમાં ટહેલતા ટહેલતા સ્વીમીંગપુલ, વેવપુલ, વોટરસ્લાઈડનો, વોટરફોલ્સ ચારે બાજુ પાણી મસ્તી મસ્તી. આજના મસ્તીભર્યા દિવસને માણવા સ્વીમીંગ પુલ આવી ગયા. ડી.જે. સોંગ મસ્તી, ધમાલ ફોટોગ્રાફી, વીડીયોઝ રીલ્સનાં આનંદમાં મશગુલ થઈ ગયા. ગરમા ગરમ લાઈવ વાનગીઓ અને બપોરના મીઠા મધુરા સ્વાદિષ્ટ ભોજનની લિજ્જત માણતા સમય ખુશીમાં પસાર થતો ગયો. બપોરે જ્યોતિબેન બાવીશીએ અનોખી હાઉસી અને મેમરી ગેઈમ રમાડી ધમાલ કરાવી. પ્રમુખ શ્રી જ્યોતિબેન શાહે દરેક વીનર્સ બહેનોને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા. ત્યારબાદ આપણી સાથે આવેલ આપણા ગેસ્ટ મેમ્બર્સ શ્રી પ્રફુલ્લાબેન કીલાવાલા એ ABCDની ખુબજ મઝેદાર ગેઈમ રમાડી સૌના મન જીતી લીધા. બધા ખુશ ખુશાલ થતા મનભરી મસ્તી માણતા સાંજના ચૌવિહારનાં ચટાકેદાર ડીનરની લહેજત માણવા જવાની તૈયારી કરી આપણા ફોટોગ્રાફર શ્રી હર્ષાબેને કુલ કુલ કુલ્ફીની દાવત આપી બધાને ઠંડા કરી દીધા. ધમાલ, મસ્તી અને પીકનીકનો આનંદ અવિસ્મરણીય આનંદનું ભાથું લઈને સૌ બસમાં ગોઠવાયા રસ્તામાં અંતાક્ષરીની ધમાલ કરતા બરાબર ૯.૦૦ વાગ્યે મસ્તીભરી યાદ સાથે પાર્લા આવી પહોંચ્યા. ખુબજ ધમાલ અને મસ્તીભર્યા રહી આજની પીકનીક.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. યુવક મંડળ-ઘાટકોપરના નેજા હેઠળ હૈદરાબાદ મુકામે શ્રી કુલપાકજી, શ્રી ચૈતન્યપુરી તીર્થ સાથે રામોજી સ્ટુડિયોનો યાત્રાપ્રવાસ

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. યુવક મંડળ-ઘાટકોપરના નેજા હેઠળ દર વર્ષે પ્રાચીન તીર્થની યાત્રા કરવામાં આવે છે. તેને અંતર્ગત આ વર્ષે પણ યુવક મંડળના કમીટી મેમ્બર અને નવાં નિમાયેલાં પ્રમુખ શ્રી રૂષભભાઈ પરીખના સથવારે શ્રી કુલપાકજી તીર્થ, શ્રી ચૈતન્યપુરી તીર્થ સાથે રામોજી સ્ટુડિયો-હૈદરાબાદ જવાનું નક્કી કરેલ. જેને ખૂબ જ સારો પ્રતિસાદ મળેલ તથા તેમાં ૧૨૦ યાત્રિકો જોડાયા હતા.

પ્રમુખશ્રીની આગેવાની હેઠળ યુવક મંડળના કમીટી મેમ્બરોએ ખૂબ જ ઉત્સાહપૂવથક જવાબદારી સ્વીકારી અને યાત્રાપ્રવાસની સંપૂર્ણ વ્યવસ્થા સંભાળી લીધી હતી. યાત્રીકોને જવા-આવવાની, રહેવાની, જમવાની વ્યવસ્થા સફળતાપૂવથક પાર પાડવામાં આવી. યુવક મંડળના કમીટી મેમ્બરોની એક ટીમે પહેલાં તીર્થસ્થળોની પાઈલટ વિઝીટ કરીને દરેક તીર્થની ધર્મશાળા અને રસોડાની વ્યવસ્થા તેમજ એક તીર્થથી બીજ તીર્થ જવા માટેની બસોની વગેરેનું વ્યવસ્થિત સર્વેક્ષણ કર્યા બાદ એનું આયોજન કર્યું હતું. પ્રથમ યાત્રા પ્રવાસની માહિતી પત્રિકામાં આપવામાં આવેલ.

આ યાત્રાપ્રવાસ શરૂ થતાં પહેલાં ૮-૧૨-૨૦૨૩ના રાતના ૯.૦૦ વાગ્યે કુકરેજા દેરાસરના પરિસરમાં યાત્રીકોનું સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું. એમાં યાત્રીકોને એકબીજાનો પરિચય કરાવી અને યાત્રાની રૂપરેખા જણાવવામાં આવી હતી. આ સ્નેહમિલનમાં યાત્રાના સંઘપતિ બનવાનો આદેશ ૪૫,૦૦૦ રૂપિયામાં સ્વ.અશ્વિનભાઈ નગીનદાસ શાહ હસ્તે નયનાબેન અશ્વિનભાઈ શાહ તથા સ્વ. શ્રી સુરેશભાઈ અમૃતલાલ શાહ હસ્તે સરોજબેન સુરેશભાઈ શાહ, શ્રીમતી જાગૃતિબેન પંકજભાઈ બારભાયાએ સાથે મળીને લાભ લીધો હતો. આ સાથે નવગ્રહ તીર્થમાં નવગ્રહ પૂજન અને નવગ્રહ યંત્રના અનુષ્ઠાનનો આદેશ ૨૭,૦૦૦ રૂપિયામાં શ્રીમતી પૂજાબેન અરવિંદભાઈ ગડા અને શ્રી કીર્તનભાઈ અશ્વિનભાઈ શાહે સાથે મળીને લીધેલ. આ સાથે જ રોજના ચૌવિહાર, નવકારશી અને જમણવારના આદેશપણ આપેલ. (જેની યાદી નીચે આપવામાં આવી છે.) આ સ્નેહમિલનમાં દરેક યાત્રીઓને અગત્યની સૂચનાઓ, તેમના ટ્રેનના સીટ નંબરો, બસના નંબર વગેરે આપીને તેમના કોઈ યાત્રા અંગેના સવાલોના સંતોષપૂર્વક જવાબ અને માહિતી આપેલ હતી.

દરેક યાત્રીકો શુક્રવાર ૨૨-૧૨-૨૦૨૩ના રોજ રાતના ૯.૦૦ વાગ્યે સીએસએમટી પહોંચી ગયેલ. ત્યાં પહેલાં યાત્રાપ્રવાસના સંઘપતિ પરિવારનું બહુમાન કરવામાં આવેલ. રાત્રે પ્રભુસ્મરણ સાથે ૯.૩૦ વાગ્યે સીએસએમટીથી વિકારાબાદ-હેદરાબાદ તરફ ટ્રેને પ્રસ્થાન કરેલ. શનિવાર ૨૩-૧૨-૨૦૨૩ના ટ્રેનમાં જ યાત્રીકોને નવકારશી કરાવવામાં આવેલ. સવારના ૧૦.૩૫ના યાત્રીકો વિકારાબાદ સ્ટેશન પર પહોંચીને તેમના આપવામાં આવેલાં બસ નંબરની ૨x૨ એસી બસમાં નવગ્રહ તીર્થ તરફ પ્રસ્થાન કરેલ. નવગ્રહ તીર્થમાં ભાવતાં ભોજનીયાંને ન્યાય આપીને દરેક યાત્રીકોએ દર્શન, સેવા-પૂજા, આરતીનો લાભ લીધેલ. ત્યારબાદ જેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી એ નવગ્રહ પૂજન અનુષ્ઠાનમાં ઉમળકાપૂર્વક સૌએ સાથે ભાગ લીધેલ. આ અનુષ્ઠાન માટે ચૈતન્યપુરીથી મહિલામંડળની બહેનો આવેલ. જેમણે સંગીતના સથવારે અર્થ અને એક ગાથાના મહત્વ સાથે અનુષ્ઠાન કરાવેલ. ત્યારબાદ ચૌવિહાર કરીને યાત્રિકોએ બસ દ્વારા કુલપાકજી તીર્થ પ્રયાણ કરેલ. કુલપાકજી તીર્થ રાતના ૧૨ વાગ્યે પહોંચ્યા બાદ ત્યાં બધાંને રૂમોમાં ઉતારો આપેલ. બીજા દિવસે ૨૪-૧૨-૨૦૨૩ વહેલાં ઉઠીને સવારે દર્શન, પક્ષાલ, સેવા-પૂજાનો ઉમંગ અને ઉત્સાહપૂર્વક લાભ લીધેલ. નવકારશી અને બપોરના જમણ પછી બસ દ્વારા ચૈતન્ય પુરી તરફ પ્રસ્થાન કરેલ. સાંજના ચૈતન્યુપરી  તરફ પ્રસ્રન કરેલ. સાંજના ચૈતન્યુપરી પહોંચીને યત્રિકોએ પહેલાં દર્શન કરીને ચૌવિહાર કરેલ. સાંજના ૬.૩૦ પછી સૌ યાત્રીકોએ બિરલા ટેમ્પલ અને લુમ્બીની પાર્ક જઈને આનંદ લીધેલ. રાતના રોકાણ કરી બીજા દિવસે ૨૫-૧૨-૨૦૨૩ના સવારે યાત્રીકોએ દર્શન, સેવા-પૂજા અને નવકારશી કરીને બોતેર જિનાલય ગયેલ. ત્યાં બપોરના દર્શન-પૂજા કરીને જમીને ચૈતન્યપુરી પાછાં ફર્યા હતા. જયાં ચૌવિહારનો સૌએ લાભ લીધેલ. બસની મુસાફરીમાં

યાત્રીકોને ફુડ પૅકેટ, ડ્રાયફ્રુટસ પેકેટ, ચોકલેટ પીપર આપવામાં આવેલ. ચૈતન્યપુરીની ધર્મશાળામાં રાતના સંઘપતિ પરિવારોની સાથે દરેક આદેશ લેનાર દાતાઓનું યુવક મંડળ અને કમિટી મેમ્બરોએ બહુમાન કરેલ. યાત્રીકો એટલાં બધાં ઉત્સાહી હતા કે સંઘપૂજનમાં દરેક યાત્રીકને ૫૭૦ રૂપિયાનું સંઘપૂજન કર્યું હતું.

આ પ્રવાસની વિશેષતા એ હતી કે, આ યાત્રાના સંઘપતિ અને યાત્રીકો દ્વારા શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. યુવક મંડળ-ઘાટકોપરના પ્રમુખ, ભૂતપૂર્વ પ્રમુખ અને અન્ય કમિટી મેમ્બરોનું યાત્રાનું સુંદર અને વ્યવસ્થિત આયોજન કરવા માટે બહુમાન કરેલ.

૨૬-૧૨-૨૦૨૩ના સવારના નવકારશી, સેવાપૂજા કરી બસમાં રામોજી સ્ટુડિયો તરફ પ્રયાણ કરેલ. સવારે ૯.૩૦ વાગ્યે રામોજી સ્ટુડિયો પહોંચીને વિવિધ પીકચરો અને સિરિયલોના સેટ, ગાર્ડન અને કૅફટેરિયાનો આનંદ લીધેલ. રામોજીમાં બપોરના જમણ અને ચૌવિહાર કરી બધી જ બસો હૈદરાબાદ સ્ટેશન તરફ પ્રયાણ કરેલ. બીજા દિવસે ૨૭-૧૨-૨૦૨૩ના રોજ ટ્રેનમાં સવારના નવકારશી કરીને બપોરે દાદર સ્ટેશન મુકામે પહોંચેલ. દરેક યાત્રીકોએ આ યાદગાર પ્રવાસને બિરદાવેલ અને આવું આયોજન દર વર્ષે થાય એવા ભાવ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. યુવક મંડળ-ઘાટકોપરના સર્વે દાતાઓનો આભાર માને છે અને આવી રહેલાં વર્ષોમાં આવો જ ઉત્તમ પ્રતિસાદ અને પ્રેમ મળે એવી પ્રાર્થના કરે છે.

આદેશોની યાદી :

**Yatra Pravas na Bija Aadesh Na Labharthi Parivaar -**

**23rd Navkarshi -**
Ek Sadgrahast 4,000

**23rd Jhamanvar -**
Shri Nimishbhai Himatlal Mashkaria 6,000

**23rd Choviyaar -**
Shri Pankajbhai Nagindas Shah 5,000

**24th Navkarshi -**
Shri. Girishbhai Barbhaya 4,000

**24th Jhamanvar -**
Kumari Kashvi Devang Mehta 6,000

**24th Choviyaar -**
Smt. Jetalben Kintanbhai Shah 5,000

**25th Navkarshi -**
Smt. Meghnaben Timbadia 4,000

**25th Jhamanvar -**
Shri. Viralbhai Naredrabhai Sheth 6,000

**25th Choviyaar -**
Kumari Heer Jineshbhai Shah 5,000

**26th Navkarshi -**
Shri Pradeepbhai Manshukhlal Salot 4,000

**26th Jhamanvar -**
Shri Dhirajlal Kothari 6,000

**26th Choviyaar -**
Shri Ashwinbhai B Shah 5,000

**27th Navkarshi -**
Shri Parasbhai Yogeshbhai Vora 4,000

**Musicians for Navgrah Poojan**
Kumari Hezal Aakash Parikh 5,000

BUS A - Ek Sadgrahast 11,000

BUS B - Mat. Naynaben Ashwinbhai Shah, Smt. Prafullaben Vijaybhai Salot, Smt. Kailashben Sunil Shah, Smt. Sangeeta Rajesh Doshi, Smt. Shivani Jinesh Shah. 10,000

Food Packets -
Shri Harsh Dharmeshbhai Shah 5,000

Brittles - Shri Vikrambhai Anilbhai Mehta, Shri Manishbhai Vora, Smt. Ushaben Vora, Smt. Alkaben Kapasi. 5,000

Dry Fruit Packets -
Shri Rohitbhai Rasiklal Parikh and Dia Deepkumar Udeshi 7,500

**Sangh Poojan Na Labharthi Parivaar**

| | |
|---|---|
| Shri Sanghpati Parivar | 72 |
| Shri Vijay Salot, Shri Sunil Shah, Shri Rajesh Doshi, Smt. Shivani Shah | 27 |
| Shri Rohit Rasiklal Parikh | 27 |
| Shri Rushabh Pankaj Shah | 20 |
| Smt. Rekha Kamlesh Jain | 15 |
| Shri. Priteshbhai Pushpendra Shah | 15 |
| Smt. Varshaben Dharmeshbhai Shah | 11 |
| Smt. Sunitaben Girishbhai Barbhaya | 10 |
| Dia Deep Udeshi | 10 |
| Shri. Hasmukhbhai Bavishi | 10 |
| Shri. Nayanbhai Vora | 10 |
| Shri. Rajeshbhai Jayantilal Mehta | 10 |
| Shri. Vikrambhai Anilbhai Mehta | 10 |
| Smt. Kalpana Vijaybhai Maskaria | 10 |
| Smt. Ritaben Bharatbhai Shah | 10 |
| Smt. Ketal Anopchandbhai Vora | 10 |
| Smt. Aditiben Devangbhai Mehta | 10 |
| Smt. Niranjana Jayantilal Mehta (Rajeshbhai Mehta) | 10 |
| Shri Yogeshbhai Anopchandbhai Vora | 10 |
| Shri Nimishbhai Himatlal Mashkaria | 10 |
| Smt. Jully Ajmera | 7 |
| Smt. Hemani Pankajbhai Shah | 5 |
| Shri Bharatbhai Ajmera | 5 |
| Shri Jaysukhbhai Sheth | 5 |
| Smt. Chandrikaben Jaysukhbhai Sheth | 5 |
| Shri Dineshbhai Shah | 5 |
| Smt. Minitaben P. Shah | 5 |
| Dhristi Viralbhai Sheth | 5 |
| Smt. Sarojben Narendrabhai Sheth | 5 |
| Smt. Poojaben Arvindbhai Gada | 5 |
| Smt. Sushmaben Kapasi | 5 |
| Smt. Shardaben Damani | 5 |
| Shri. Lalitbhai Zhaveri | 5 |
| Smt. Bhartiben Sureshbhai Shah | 5 |
| Hiyan & Ansh | 5 |
| Jeet Hemantbhai Patel | 5 |
| Hiyansh & Samyak Jinesh Shah (Dubai) | 5 |
| Shri. Ashwinbhai Babulal Shah | 5 |
| Shri. Jaswantlal Shah | 5 |
| Ludo Mayur Poladia | 5 |
| Shri Jigarbhai Ashwinbhai Shah | 5 |
| Smt. Krupaben Prashantbhai Parikh | 5 |
| Smt. Kokilaben Bharatbhai Bagadia | 5 |
| Shri. Girishbhai Gandhi | 5 |
| Misha Chiragbhai Sheth | 5 |
| Smt. Geetaben Janjharkiya | 5 |
| Smt. Hemaben Jayendrabhai Nakar | 5 |
| Shri Kalpak Tusharbhai Shah | 5 |
| Smt. Parulben Pradipbhai Shah | 5 |
| Shri. Manishbhai Vora | 5 |
| Smt. Ushaben Vora & Alkaben Kapasi | 5 |
| Smt. Ranjanben Bhogilal Shah | 5 |
| Shri. Hareshbhai Vinaychandbhai Mehta | 5 |
| Shri. Bharatbhai Manilal Shah | 5 |
| Jiana, Yashika & Yug (Rushabh) | 5 |
| Kashvi Devang Mehta | 5 |
| Shri. Kamleshbhai Parekh | 5 |
| Shri. Dhirajlal Kothari | 3 |
| Smt. Fagunben Paragbhai Shah | 3 |
| Hazell Aakash Parikh | 3 |
| Angel Cat | 2 |
| Dev Arvindbhai Gada | 2 |
| Pratham Arvindbhai Gada | 2 |
| Keval & Harshil Damani | 2 |
| Hast Alokbhai Bavishi | 2 |
| Kiaah Aakash Parikh | 2 |
| Nidhi Meet Gada | 2 |
| Meghnaben Timbadia | 2 |
| Hiyaan Pratik Shah | 1 |
| Khwaish Lakhani | 1 |
| Zalawad Yuvak Mandal | 39 |

# તારંગા તીર્થ ઈતિહાસની અમર કથા

**જૈન પ્રાકૃતિક હેલ્થી સપ્લીમેન્ટ હૃદય સ્પર્શ**

**પ્રણામ.....**

**મારા વાચક મિત્રો,**

રાજા કુમારપાળે તારંગા નુ દેરાસર કેમ બંધાવ્યું તેનો ઇતિહાસ ? ? રાતનો સમય છે. અજવાળી રાત છે. આખુ પાટણ શહેર સૂઈ ગયું છે. શહેરની વચ્ચે આવેલા એક પુરાણા લાકડાના ઉપાશ્રયની ઓસરીમાં રાજા કુમારપાલ અને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી બેઠા છે. આચાર્ય મહારાજના ચરણોમાં બેસી રાજા પોતાના અંગત જીવનની વાતો કરે છે. આચાર્ય મહારાજ સાંભળે છે. રાજા કહે છે : સાહેબ ! એક વાત તો કહેવાની જ રહી ગઈ. આપને યાદ છે ને કે,

એક વાર હું ખંભાત આવ્યો હતો ને આપશ્રીએ મને સૈનિકોથી બચાવી લીધો હતો. પછી હું ખંભાતથી ભાગ્યો. સિદ્ધરાજના ભયથી છુપાતો છુપાતો છેક અરવલ્લી પહોંચ્યો. ત્યાંના પહાડોમાં ફરતો હતો. ખૂબ થાક્યો હતો. એક વૃક્ષ નીચે આરામ કરવા બેઠો. મને ઊંઘ આવી જ જાત પણ ત્યાં અચાનક જ મેં એક જોરદાર દશ્ય જોયું.

મારી સામે એક વૃક્ષ હતું. એની નીચેથી એક ઉંદર નીકળ્યો. તેના મોઢામાં એક સોનાનો સિક્કો હતો. ઉંદરે નીચે સિક્કો મૂક્યો ને દરમા ગયો. ફરી એક સિક્કો લઈ બહાર નીકળ્યો. ફરી મૂક્યો. ફરી દરમાં ગયો. ત્રીજી વાર - ચોથીવાર - પાંચમી વાર આમ ૩૨ વાર દરમાં ગયો ને ૩૨ સિક્કા લઈને આવ્યો અને સિક્કા જોઈ જોઈને નાચવા લાગ્યો.

હું પણ એ સિક્કા જોઈ મનમાં ને મનમાં નાચવા લાગ્યો. કેટલાય દિવસોનો હું ભૂખ્યો-તરસ્યો હતો. મારી પાસે કાંઈ હતું નહીં. ને મને થયું કે ઉંદરને આ સોનાના સિક્કા કોઈ કામના નથી. જ્યારે મને તો ખૂબ કામ લાગશે. ઉંદર જેવો દરમાં ગયો કે મેં બધા સિક્કા લઈને મારું ધોતિયામાં ગાંઠ વાળીને બાંધી દીધા.

થોડી ક્ષણોમાં ઉંદર દરમાંથી બહાર આવ્યો. એણે સિક્કા જોયા નહીં. એટલે ચારે તરફ શોધવા લાગ્યો. સિક્કા ન મળવાથી એક પથ્થર ઉપર એણે માથું પછાડયુ. એક વાર - બે વાર - ત્રણ વાર ને ઉંદર મરી ગયો. સાહેબ ! હું એ વાત યાદ કરું છું કે મને આજે ય કમ્પારી છૂટે છે. મેં આ કેટલું મોટું પાપ કર્યું ?

આટલું કહેતા રાજાની આંખો ભીની થઈ ગઈ. ચાંદની રાતના અજવાળામાં રાજાની આંખમાંથી નીકળતા આંસુના બુંદ આચાર્ય મહારાજે જોયા.

ફરી ગદ્ ગદ્ સ્વરે રાજાએ કહ્યું: સાહેબજી ! મારા પાપનું પ્રાયશ્ચિત આપો.

આચાર્ય મહારાજે કહ્યું કે કુમારપાલ ! ઉદરને - તિર્યંચને પણ લોભ હોય છે. સોનામહોર ચાંદીમહોર ને પૈસા એમને

પણ ગમે. તમે ઉંદરના સોનાના સિક્કા લીધા એટલે ઉંદર મરી ગયો. એનું પ્રાયશ્ચિત એટલું જ છે કે તમે જે જગ્યાએ ઉંદર મૃત્યુ પામ્યો ત્યાં જ દેરાસર બનાવો. આ એની આલોચના છે.

'જી ગુરુ મહારાજ' કુમારપાલે કહ્યું,

બીજા દિવસથી રાજાએ તૈયારી કરી દીધી. રાજાને ક્યાં વાર લાગે તેવું હતું ? પથ્થરો મંગાવ્યા. જગ્યા સાફ કરાવી. ખનન વિધિ થઈ ને થોડા મહિનામાં ભવ્ય દેરાસર બંધાવ્યું. ઊંચું શિખરબંધી ને મોટું દેરાસર આજે પણ છે. એમાં ભવ્યાતિભવ્ય અજિતનાથ પ્રભુને બિરાજમાન કર્યાં. આ વાતને આજે ૧૦૦૦ વરસ થવા આવ્યા. એ દેરાસરનું નામ છે તારંગા... રાજાના પ્રાયશ્ચિતમાં બનેલા આ મૂષક વિહાર દેરાસર પાછળ ઉદરની આ કથા ગૂંથાયેલી છે. ઇતિહાસમાં આ કથા અમર છે.

## અશ્રુભીની શ્રધ્ધાંજલી



**સ્વ. શ્રી નૈનેષ બીપીનભાઈ મહેતા**

**જન્મ : ૧૪-૮-૧૯૭૫**

**અરિહંત શરણ : ૧૪-૨-૨૦૨૪**

**(મૂળ વતન : સાયલા, હાલ : સાંતાક્રુઝ)**

▪▪▪▪▪▪▪▪

**પપ્પા ! આપની હયાતી અમારી પ્રેરણા હતી. આપના આદર્શ અમારા માર્ગદર્શન બનશે. ન માંગતા બધુ જ આપ્યું તમે, ન કહેતા બધુંજ કર્યું તમે. અમારામાં પ્રેમ અને સંસ્કારોનું સિંચન કર્યું તમે. કદિ પિતા સ્વરૂપે... કદિ મિત્ર બનીને... આપનો હાથ હંમેશા અમારી ઉપર છે. પપ્પા ! સદા આશીર્વાદ રૂપે.....**

**પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અંતરની પ્રાર્થના...**

**-: શ્રધ્ધા સુમન અર્પણ કરતા :-**

**માતા-પિતા :** સ્વ. કૈલાશબેન બીપીનભાઈ મહેતા

**સાસુ-સસરા :** સ્વ. સુધાબેન જિતુભાઈ શાહ

**પત્ની :** કિંજલ નૈનેશ મહેતા **પુત્રી :** રાજવી નૈનેશ શાહ

**બેન-બનેવી :** સિતલ આશીષ શાહ

**(સદ્ગતના આત્મશ્રેયાર્થે શ્રી સંઘને જીવદયા ખાતે રૂા.૫૦૦/- અને સાધર્મિક ખાતે રૂા.૫૦૦/- ભેટ આપેલ છે.)**

## શ્રી વિંછીયા તીર્થ શ્રી શાંતીનાથ ભગવાનની ૧૭૫મી સાલગિરાહ

શ્રી વીંછીયા તિર્થ મંડણ ૧૬ માં તિર્થાધપતિ....પ્રગટ પ્રભાવી શ્રી શાંતિનાથ ભગવાન ના જિનાલયની ૧૭૫મી સાલગિરાહ નિમિતે ત્રિદિવસીય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ

દિવસ ૧લો

જેઠ શુદ ૯ ને શનિવાર તા.૧૫-૦૬-૨૪

સવારે ૭ કલાકે જિનલય માં બ્હેનો ના પ્રભાતિયા અને ભક્તામર સ્તોત્ર નો સામુહિક પાઠ બપોરના ૩ કલાકે શ્રી પાશ્ર્વનાથ પંચ કલ્યાણક પુજા

(મહિલા મંડળના બ્હેનો ભણાવશે)

રાત્રીના ૮.૩૦ કલાકે પ્રભુ ભક્તિ

**દિવસ ૨જો**

જેઠ શુદ ૧૦ (૧લી)ને રવિવાર તા.૧૬-૦૬-૨૪

સવારે ૦૭ કલાકે જિનાલય માં પ્રભાતિયા અને ભક્તામર સ્તોત્ર નો સામુહિક પાઠ

સવારે ૦૮ કલાકે નવકારશી (દેરાવાસી વાડી)

સવારે ૦૯-૩૦ કલાકે પ્રભુજીની ભવ્ય રથ યાત્રા

બપોરના ૧૨ કલાકે શ્રી સંઘ સ્વામિવાત્સલ્ય

બપોરના ૦૧.૩૦ કલાકે

અઢાર અભિષેક પુજાના કપડા મા પધારવા વિનંતિ જેથી પરમાત્મા ના અભિષેક નો લાભ મળશે. ત્યારબાદ પ્રભાવના

સાંજના ૦૫.૧૫ કલાકે સાધર્મિક ભક્તિ

(સુર્યાસ્ત ની ૧૫ મીનીટ્સ પહેલા રસોડુ બંધ થઇ જશે.

રાત્રીના ૦૯ કલાકે સંધ્યા ભક્તિ

**દિવસ ૩જો**

જેઠ શુદ દસમ (બીજી) ને સોમવાર તારીખ (૧૭-૬-૨૪)

સવારે ૦૬.૪૫ કલાકે જિનાલય માં બ્હેનો ના પ્રભાતિયા અને ભક્તામર સ્તોત્ર નો સામુહિક પાઠ

સવારે ૦૮ કલાકે શ્રી સંઘની નવકારશી (દેરાવાસી વાડી )

સવારે ૦૯ કલાકે શ્રી સત્તરભેદી પૂજા

મંગલ મુહૂર્તે ધ્વજારોહણ વિધિ ત્યાર બાદ પ્રભાવના બપોરના ૧૨.૧૫ કલાકે શ્રી સંઘ સ્વામિવાત્સલ્ય (દેરાવાસી વાડી)

સાંજના ૦૫.૧૫ કલાકે સાધર્મિક ભક્તિ (ચોવિહાર)

સુર્યાસ્ત નાં ૧૫ મિનીટ્સ પહેલા રસોડુ બંધ થઇ જશે)

સાંજના ૦૭ કલાકે .

જિનાલય માં સંધ્યા ભક્તિ

મહોત્સવના બીજા દિવસે સંધ્યા ભક્તિ દરમ્યાન પરમાત્માના જિનાલય ની ધ્વજા રોહણ નો ચડાવો બોલાવે અને આદેશ આપવામાં આવશે.

સંઘના ત્થા આમંત્રિત મહેમાનોની હાજરી આવશ્યક છે. સમયસર પધારજો મહોત્સવ ના ત્રણેય દિવસ પરમાત્માને ભવ્ય અંગરચના કરવામાં આવશે. બહારગામથી પધારેલ આરાધકોને રહેવાની વ્યવસ્થા છે.

સાલગિરાહ મહોત્સવમાં આવનાર દરેક આરાધક ભાગ્યશાળીઓ ને વિનંતિ કે તમારા સ્નેહી સબંધી બ્હેન દિકરીઓ પોતાના નામ અને કોન્ટેક્ટ નંબર પેઢીમાં અથવા

પરેશભાઇ ૯૪૨૭૯૬૫૮૯૪

કેતનભાઇ ૬૩૫૪૪૪૬૨૯૩

જીતુભાઇ ૮૫૧૧૯૮૭૪૮૫

આ નંબર પર સંપર્ક કરી ને લખાવી દેવા જેથી દરેક ને મહોત્સવ ની પત્રિકા મોકલી શકાય. ધ્વજા ચઢાવવાથી ૩ ભુવનના નાથ તિર્થંકર પરમાત્મા ના જિનાલય ની ધ્વજા બદલવાનો લાભ લેનાર ભાગ્યશાળી અતિશય પૂણ્યનો સ્વામી બને છે. આખી પૃથ્વી પર જેટલા પણ તિર્થં છે એ દરેક તિર્થની યાત્રા જેટલો લાભ જિનાલય ના શિખર ની ધ્વજા બદલવાથી થાય છે.

આવા શુભ મંગલ પ્રસંગે ચઢતા ભાવ સાથે માત્ર હાજર રહેવાથી અનેક ગણુ પુણ્ય ઉપાર્જન કરી શકાય છે.

તો પધારો ! વિંછીયા જૈન સંઘ આપના આગમનની પ્રતિક્ષા કરે છે પ્રણામ

**તા. ક. :** બીજા દિવસે રાત્રે ભાવનામાં ધજા લહેરાવાની બોલી બોલવામાં આવશે તો દરેક સંઘના ભાઈઓ તથા બહેનો તથા આવેલા મહેમાનો હાજરી આપી લાભ આપશોજી.

મુંબઈ અને અન્ય શહેરોમાં વસતા વતન પ્રેમીઓને આ પ્રસંગે ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ. ઉપર જણાવેલ નંબર ઉપર જણાવશો જેથી આમંત્રણ પત્રિકા મોકલી શકાય.


**Vinubhai Shantilal Mehta**
**SHANTILAL & SONS**
**HARDWARE MERCHANTS**

90, Sarang Street, 1st Floor,
Mumbai - 400 003.
**Tel. (O) : 2342 1045, 2341 3195**
**(R) : 2882 2309, 2881 1310**
**(M) : 98213 40074**

## અલગારી આત્માને કસુંબલ સ્નેહાંજલી....

-: જન્મ :-
૨૧-૫-૧૯૫૧



-: અરિહંત શરણ :-
૦૭-૦૩-૨૦૨૪

# સ્વ. નરેન્દ્રભાઈ મંગળજીભાઈ કોઠારી

**વઢવાણ શહેર નિવાસી – હાલ સાંતાક્રુઝ**

**શબ્દો બની આપણે કિતાબમાં મળીશું**
**ખુશ્બુ બની આપણે ગુલાબમાં મળીશું**
**વાયદો કરૂ છું જ્યારે પણ યાદ કરશો**
**પાણીનું ટીપું બની તમારી આંખમાં મળીશું**

**– તમારી અરૂણા**

સ્નેહથી સીંચેલા તમારા ઉપવનમાં... અમો પંખી બની કિલ્લોલ કરતા હતા
નિર્ભય હતા તમારી છત્રછાયામાં... મસ્ત બની ઉડાઉડ કરતા હતા
નહોતી ફીકર કે નહોતી કોઈ ચિંતા... તમો અમારી ઢાલ બની બેઠા હતા

**ઈશ્વર તમારા દિવ્ય આત્માને પરમશાંતી અને સુખ આપે એજ પ્રાર્થના....**

**ધર્મપત્ની** : અરૂણાબેન નરેન્દ્રભાઈ કોઠારી

**પુત્રી – જમાઈ** : અ.સૌ. દિપાલી જીમીત શાહ, અ.સૌ. સ્વાતિ સિધ્ધાર્થ મણીયાર
અ.સૌ. અંજલી કુન્જન શાહ

**બેન–બનેવી** : સ્વ. સરોજબેન કનકભાઈ શાહ, સ્વ. સુર્યાબેન શશિકાન્ત ગાંધી
સ્વ. મંજુબેન નરેન્દ્રભાઈ કારેલીયા, અ.સૌ. પ્રેમીલાબેન રમેશભાઈ શાહ
અ.સૌ. પુષ્પાબેન રજનીકાંતભાઈ કપાસી, અ.સૌ. નિતાબેન દિનેશભાઈ દોશી

**દોહિત્ર** : નવ્ય **દોહિત્રી** : હીયા અને રેયા

**-: શોકાતુર :-**

**શ્રી મંગળજીભાઈ વર્ધમાનભાઈ કોઠારી પરિવાર**
**શ્રી લીલચંદભાઈ ભૂરાભાઈ શાહ પરિવાર**

સદ્ગતના આત્મશ્રેયાર્થે શ્રી સંઘને સાધર્મિક રૂા.૫૦૦/-, કેળવણી રૂા.૫૦૦/-, પત્રિકા રૂા.૫૦૦/-, સમૂહ લગ્ન રૂા.૫૦૦/-, તપશ્ચર્યા રૂા.૫૦૦/- કુલ મળીને રૂા.૨૫૦૦/- ભેટ આપેલ છે.

## પત્રિકા 'ઝાલાવાડ જૈન દર્શન' મેળવવાનો ઉકેલ

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ સંચાલિત ઝાલાવાડ જૈન દર્શન માસિક પત્રિકા બાબતમાં જણાવવાનું **''પત્રિકા નથી મળતી''** આ ફરિયાદ ઘણા વર્ષોથી શ્રી સંઘની ઓફીસમાં અને દામોદરવાડીમાં મળતી હોય છે.

સમાજના પરિવારોને જોડતી મજબૂત સાંકળ કહો એક તાંતણે બાંધી રાખતા સંબંધોનું માધ્યમ કહો. સમાજના સમાચારની જાણકારી તેમજ વેવિશાળની સમસ્યામાં ઘણીજ મદદરૂપ થાય છે.

ઘણા સભ્ય પરિવારો ફોન દ્વારા જણાવે છે. **''અમે પત્રિકા વાંચીએ નહીં ત્યાં સુધી મજા નથી આવતી ચેન નથી પડતું''** દર મહિને ૫૦૦૦ પત્રિકા તા. ૧૧ના રોજ જી.પી.ઓ. થી મોકલવામાં આવે છે. પોસ્ટમાં પહોંચે, ન પહોંચે, સરનામામાં ભૂલ હોય, હાલ પરિસ્થિતિમાં પરા વિભાગના ઘણી પોસ્ટ ઓફીસમાં સ્ટાફ નથી, સ્ટાફ ઓછા છે. ડીલીવરી કરવા પોસ્ટમેનો ડ્યુટી પર આવતા નથી. ઉપરોક્ત બધીજ સમસ્યાનો નિકાલ કરી સમાજના દરેક સભ્ય પરિવારોને ચોક્કસ સમયમાં પત્રિકા પહોંચવાના લક્ષ્ય સાથે શ્રી સંઘ, પ્રમુખ શ્રી, હોદ્દેદારોએ ચર્ચા-વિચારણા પછી પત્રિકા પહોંડવાનો કાયમી ઉકેલ લાવેલ છે. આ માટે કોરીયર દ્વારા મોકલવામાં આવશે. જેના ચાર્જ રૂા. ૧૦૦૦/- ચાર વર્ષ માટે શ્રીસંઘમાં આપવા રહેશે. આ પત્રિકા દરેક માસની તા. ૧૫ થી ૨૦ ની વચ્ચે પહોંચી જશે. જે પરિવારોને રેગ્યુલર અને સમયસર પત્રિકા પોસ્ટ દ્વારા નથી મળતી અને કુરીયર ચાર્જ આપશે તે સભ્ય પરિવારને કુરીયરથી પહોંચાડવામાં આવશે.

## શ્રી ખીમચંદભાઈ છગનલાલ શાહ માનવ સેવા ટ્રસ્ટ

ઉપરોક્ત ટ્રસ્ટનાં નેજા હેઠળ ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક પરિવારો માટેજ - તે પણ ભાયંદર - મીરા રોડમાં રહેતા અને શ્રી સંઘ - મુંબઈ અને શ્રી ઝાલાવાડ મંડળ - બોરીવલીમાં સભ્ય હોય તેજ પરિવારોના સભ્યોને કાયમી બીમારી દર્દી જેવા કે ડાયાલીસીસ - કેન્સર - પાર્કીનસન હૃદયની, આંતરડાની, ફેફસાની (અસ્થમા) વગેરે જેવા દર્દીઓને ૫૦% રાહત ભાવે દવા આપવામાં આવશે.

જે માટેનું ફોર્મ મેળવી પૂરી વિગતો લખી જરૂરી પ્રમાણ પત્રો બીડવાના રહેશે. ફોર્મ મંજુર થશે તો જાણ કરવામાં આવશે.

**સંપર્ક :** ૯૦૨૯૦૪૦૧૫૦ / ૮૮૨૮૬૪૦૧૫૦

**સંપર્ક સમય :** સાંજે ૪ થી ૬

## પત્રિકા મેળવવા માટેના સેન્ટર

| | | |
|---|---|---|
| મુંબઈ | કે. મહેન્દ્ર સ્ટીલ | ૯૩૨૧૧૮૬૭૧૬ |
| અંધેરી (ઈ) | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ | ૯૧૩૭૩૪૨૮૧૮ |
| મલાડ (ઈ) | શ્રી કાંતિભાઈ જે. માથુકીયા | ૨૮૮૯૧૮૯૨ |
| કાંદિવલી (ઈ) | દામોદરવાડી | ૨૮૮૭૪૬૩૩ |
| કાંદિવલી (વે) | શ્રી જયસુખલાલ શાહ એન્ડ સન્સ | ૯૮૨૧૧૩૩૧૫૦ |
| બોરીવલી (વે) | શ્રી દિનેશભાઈ બારભાયા | ૯૮૨૦૨૧૮૬૪૦ |
| અંધેરી (વે) | શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ | ૯૩૨૨૨૩૨૩૮૩ |
| ઘાટકોપર (વે) | વિઝન ઓપ્ટીક્સ | ૨૫૦૧૬૧૬૧ |
| ઘાટકોપર (વે) | વિકેશભાઈ કાંતીલાલ શાહ | ૭૩૮૭૪૮૩૭૭૪ |
| ભાયંદર (વે) | શ્રી મુકેશભાઈ ઉતમચંદ શાહ | ૯૮૬૯૦૪૦૧૫૦ |
| વસઈ (વે) | શ્રી નરેશભાઈ છબીલદાસ શાહ | ૯૧૬૭૪૪૭૬૬૭ |
| નાલાસોપારા (ઈ) | શ્રી દિલીપભાઈ ત્રંબકલાલ શાહ | ૯૮૨૦૨૭૦૬૯૩ |
| વિરાર (વે) | શ્રી ભરતભાઈ હસમુખલાલ શાહ | ૯૩૨૦૦૫૬૭૭૯ |

**જનરેશન ગેપ ?**

સાસુ-વહુ વચ્ચે,
બાપ-દિકરા વચ્ચે,
મા-દિકરી વચ્ચે તો
સમજ્યા, પણ
પતિ-પત્ની વચ્ચે ક્યાં છે
જનરેશન ગેપ ?
તો કેમ નથી બનતું ??


- પૂ.આ.શ્રતિવજયરત્નસુંદર સૂરીસ્વરજી મ.સા.


Hasmukh Sheth 98208 58125 Tel. : 2614 8864
Chetan Sheth 98201 44214 Tel.26125440

**M. K. ENTERPRISES**
*Distributors :*
Polo Kitchenware
Polo Thermoware
All Time Houseware Item
Gift Articles

1, Amrat Apartment,
Bajaj Road,
Nr. Railway Station,
Vile Parle (W),
Mumbai - 400 056.

**Bharat Vora** Tel. : 2887 5089
Resi. : 2884 11 66



**VORA ESTATE AGENT**

• OFFICE • SHOPS • FLATS
• RENTALS • INDUSTRIAL GALA
Shop No. 3, Sushila Smruti, Opp. Ruby Products, Ashok Chakravarti Road, Plot A, Kandivali (E), Mumbai - 400 101.
M.: 9322916069 / 9773360356

**એવરગ્રીન કોર્પોરેશન**
**Evergreen Corporation**
હાર્ડવેર અને ટુલ્સના વેપારી
૨૪, ફીદા મેન્સન,
ઉજે માળે, બીબીજાન સ્ટ્રીટ,
મુંબઈ - ૪૦૦ ૦૦૩.
-: ઓફિસ:-
Contact No.
**022 - 40021946 / 23443591**
E-mail : evergren@rediffmail.com
lalit46@gmail.com

## સંવેદનાના સ્પંદનો

**- ગિરીશ કે. શાહ (કાંદીવલી પૂર્વ)**

**જીર્ણોદ્ધાર**

સ્મિતા અમારે ત્યાં કામ કરતી રાધા સાથે વાતો કરતી હતી, અને હું બેઠકરૂમમાં બેઠો બેઠો તેની વાતો સાંભળતો હતો.

રાધા બોલી, બુન ૫૦૦૦૦ ઓપરેશનનો ખર્ચ કહે છે. ઈશ્વર પણ ઉપાધિ બધી ગરીબ વ્યક્તિના ઘરે જ આપે છે. હમણાં હોસ્પિટલની દોડાદોડીને કારણે હું કામ ઉપર નહિ આવી શકું. બુન જેટલો મારો પગાર નીકળતો હોય એટલો આપો. રાધાની આંખમાંથી આંસુ નીકળતા હતા.

સ્મિતા બહાર આવી બોલી રાધાના પતિ સાયકલ ઉપર રાત્રીના સમયે નોકરી કરવા જતાં હતાં કોઈએ ટક્કર મારી, હાથે અને પગે ગંભીર રીતે ઘાયલ થઈ ગયા છે. હોસ્પિટલમાં દાખલ કરેલ છે.

મેં પૂછ્યું કયા દવાખાને દાખલ કર્યા છે.

તેણે સરનામું આપ્યું.

મેં સ્મિતાને કહ્યું, અત્યારે તેને પૂરો પગાર આપી દે.

રાધાના ગયા પછી મેં સ્મિતાને કહ્યું, સ્મિતા તૈયાર થઈ જા આપણે હોસ્પિટલે જવું છે.

સ્મિતા બોલી કેમ ?

તમને ખબર છે ને આજે તમારા ગામમાં રામ મંદિરના જીર્ણોદ્ધાર માટે તમે ભેટની રકમનો ચેક આપવા બોલાવ્યા છે, એ સુનિલભાઈ આવવાના છે.

હા મને ખબર છે..

બાજુમાં પડેલ લખાયેલ ચેક રૂા.૫૦૦૦૧/- સ્મિતાની સામે મેં ફાડીને કહ્યુ, મારા કારણે મંદિરનું કોઈ કામ અટકવાનું નથી, પણ રાધાનું કામ જરૂર અટકી જશે. મારે તકતી ઉપર મારુ નામ મંદિર માં લખવી મારી મોટાઈ નથી બતાવવી..

અમે કારમાં હોસ્પિટલ પહોંચ્યાં. ત્યારે રાધા ડોકટરની ચેમ્બર ની અંદર પોતાના થોડાઘણા ઘરેણાં ટેબલ ઉપર મૂકી ભીની આંખે હાથ જોડીને કહેતી હતી, તમે ઓપરેશન ચાલુ કરો, બાકીની વ્યવસ્થા હું બેચાર દિવસમાં કરી દઈશ

મને અને સ્મિતાને ડોક્ટરની ચેમ્બર માં અચાનક જોઈ રાધા બોલી બુન તમે અહીં ? તેનામાં થોડી હિંમત આવી.

મેં કહ્યું, સાહેબ ટોટલ કેટલો ઓપરેશનનો ખર્ચ થાય છે.

ડોકટર બોલ્યા અંદાજીત ૫૦,૦૦૦ જેવો ખર્ચ થશે.

મેં કહ્યુ, સ્મિતા રાધાના ઘરેણાં તેને પરત કરી દે. આ ઓપરેશનનો ખર્ચ આપણે ઉઠાવીએ છીયે.

તું રાધા ને લઈ બહાર બેસ, હું ડોકટર સાહેબ સાથે થોડી ચર્ચા કરી લઉં.

એ લોકો બહાર ગયા પછી ડોકટર બોલ્યા, માફ કરજો તમારી ઓળખ.

મેં સ્માઈલ આપી કીધું બસ સમજી લ્યો

એક 'સચ્ચા હિન્દુસ્તાની'.

રાધા અમારા ઘરે ઘરકામ કરે છે એ મુસીબત માં છે. તેનો પતિ સિકયુરિટી ગાર્ડ છે. બે બાળકો છે. અત્યારે ઘરમાં બન્નેની આવક આવતી બંધ થશે. અને આ આકસ્મિક ખર્ચને તે સહન નહિ કરી શકે એટલી મને ખબર છે.

ડોકટર હસીને બોલ્યા, તમે એકલા પુણ્ય કમાવ એ કેમ ચાલે ? હું પણ ગરીબ પરિવારનો એક વખત સંતાન હતો. આ દવાખાનાના ઉદ્દ્ઘાટન સમયે મારા પપ્પા એ મને કહ્યું હતું, દાન ધર્મદા કરવા કરતાં કોઈ ગરીબ અને જરૂરિયાત વાળા દર્દી આવે તો સીધી થાય એટલી મદદ કરજે.

તારા ગત જન્મના સારા કર્મથી તું આ જગ્યાએ અત્યારે બેઠો છે એ ભૂલતો નહિ. પપ્પાએ મને સંચિત કર્મ વિશે સમજાવ્યો હતો. આયુષ્ય અનિશ્ચિત છે. સારા કે ખરાબ કર્મનો હિસાબ દરેક વ્યક્તિ આ જીવન અથવા આગળના જન્મ માં ભોગવતા હોય છે. સમય સારો પસાર થતો હોય તો સમજી લેવું તમારા સારા સંચિત કર્મ વપરાઇ રહ્યા છે. એટલે જ સારા નવા કર્મ ભેગા કરવા માટે જાગૃત થઈ જવું પડે.

ડોકટર બોલ્યા વડીલ હું મારો ચાર્જ અડધો કરી નાખું છું.

મેં ડોકટર સાહેબ ને હાથ જોડી કહ્યુ આભાર.

ડોકટર કહે હાથ ત્યારે જોડવાનો હોય જ્યારે વ્યક્તિગત તમારું હીત અંદર સમાયેલ હોય તમે તો 'જન કલ્યાણ' નું કાર્ય કરવા એક ઉમદા પગલું આગળ ભર્યું છે.

તમારી શુદ્ધ ભાવના જોઈ મારો અંદરનો રામ જાગ્રત થયો. ખરેખર મારે તમને હાથ જોડવા જોઈએ કહી ડોકટર હાથ જોડી ઉભા થઇ ગયા.

મારી આંખ ભીની થઇ.

બહાર આવી મેં રાધાને કહ્યું, હવે તારે એક રૂપિયો પણ ચૂકવવાનો નથી.બે મહિના તારા વરને ઉભા થતા થશે ત્યાં સુધી તારા વરનો પગાર અને તારો પગાર સ્મિતા પાસેથી દર મહિને આવી લઈ લેજે.

રાધા રડતા રડતા મને અને સ્મિતાને પગે લાગી, બોલી અત્યાર સુધી એવું હતું **ઈશ્વર મંદિરમાં બેઠો છે પણ હા ઈશ્વર તો લોકોના દિલમાં પણ બેઠો છે.**

અમે કારમાં બેઠા ત્યારે સ્મિતા એ કીધું કેનેડા થી સ્વીટુ (દિકરી)નો ફોન હતો. મેં વિગતે વાત કરી તો કહે ઈશ્વરે મને ઘણું અકલ્પનિય આપ્યું છે. પપ્પાને કહેજો હોસ્પિટલનો જેટલો ખર્ચ રાધાબેન ને થાય એ મારી પાસેથી લેવાનો છે. તેમણે મંદિર માટે જે ફંડ રાખ્યું છે તેનો ત્યાં જ ઉપયોગ કરે.

મારી આંખ ભીની થઇ. મેં કહ્યું, સ્મિતા યાદ રાખજે જ્યારે સ્તકાર્ય કરવાનો વિચાર આવે ત્યારે સમજી લેવું અંદરનો રામ જાગૃત થયો છે. અને કોઈને નુકશાન કરવાની ભાવના જાગૃત થાય તો સમજી લેવું અંદર બેઠેલ શેતાન જાગૃત થયો છે.

ઈશ્વર સીધો કોઈને મદદ કરવા આવતો જ નથી એ ફક્ત તમને માધ્યમ બનાવે છે. નસીબદાર સમજવું જોઈએ આપણી જાતને કે ઈશ્વર સતકાર્ય માટે આપણી પસંદગી કરે છે.

મેં રાધાની ભીની આંખોમાં રામ જોયા. તો ડોક્ટરે મારા દિલમાં બેઠેલા જોયા અને સ્વીટુએ તારી વાતો માં રામ બેઠેલ જોયા. કામ કેટલું સરળતાથી પૂરું થયુ..

રૂપિયા ૨૫૦૦૦ ડોક્ટરે ઓછા કર્યા આપણી પાસે બચેલએ રકમમાંથી રાધા અને તેના વરનો બે મહિના નો પગાર કરી નાંખજે. અને રહી વાત મંદિરના જીર્ણોધરની તો તેના ચેકની વ્યવસ્થા પણ થઈ ગઈ. એ હવે સ્વીટુના નામે.

સ્મિતા મારી સામે જોઈ બોલી, તમારો નિર્ણય ખરેખર ખુબજ આવકારદાયક હતો.

મેં કારમાં ટેપ થોડું જોરથી કર્યું કારણ મને ગમતું ભજન જોગાનું જોગ અત્યારે વાગી રહ્યું હતું.

સ્મિતા ..આપણે કેટલા રૂપિયા ખર્ચી નાખીએ છીએ મંદિર, મસ્જિદ, આશ્રમ હોટેલ ,રેસ્ટોરન્ટ પાછળ જે આનંદ ત્યાં ન મળ્યો એ આજે હોસ્પિટલમાં મળી ગયો .

મને હતું ઈશ્વર મોંઘો છે. આટલો સરળતાથી ઈશ્વર મળી જશે એ તો ખબર જ ન હતી.

મિત્રો,

દરેક વ્યક્તિને મદદ કરવાની ઈચ્છા આપણી હોય છે પણ એટલું આપણું સામર્થ્ય હોતું નથી એટલેજ

તમારા સંપર્ક માં હોય તેવી નજીકની વ્યક્તિઓ જેવી કે ઘરકામ કરનાર, ફ્લેટ ઓફીસ કે ઘરનો ચોકીદાર,સફાઈ કરનાર, ડ્રાઈવર વગેરે લોકોને યોગ્ય સમયે તમારાથી થાય એટલી મદદ કરો એ પણ મંદિરના જીર્ણધાર બરાબર જ છે.

ધર્મસ્થાનો ,આશ્રમો રૂપિયાથી છલકાઈ ગયા છે ત્યાં તમારી કોઈ નોંધ પણ લેતું નથી.. મદદ સીધી કરો અને આનંદનો અનુભવ કરો.

સારા અને ખરાબ કર્મ વચ્ચે તફાવત એટલો જ કે સારૂ કાર્ય કર્યા પછી મન પ્રફુલ્લિત થાય અને ખરાબ કાર્ય કર્યા પછી મન ભયભીત થાય.મન પ્રફુલ્લિત થાય અને ખરાબ કાર્ય કર્યા પછી મન ભયભીત થાય.


*Bhavin Shah* *Jaymin Shah* *Rohan Shah*

**GAUTAM STEEL INDUSTRIES**

*Mfg. and Stockist in :-*

S.S., M.S., Brass, High Tensils Bolt, Nut, Washer, Spring Washer, C.S.K, Allen Cap, Grub, Stud, Rivet, Coach Screw, Cotter Pin, Wing Nut, Nylone Nut, Lock Nut etc.

131, Narayan Dhuru Street, G.Floor, Pydhonie, Mumbai - 400 003.
Phones : (O) 2341 5814 / 2342 4025 / 2343 4014 (R) 2885 0621 / 28017611

♦ ♦ ♦

Gala No. 4/7, Janki Indl. Estate, Plot No.10/B, Near K.T.Indl. Park
Gorai Pada, Vasai (E), Thane - 401 208
Email : gautamsteelind2@gmail.com


## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ

## અગત્યની સૂચના

નવા સભ્ય થવા માટે તેમજ નવિનીકરણ થતા આજીવન સભ્ય પરિવારોને સભ્યપદ માટે વર્તમાન સભ્ય શ્રી જેઓ અરિહંત શરણ થતા તેમના વારસદારો (પુત્ર / પત્ની) એ નીચે મુજબની વિગતો સાથે પ્રમાણ પત્રો આપવાના રહેશે.

| | |
|---|---|
| **આજીવન સભ્ય ફી** | **રૂા.૯૦૦/-** |
| **દાખલ ફી** | **રૂા.૧૦૦/-** |
| **કુલ** | **રૂા.૧૦૦૦/-** |
| **પેટર્ન સભ્ય ફી** | **રૂા.૩૦૦૦/-** |

૧. શ્રી સંઘની અંધેરી ઓફિસેથી અથવા દામોદરવાડીએથી નવા આજીવન સભ્યપદ માટેનું ફોર્મ મેળવી વ્યવસ્થિત પૂરી વિગતો લખીને ભરીને તેમના વિસ્તારના

મંડળ પ્રમુખ / મંત્રી / ટ્રસ્ટી અથવા હોદ્દેદારો ની સહિ કરાવવાની રહેશે.

૨. અરિહંત શરણ થયેલ સભ્ય શ્રીનું (ડેથ સર્ટિફીકેટ) મરણનું પ્રમાણપત્ર.

૩. કૌટુંબીક રેશન કાર્ડની પ્રથમ પાના / છેલ્લા પાનાની ઝેરોક્ષ.

૪. શ્રી સંઘના ઓળખપત્રની ઝેરોક્ષ ફોર્મ સાથે બીડવું.

-: સંપર્ક :-

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, ૧૦૩ અશોક હાઈટ્સ, સરસ્વતી ટાવર સામે, ભુતા હાઈસ્કુલ લેન, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯. મો.: ૯૧૩૭૩૪૨૮૧૮

દામોદરવાડી, દુકાન નં.૯, ચક્રવર્તી અશોક રોડ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૧૦૧. ફોન : ૦૨૨-૨૮૮૭૪૬૩૩

Phone: Unit No.-2 : 022 401 43447 - 448 - 449

## શ્રી બોરીવલી ગુજરાતી સેવા મંડળ

સંચાલિત

## જયોતિ દલાલ મેડીકલ સેન્ટર

આયોજીત

## નિ:શુલ્ક (FREE) મલ્ટીસ્પેશીયાલીટી (Multispeciality Camp)

### શિબિર કેમ્પ

**દિવસઃ રવિવાર તા. ૧૪-૦૪-૨૦૨૪**

**સવારે ૯ થી બપોરે ૧.૩૦**

સ્થળ : B/G3-4 ભક્તિ, સંભવનાથ જૈન દેરાસર સામે, ઓફ એસ.વી.રોડ જાંબલી ગલી, બોરીવલી (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૯૨.

- પેટના રોગ (Gaestroenterolgy)
- સ્ત્રી રોગ (Gynaec)
- છાતીના રોગ (Chest Diseases)
- ઇ.એન.ટી (E.N.T)
- કેન્સર (Cancer)
- કેમોથેરાપી (Chemotherapy)
- ડાયાલીસીસ (Dialysys)
- કીડની ના રોગ (Kidney Diseases)
- ચામડીનાં રોગ (Skin Diseases)
- વાળના (Hair) પ્રોબ્લેમ
- બાળ રોગ-(Paediatric)
  બાળકની તપાસણી(Child Development Assessment)
- ડાયાબીટીસ-થાઇરોડ (Diabetes-Thyroid)

☆ ડાયાબીટીસ નાં દર્દીઓની રક્ત તપાસણી તા.૧૦-૦૪-૨૦૨૪ થી ૧૩-૦૪-૨૦૨૪ દરમ્યાન માર્બલ આર્ક, યુનીટ નં.-૧ ખાતે કરવામાં આવશે.

☆ મંડળમાં ડાયાલીસીસ મંડળનાં નિયમો મુજબ રાહતનાં દરે મંડળે નક્કી કરેલાં કેન્દ્રોમાં કરાવી આપવામાં આવશે.

☆ મંડળમાં કેમોથેરાપી ફક્ત રૂા.૧૫૦૦/-માં કરી આપવામાં આવશે.

**મલ્ટીસ્પેશીયાલીટી શિબિર સૌજન્ય**

**શ્રીમતી ગોમતીબેન સીતારામ પટેલ પરિવાર**

**વિલે પાર્લા**

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

## ગાય અને ભેંસનું શુદ્ધ ઘી



સ્વાદ લિજ્જતદાર - સુગંધ ખુશબુદાર

એક વાર ખાશો તો માંગશો વારંવાર

વિરમગામના પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું

શુદ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે

એક કિલો, પાંચ કિલો અને પંદર કિલોમાં ઉપલબ્ધ





**હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ**

**કૃણાલઃ ૭૨૨૧૦૭૨૧૦૭**

જય બહુરાજ
શ્રી કમળમાતાય નમઃ

મો.:૯૮૨૦૨ ૮૪૧૧૫
૯૯૮૭૫ ૮૪૧૧૫

## શાસ્ત્રી રવીભાઈ જી. જોષી



ઝાલાવાડના ગોર

વાસ્તુ-નવચંડી-ગ્રહશાંતિ-હવન-કાલસર્પ પૂજા તથા નારાયણબલી સત્યનારાયણ પૂજા, રાંદલ પૂજા, જૈન લગ્નવિધી પ્રમાણે તથા જન્મકુંડલી, ધાર્મિક વિધીઓ વગેરે

એ/૩૦૨, બી/૪૦૨, સુશીલ કો.ઓ.હા.સો.લિ., શિતલ નગર, ચિલ્ડ્રન્સ એકેડમી સ્કુલની સામે, અશોક ચકવર્તી ક્રોસ રોડ, દામોદરવાડી પાસે, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.

## શ્રી ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ

ઝાલાવાડી સમાજ પરિવારના સંતાનોને હાયર એજ્યુકેશન - માસ્ટર્સ ડીગ્રી કોર્સ જેમ કે M.S., M.B.A., M.Com., M.Sc., C.A., ભારત માં કે USA / UK માં કરવાની ઈચ્છા હોય તો આપણાં ટ્રસ્ટ દ્વારા નાણાકીય લોન દ્વારા સહાય કરવામાં આવે છે.

**Website : www.zalawadglobaleducation.org**

અથવા

**કિરણભાઈ શાહ - ૯૮૨૧૦૫૨૭૦૫**

(સાંજના ૫ થી ૭ દરમ્યાન જ) સંપર્ક કરશો.

# BIODATA



Name : **KUNJAN AMIYA SHAH**

Birth details : $20^{th}$ May 1996, 23:45 PM.
Surendranagar.

Height : 5ft 3inch.

Education : B.Tech (E.C.) from Indian Inst. Of
Space Science And Technology.
Trivandrum, Batch 2018.

M.Tech (E.C.) from I.I.T. Dhanbad, Batch 2023.

Working at : Reliance New Energy Ltd., Jamnagar from 2023.

Interest : Sports, Reading.

Religion : Zalawadi - Dashashrimali - Swetambar Murtipujak (Deravashi) Jain.

Gotra : Kashyap.

Native : Surendranagar, District Surendranagar, Gujarat.

Current Residence : Jamnagar, Gujarat.

***FAMILY:***

Gr. Father : Late Dr. Rasiklal Saubhagyachand Shah (MD, FICA(USA), FCCP(USA)).

Gr. Mother : Late Jyotsnaben Rasiklal Shah. (Home maker)

Father : Amiya Rasiklal Shah (Electronic Engineer), Business.

Mother : Binita Amiya Shah (B.Sc) (Home maker)

Elder brother: Shrenik Amiya Shah (B.Tech & M.B.A).
Senior consultant at Deloitte (India) Ltd. Banglore.

Younger brother : Shrey Amiya Shah (B.Tech(E.E.E.))
Works at C.N.H. Industrial Technology Services (India) Pvt. Ltd., Gurgoan.

Permanent Residence : Opposite Chhabila Hanuman, Behind New Sarvodaya Society,
Surendranagar 363001, Gujarat.

Contact : Father: +919825739540
Residence Landline: (02752)232916.

# શુભ વેવિશાળ.....

**શ્રી સંઘના આશીર્વાદ**

| | | | વર પક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|---|
| ચિ. દીપકુમાર | ચિ. શ્રુતિ | કેળવણી | ૫૦૦ | ૫૦૦ |
| શ્રી પ્રકાશભાઈ અમૃતલાલ મિસ્ત્રી, આજોલ | | પત્રિકા | ૫૦૦ | ૫૦૦ |
| હાલ કાંદીવલીના સુપુત્ર | | સાધર્મિક | ૫૦૦ | ૫૦૦ |
| શ્રી વિપુલભાઈ ચંપકલાલ વોરા, સુરેન્દ્રનગર | | સમૂહલગ્ન | ૫૦૦ | ૫૦૦ |
| હાલ કાંદીવલીની સુપુત્રી | | તબીબી | ૫૦૦ | ૫૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ચિ. રોહન | ચિ. નુપૂર | સાધર્મિક | ૫૦૦ | - |
| શ્રી સંજય રમણીકલાલ શાહ, લીંબડી | | જીવદયા | ૫૦૦ | - |
| હાલ વિલેપાર્લાના સુપુત્ર | | | | |
| શ્રી રાજુ સુરેશચંદ્ર મોદી, રાધનપુર | | | | |
| હાલ અંધેરીની સુપુત્રી | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ચિ. મનન | ચિ. યસવીરા | | | |
| શ્રી આશીષ મનહરલાલ શાહ, ખંધાર | | સાધર્મિક | ૧૧૦૦ | ૧૧૦૦ |
| હાલ અંધેરીના સુપુત્ર | | | | |
| શ્રી હરનીશ કાંતીલાલ શાહ, ધોલેરા | | | | |
| હાલ વિલેપાર્લાની સુપુત્રી | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ચિ. તીર્થેશ | ચિ. ફોરમ | સાધર્મિક | ૧૫૧ | ૧૫૧ |
| શ્રી રાજીવભાઈ વિરેન્દ્રભાઈ શાહ, | | જીવદયા | ૧૫૧ | ૧૫૧ |
| જોરાવરનગર હાલ વિલેપાર્લાના સુપુત્ર | | | | |
| શ્રી શૈલેષભાઈ વ્રજલાલ શાહ, અમરેલી | | | | |
| હાલ અંધેરીની સુપુત્રી | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ચિ. દર્શન | ચિ. કેતકી | કેળવણી | ૨૨૫ | ૨૨૫ |
| શ્રી હેમંત રમણલાલ શાહ, સુરેન્દ્રનગર | | સાધર્મિક | ૨૨૫ | ૨૨૫ |
| હાલ ગોરેગાવના સુપુત્ર | | | | |
| શ્રી વીઠોબા ખાંડુ મુલે. નારાયણગાંવ | | | | |
| હાલ વિક્રોલીની સુપુત્રી | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ચિ. પુરવ | ચિ. ઈશા | કેળવણી | ૧૫૧ | ૧૫૧ |
| શ્રી હિતેશ ચીમનલાલ શાહ, લીંબડી | | તપશ્ચર્યા | ૧૫૧ | ૧૫૧ |
| હાલ ઘાટકોપરના સુપુત્ર | | જીવદયા | ૧૫૧ | ૧૫૧ |
| શ્રી અમીતભાઈ નવનીતલાલ મહેતા | | | | |
| શિહોર હાલ ખારઘરની સુપુત્રી | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ચિ. કેયુર | ચિ. નેહા | કેળવણી | ૨૫૧ | ૨૫૧ |
| શ્રી પંકજભાઈ રતીલાલ શાહ, સુદામડા | | પત્રિકા | ૨૫૧ | ૨૫૧ |
| હાલ કાંદિવલીના સુપુત્ર | | સાધર્મિક | ૨૫૧ | ૨૫૧ |
| શ્રી મુકેશભાઈ મોહનલાલ શાહ, ખંભાત | | | | |
| હાલ બોરીવલીની સુપુત્રી | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ચિ. મીત | ચિ. રીયા | કેળવણી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| શ્રી દીપેશ મનહરલાલ દેસાઈ, સુરેન્દ્રનગર | | પત્રિકા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| હાલ થાણાના સુપુત્ર | | સાધર્મિક | ૨૦૦૦ | ૨૦૦૦ |
| શ્રી દીપકભાઈ મધુકાંતભાઈ શાહ, વઢવાણ | | | | |
| હાલ થાણાની સુપુત્રી | | | | |

## જન્મદિન ની શુભેચ્છા

| | | |
|---|---|---|
| પ્રમુખશ્રી દિલીપભાઇ ખીમચંદ શાહ | ૦૩ મે | ૯૮૨૦૧૭૮૮૯૬ |
| ટ્રસ્ટીશ્રી સંજયભાઇ ભાઇલાલ શાહ | ૦૮ મે | ૯૮૨૧૦૫૦૧૬૯ |
| શ્રી પ્રદિપભાઇ મોહનલાલ શાહ | ૧૧ મે | ૯૮૨૧૦૭૦૮૧૭ |
| શ્રી રાજેશભાઇ વસંતલાલ શાહ | ૧૩ મે | ૯૮૨૧૩૫૨૪૩૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ચિ. નીરવ | ચિ. નિધિ | કેળવણી | ૨૫૦ | ૨૫૦ |
| શ્રી ભરતકુમાર દલીચંદ શાહ, સુદામડા | | પત્રિકા | ૨૫૦ | ૨૫૦ |
| હાલ કાંદીવલીના સુપુત્ર | | સાધર્મિક | ૨૫૦ | ૨૫૦ |
| શ્રી મિલન જયંતીલાલ વખારીયા, રાધનપુર | | સમૂહલગ્ન | ૨૫૦ | ૨૫૦ |
| હાલ ભાયંદરની સુપુત્રી | | તબીબી | ૨૫૦ | ૨૫૦ |
| | | તપશ્ચર્યા | ૨૫૦ | ૨૫૦ |
| | | યાત્રિકભવન | ૨૫૦ | ૨૫૦ |
| | | ભોજનશાળા | ૨૫૦ | ૨૫૦ |
| | | જીવદયા | ૨૫૦ | ૨૫૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ચિ. વિશાલકુમાર | ચિ. શ્રેયા | કેળવણી | ૨૫૦ | ૨૫૦ |
| શ્રી દિપકભાઈ મહાસુખલાલ શાહ, લીંબડી | | પત્રિકા | ૨૫૦ | ૨૫૦ |
| હાલ બોરીવલીના સુપુત્ર | | સાધર્મિક | ૨૫૦ | ૨૫૦ |
| શ્રી કલ્પેશકુમાર રમેશચંદ્ર શાહ, વઢવાણ | | તબીબી | ૨૫૦ | ૨૫૦ |
| હાલ કાંદીવલીની સુપુત્રી | | જીવદયા | ૨૫૦ | ૨૫૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ચિ. ધ્રુવીલ | ચિ. દ્રષ્ટિ | કેળવણી | ૧૫૧ | ૧૫૧ |
| શ્રી જીતેશભાઈ સૌભાગ્યચંદ્ર કોઠારી, ગુંદીયાળા | | સાધર્મિક | ૧૫૧ | ૧૫૧ |
| હાલ બોરીવલીના સુપુત્ર | | સમૂહલગ્ન | ૧૫૧ | ૧૫૧ |
| શ્રી ચેતનભાઈ અનંતરાય ધામી, મહુવા | | જીવદયા | ૧૫૧ | ૧૫૧ |
| હાલ કાંદીવલીની સુપુત્રી | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ચિ. સાહીલ | ચિ. ઉશરા | સાધર્મિક | ૧૦૦૦ | - |
| શ્રી હરેશભાઈ કે. વોરા, વઢવાણ | | કેળવણી | ૧૦૦૦ | - |
| હાલ અંધેરીના સુપુત્ર | | સ.લગ્ન | ૧૦૦૦ | - |
| શ્રી મિનેશભાઈ આર. શાહ, લીંબડી | | તપશ્ચર્યા | ૧૦૦૦ | - |
| હાલ અંધેરીની સુપુત્રી | | યાત્રિક ભવન | ૧૦૦૦ | - |
| | | ભોજનશાળા | ૧૦૦૦ | - |


## વ્હાલાની વસમી વિદાય વેળાએ............
## ભાવભરી શ્રધ્ધાંજલી માર્ચ ૨૦૨૪

| નામ | મૂળ વતન | વિસ્તાર |
|---|---|---|
| નરેન્દ્રભાઈ મંગળજી વર્ધમાન કોઠારી | વઢવાણ | સાંતાક્રુઝ |
| સમીરભાઈ ધીરજલાલ કોઠારી | ચુડા | કાંદીવલી |
| હસુમતીબેન પ્રવિણચંદ્ર બગડીયા | બોટાદ | - |
| હીનાબેન શૈલેષભાઈ મહેતા | સાયલા | અંધેરી |
| નૈનેશ બિપીનભાઈ મહેતા | સાયલા | સાંતાક્રુઝ |

## લગ્નદિન ની શુભેચ્છા

| | | |
|---|---|---|
| શ્રી મનીષભાઇ કિરીટભાઇ શાહ | ૨૮ એપ્રિલ | ૯૮૨૦૦૫૩૭૫૫ |
| પ્રમુખશ્રી દિલીપભાઇ ખીમચંદ શાહ | ૨૯ એપ્રિલ | ૯૮૨૦૧૭૮૮૯૬ |
| શ્રી મનીષભાઇ સુર્યકાંતભાઇ શાહ | ૦૬ મે | ૮૭૭૯૭૮૫૬૮૮ |
| શ્રી રાજેશભાઇ વસંતલાલ શાહ | ૦૮ મે | ૯૮૨૧૩૫૨૪૩૨ |
| ટ્રસ્ટીશ્રી કુમારભાઇ નગીનદાસ શાહ | ૧૦ મે | ૯૮૧૯૮૭૨૦૧૦ |
| શ્રી મયુરભાઇ રમેશચંદ્ર શાહ | ૧૧ મે | ૯૩૨૩૭૨૩૪૩૦ |
| શ્રી વિપુલભાઇ પ્રાણલાલ બગડીયા | ૧૩ મે | ૯૮૨૦૦૬૧૬૨૮ |
| શ્રી બીપીનભાઇ રતીલાલ વોરા | ૧૬ મે | ૯૮૧૯૦૬૩૭૧૫ |
| શ્રી હિતેશભાઇ હિંમતલાલ શાહ | ૧૬ મે | ૯૩૨૪૧૪૬૧૬૬ |
| શ્રી રાકેશભાઇ જયંતભાઇ શાહ | ૧૮ મે | ૯૮૯૨૧૯૨૩૦૦ |

### દ્વિતીય પુણ્યતિથિએ સ્મરણાંજલી



જન્મ : ૨૫-૮-૧૯૫૨

અરિહંત શરણ ૦૬-૦૪-૨૦૨૧

# દિવંગત શ્રી પ્રફુલભાઈ નગીનદાસ શાહ

**વતન : લીંબડી - હાલ : ગોરેગાંવ**

**"શું યાદ કરીએ ? તમારી નિખાલસતા, તમારી વિનયભર્યા વ્યવહાર, તમારી વ્યવહાર દક્ષતા કે પછી સદાય વદન પર ફરકતું સ્મીત'**

જીવનના દરેક ડગલે, કુટુંબના દરેક પગલે અને પરિવારમાં સદાય પથદર્શક રહ્યા છો. આપનું સરળ જીવન, ઉચ્ચ વિચાર અને પ્રમાણિક વ્યવહારને અમો સદાય આત્મસાત કરીએ છીએ. પરિવાર જેમના માટે મંદિર સમાન હતું. પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું અને પ્રેરણારૂપ સમા વડીલ જેમના દરેક વિચારમાં દાન–ધર્મ અને કર્મની નીતી વસેલી હતી.

આપે લીધી વિદાય તમારી બોલતી તસ્વીર જોઈને નથી  થતો સ્વીકાર કે આપ નથી હયાત સ્થૂળદ્રષ્ટીએ ભલે તમે નથી અમ સાથ. પણ હૈયું અને મન કહે છે, તમે અહીં જ છો અમ આસપાસ....

આપે કરેલ એવા કર્મો કે જે સદાય તમોને યાદ કરતા રહીએ તમો સદાય અમ નજર સમક્ષ રહેશો. પરમાત્મા તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના.

**માતા-પિતા :** સ્વ. પ્રભાવતીબેન નગીનદાસ ગોકળદાસ શાહ

**પત્ની :** ભારતીબેન શાહ

**ભાઈ-બહેન :** કુમારભાઈ, ભારતીબેન ડીપેન્દ્રભાઈ શાહ જયશ્રીબેન નલીનભાઈ શાહ, નીરૂપમાબેન ગીરીશભાઈ ગાંધી

**ભાઈજી :** સ્વ.પોપટલાલ ગોકળદાસ લહેરચંદ શાહ

**નાના :** વીરચંદ મેષજી દોશી પરિવાર

**વેવાઈ :** દીપકભાઈ એચ. મહેતા

**સાળાવેળી :** ગીતાબેન જયેન્દ્રભાઈ ગાંધી

**પુત્ર-પુત્રવધુ :** રિતેશ - મોનાલી

**ભાભી :** વર્ષાબેન કુમારભાઈ શાહ

**પૌત્ર-પૌત્રી :** હેમ તથા વેલીકા

**સાસુ-સસરા :** સુશીલાબેન ભાઈલાલ વાડીલાલ ગાંધી

**ભત્રીજા-ભત્રીજા વહુ :** વિશાલ-શ્વેતા તથા રાજ, વિઆના, અવિશ

**સાળી :** રક્ષાબેન હર્ષદભાઈ પટેલ

**કુટુંબ સ્તંભ :** લાલચંદ ગોવિંદજી શાહ પરિવાર

REGISTERED WITH THE REGISTRAR OF NEWS PAPER FOR INDIA UNDER R.N.I. NO. MAHBIL/2021/80571 LICENSE TO POST WITHOUT PRE-PAYMENT UNDER WPP LICENSE NO. MR/TECH/WPP-220/SOUTH/2024-26 POSTAL REGISTRATION NO. MCS/132/2024-2026 PUBLISHED ON 10TH OF EVERY MONTH AND POSTED AT MUMBAI PATRIKA CHANNEL SORTING OFFICE ON 10TH & 11TH OF EVERY MONTH

# મહામંગલકારી ઉપધાન તપની આરાધનાની અનુમોદનાર્થે



**બાળ તપસ્વીઓ ધ્યાના તથા ધ્યાની વિરલભાઈ શાહ ઉ.વર્ષ ૧૦**
**તપસ્વી માતુશ્રી રૌનકબેન વિરલભાઈ શાહ**

કુટુંબમાં મળેલા સુસંસ્કારોને લઈને તેમજ મમ્મી અમારે પણ તમારી સાથે ઉપધાન તપ કરવા છે. આવુ નાની વયમાં મોટી સમજણને પ્રાપ્ત કરવા સાથે ખૂબ કષ્ટોને સહન કરી હસતા મુખે સહેતા સહેતા મહામંગલકારી નવારમંત્રનો અધિકાર મેળવવા તમે ત્રણે જણા તત્પર બન્યા તે જોઈને અમ સૌનો હર્ષ હિલોડે ચડ્યો છે જે આરાધના અમે બચપન પછી પણ નથી કરી શક્યા તે અમે બચપનમાં કરી મોક્ષમાળ પરિધાન કરી છે.

**ક્યા શબ્દથી તમારા સત્કાર્યને સન્માનીએ**
**ક્યા વર્ણોથી તમારી વિશિષ્ટાને વખાણીએ**
**કઈ ઉપમાંથી તમારી ઉત્તમતપને બિરદાવીએ**

આ ઉપધાન પણ ક્યા ક્ષેત્રમાં ?

પ્રાયઃ શાશ્વત એવા ગિરીરાજની છત્રછાયામાં અને પ.પૂ.પં.જગતશેખર સૂરીશ્વરજી જેવા ગુરૂભગવંતની નિશ્રામાં સાધ્વીજી જીવનના રસાસ્વાદ સ્વરૂપ ૪૭ દિવસીય જે મહામૂલી આરાધના કરી છે તે ખરેખર સ્નેહથી સંસ્મરણીય, પ્રેમથી પ્રશંસનીય અને અંતરથી અનુમોદનીય છે. તમારી આરાધનાના નિમિત્ત દ્વારા અમને જે સુકૃત કરવાનો લાભ મળ્યો છે. પાઠશાળાના શિક્ષક-શિક્ષિકાના બહુમાન વિ. તે માટે દેવગુરૂનો આભાર માનીએ તેટલો ઓછો છે આવી ઉત્તરોત્તર સુંદર મજાની તપશ્ચર્યા અને આરાધના કરતા રહો એજ મંગલ કામના.

**તમે કર્યુ આવુ ઉપધાન તપ, જેથી અમે બન્યા શાસનની શાન**
**અમે ગાઈએ આપણા ગુણગાન આપે કરી મોક્ષમાળ પરિધાન**

**વઢવાણ શહેર નિવાસી હાલ બોરીવલી**
**પૂ. માતુશ્રી વિમળાબેન બુધાલાલ પરસોત્તમદાસ શાહ પરિવાર**

ઉપધાન તપ નિમિત્તે પરિવાર તરફથી શ્રી ઝાલાવાડ જૈન સંઘને તપશ્ચર્યા-રૂા.૫૦૦/-, સાધર્મિક-રૂા.૫૦૦/-, કેળવણી-રૂા.૫૦૦/-, જીવદયા-રૂા.૫૦૦/-, પત્રિકા-રૂા.૫૦૦/- ભેટ મળેલ છે.

Printed & Published by : Ketan Arvind Shah on Behalf of Shree Zalawad Jain Swetamber Murtipujak Sangh, Printed at : LUCKY PRINTERS, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shree Zalawad Jain S M P Sangh, 175, Vallabhdas Kanji Bldg., 2nd Floor, Princess Street, Kalbadevi, Mumbai - 400 002. Editor : Mukesh Uttamchand Shah